પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨ ॥

'ॐ णमो अरिहंताणं।'

णमोअरिहंताणं। ॐ णमोअरिहंताणं।

मोअरिहंताणं। ण मोअरिहंताणं।

अरिहंताणं। मो अरिहंताणं।

अरिहंताणं। अ रिहंताणं।

रिहंताणं। रि हंताणं।

हंताणं। हं ताणं।

ताणं। ता णं।

णं। णं। णं।

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

## શ્રી અરિહંત પાર્શ્વમંત્ર

ॐ णमो अरिहंताणं।

पा

ॐ ॐ णमो अरिहं-ॐ

ण ता र्श्व णं ण

मो श्व ना र मो

अ ॐ णमो था अरिहं- अ

रि ता णं रि

हं सं य खे हं

ता ॐ न ॐ ता

णं। मः णं।

श्रीं ह्रीं ॐ ॐ ॐ ॐ ऽर्हं

ण

मो

'ॐ ह्रीं श्रीं ऽर्हं अ संखेश्वरपार्श्व

रि

नाथाय नमः।' हं ॐ ह्रीं श्रीं ऽर्हं

संखेश्वरपार्श्व- ता संखेश्वरपार्श्व-

नाथाय नमः। णं नाथाय नमः।

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨ ॥



## પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પુનર્મુદ્રણ : આવૃત્તિ - ૨ : નવેમ્બર - ૨૦૨૦

## HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.


## VOLUME - 2 (Reprint - 1)

November 2020
200 Copies / 224 Pages
For Private Circulation only.

## PUBLISHER


© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust


Mumbai / Rajkot

team@mindfiesta.com

## SPONSOR

Shri C. K. Mehta
Mumbai

## ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

## SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.

# પુનર્મુદ્રણ વેળાએ...

અંતરથી અનહદ આનંદનો ઝરો ઉભરાય છે, કારણકે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ખરેખર અર્થમાં અક્ષયપાત્ર જ બન્યું છે. જેટલા પૂજ્યોના હાથમાં આજ પર્યંતના 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ગ્રંથો આવ્યા છે, તેમના અંતરના ઉદ્ગારો વ્યક્ત થાય છે કેઃ ''અમૃતનું ભોજન પ્રાપ્ત થાય અને જે આનંદ થાય. તેનાથી પણ અધિક-અધિકતર વિશેષ આનંદ આ જ્ઞાનામૃત સમા 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના મનનથી થાય છે.

આજે જણાવતાં આનંદ થાય છે કે પૂજ્યશ્રીની ૨૨૪ જેવી રોજનીશીઓમાંથી અવતરિત આ અદ્ભૂત અનુપ્રેક્ષામય લખાણના ૫૦ વૉલ્યુમો થઈ ગયા અને હજી ૧૦ જેટલાં થશે. ખરેખર વર્ષો જૂની રોજનીશીઓ કે જેના કેટલાંકના તો પાનાં પણ જીર્ણ થવાના કારણે છૂટા પડી ગયા છે, એવી હાલતમાં રહેલ આ રત્નમય અપ્રતિમ ચિંતનનો ખજાનો આવી રીતે પ્રગટ થશે, એની તો અમોને કલ્પના પણ ન હતી, તેમાં પહેલાં ત્રણ ભાગોની પ્રત્યેક નકલો વ્હેલી પૂરી થઈ જવાથી અને દિવસે દિવસે દેશ-દેશાવરથી આ ગ્રંથોની માંગણી વધતી જ રહેવાથી ગ્રંથો રિપ્રિન્ટ થઈ રહ્યા છે. પૂજ્ય ગુરૂમહારાજને જેઓ જોયાં અથવા મળ્યાં પણ ન હોય, તેવા અનેક ગુણીયલ સાધકોને આ ગ્રંથોના પઠન - મનનથી જાગૃતિ અને અનુભૂતિના પોતપોતાના માર્ગે આગળ જવાની દિશાઓ સાંપડી રહી છે. ભાવકોના મત અનુસાર તો તેમના મનમાં રહેલ પ્રત્યેક પ્રશ્નોના ઉત્તર પણ આ ગ્રંથોના પાનામાંથી અચૂક સાંપડી જ રહે છે!

ધન્યવાદને પાત્ર છે મુંબઈ-વડોદરાનાં પરમ ગુરૂભક્તાત્મા સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા** કે જેઓ ચઢતા પરિણામે આ લાભ પણ લઈ રહ્યા છે. બહુમાનભાવથી સતત કાર્યરત રહેતા એવા અમારા રાજકોટનાં સુશ્રાવક શશીકાંતભાઈનાં પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** અને તેમના જૂથના ૩૦ જેટલા યુવાનોએ કરેલ આ સંકલન કાર્યને અંતરથી જેટલું પણ બિરદાવીએ, તેટલું અલ્પ જ છે.


વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

૦૫.૧૧.૨૦૨૦

જામનગર



# જ્ઞાનસુધારસની અમૃતધારા...



પરમ પૂજ્ય અધ્યાત્મયોગસંપન્ન પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્ય મહારાજ સકલાગમ રહસ્યવેદી, પૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રીમદવિજયદાનસૂરીશ્વરજી મહારાજાના હસ્તે રજોહરણ પામવા સદ્ભાગી બન્યા, સિદ્ધાંતમહોદધિપૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રીમદવિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના હસ્તે સંયમ જીવનની કેડીએ પગરવ પાડવા બડભાગી બન્યા તથા વ્યાખ્યાન વાચસ્પતિ, પૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રીમદવિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનું શિષ્યત્વ પામવા સૌભાગી બન્યા.

પૂજ્યપાદ્ આચાર્યદેવશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાની સમન્વય દ્રષ્ટિથી ભાવિત હોવાના કારણે પ્રથમથી જ તેઓની ગુણગ્રાહી દ્રષ્ટિ ખીલેલી, તેથી જ શ્રી જૈનશાસન માટે તેઓનું ગુણાશ્રવી યોગદાન અપૂર્વ ગણાયું છે. તેઓની ભાગવતી સંયમ સાધના, આત્મલક્ષી ચિંતનો ઉપરાંત નમસ્કાર મહામંત્ર ઉપરની અનુપ્રેક્ષાઓ, ચિંતન-લેખન અને મૈત્ર્યાદિ ભાવોની અપ્રતિમ સમજૂતી એવં પ્રસ્તુતિ એટલે જ અદ્યપિ ઉચ્ચતમ લેખાયા છે. તેઓની આ અંગત આત્મચિંતનની નોંધપોથીઓમાં જ્યાં-જ્યારે-જે કંઈ આત્મોપયોગી લાગ્યું, જણાયું, તેને ત્વરિત કંડારી દેવાનું અને તેનું અવસરે ચિંતન કરી, યોગ્ય આત્માઓની સાથે આદાન-પ્રદાન કરવાનું જીવનકાર્ય જ્યાં સુધી તેઓને સુસ્વસ્થતા રહી ત્યાં સુધી નિરંતર ચાલતું રહેલ.

૭૫-૮૦ વર્ષો જૂની, એકદમ જીર્ણપ્રાયઃ થઈ ગયેલી એ જ ડાયરીઓનાં પાનાઓને હવે સ્કેન કરી, સ્પષ્ટ સુવાચ્ય કરવાનો ભવ્ય પ્રકલ્પ રાજકોટનાં અમારા સુશ્રાવક

શશીકાંતભાઈ મહેતાના પુત્રવધુ સુશ્રાવિકા ભારતીબેન દિપકભાઈ મહેતા, કે જેઓએ પૂજ્ય પંન્યાસજી ભગવંતનું સાધનામય જીવનચરિત્ર 'પારસમણિ'માં આલેખ્યું છે, તેઓ પૂજ્યશ્રીના ભાવોમાં ભાવિત બનીને કરી રહ્યા છે તેનો હર્ષ છે.

આ હસ્તલિખિત ડાયરીનો નવ્ય પ્રકાશિત પ્રથમ ભાગ વાંચતા સૌને આત્માના ચેતનતત્વની અનુભૂતિ થકી પોતાનું મન ઉત્તરોત્તર સ્નિગ્ધ કે કોમળ થતું અનુભવાયું છે. પ્રથમનાં વર્ષોમાં સામાન્ય ચિંતનોથી આગળ જતાં એ ચિંતનોમાં અદ્ભૂત ઊંડાણ આવતું ગયું છે, તે ક્રમશઃ વર્ષવાર જે હસ્તલિખિત ડાયરીઓ પ્રકટ થઈ રહી છે, તેના આત્મસુખધામ સ્વરૂપ એક એક અક્ષરોને વાંચતા આપણને અનુભવાય છે.

અધ્યાત્મરૂપ અમૃતથી ભરેલો કામકુંભ આપણી આગળ મૂકાયો હોય તેવી અનુભૂતિ અર્પે છે પ્રસ્તુત અક્ષયપાત્રમાંની જ્ઞાનસુધારસની અમૃતધારા. ૩૦ જેટલા વોલ્યુમની શ્રેણીરૂપ સંપૂટ જેમ જેમ ક્રમશઃ પ્રકાશિત થશે તેમ તેમ પૂજ્ય પંન્યાસજી ભગવંતના શબ્દદેહના દર્શન સાથે પરમાત્માના ભાવસ્વરૂપને પ્રકટ થતા અનુભવાશે, કારણકે । निरञ्जनः परमं साम्यमुपैति। નિરંજન થયેલ પુરૂષ પરમાત્માની સમાનતાને પામે છે.

સામાન્ય બોધવાળી વ્યક્તિને કોઈ જગ્યાએ તત્ત્વનો બોધ સરલતાથી કદાચ નહિં પણ સમજાય, કિન્તુ આ અક્ષરો મંત્રસ્વરૂપ હોવાથી વાંચતા કર્મની હળવાશ થશે, વળી પૂજ્યશ્રીએ આલેખેલ શ્લોકોનો અનુવાદ છેલ્લે પરિશિષ્ટમાં આપેલ છે, તેના વાંચનથી અર્થ ખૂલતો પણ જશે. પૂજ્ય સાહેબજીનાં સાહિત્યના અધ્યાત્મરસ ભીનાં પદાર્થોનો રસાસ્વાદ માણવાનાં ઈચ્છુક પુણ્યાત્માઓને તો આનંદની લ્હેરી થઈ જશે.

આ ચિંતામણિ રૂપ ડાયરીઓ પ્રકાશિત કરવા પોતાનો અર્થભંડાર ખુલ્લો મૂકી દેનાર, પંન્યાસજી મહારાજનાં નવરત્નોમાંના એક એવા સુશ્રાવક સી.કે.મહેતા તથા આપણા સુધી આવા સુંદર ભાવો સહ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર-૨' પહોંચાડનાર 'પારસમણિ'નાં લેખિકા ભારતીબેનને ખૂબ-ખૂબ ધન્યવાદ.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

૧૪.૧૨.૨૦૧૭
હાલાર તીર્થ, આરાધનાધામ.



# એક એક અક્ષર જાણે મંત્રાક્ષર!

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના દિવ્યજીવનની ધન્ય પળોમાં થયેલાં ચિંતન-મનનની નોંધપોથી રૂપે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર-૧' પુસ્તક અઢી મહિના પૂર્વે મારા હાથમાં આવ્યું ત્યારે પહેલાં તો થયું હતું કે એકી બેઠકે તેને વાંચીને પૂરું કરીશ, પરંતુ તેના એક-એક પાનાની વચનાવલિમાંથી પસાર થતાં અનુભવાયું કે મારા ગુરુમહારાજની પ્રત્યેક ઊંડાણભરી અનુપ્રેક્ષા પાસે તો થોભવું પડે તેમ છે.

રાજસ્થાનમાં જે પંદર વર્ષ નિરંતર તેઓ પાસે જતો અને તેઓને પોતાની નોંધપોથીમાં કંઈક ટપકાવતાં જોતો રહેતો - તે જ અક્ષરો આજે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માં સમાઈને આપણી સમક્ષ મંત્રાક્ષરો બનીને ઉભરી રહ્યા છે. લાગે છે જાણે આજે સદેહે નહીં, તો અ-ક્ષર દેહે પણ મારા ગુરુમહારાજ મને આ રીતે કૃપા કરી દોરવણી આપી રહ્યાં છે. મને આ પ્રકાશન કાર્યનો મહાલાભ મળી રહ્યો છે તેનો નિરવધિ આનંદ છે, કિન્તુ પૂજ્ય પંન્યાસજી મહારાજનાં જ શબ્દોમાં કહું તો:

'પૂણ્યના કાર્ય એ તો ઔષધિ છે. રોગ હોય ત્યાં સુધી ઔષધ લેવું જ જોઈએ. ઔષધનું અભિમાન ન હોય, તેનું સેવન હોય.' આનંદથી ભરાયેલા હૃદય સાથે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર-૨'નું સેવન કરતાં ધન્યતા અનુભવું છું.

૧૪.૧૨.૨૦૧૭
મુંબઈ

સી. કે. મહેતા









**શ્રી સરસ્વતી સ્તુતિ**

નમસ્તે શારદા દેવિ કાશ્મીર પુરવાસિનિ ।
ત્વામહં પ્રાર્થયે નિત્યં વિદ્યાદાનં પ્રદેહિ મે ॥

'ઐઁ નમઃ ।'

શ્રી ○ શ્રી

'अर्हं'

સં ○ પં

ખે "સર્વચિન્તા પરિત્યાગો ચા

શ્વ નિશ્ચિન્તો યોગ ઉચ્યતે ॥" સ

ર ○ ર

'આચારઃ પ્રથમો ધર્મઃ ।'

પા ○ પા

ર્શ્વ "બાલસ્તાવત્ ક્રીડાસક્તઃ, ર્શ્વ

ના તરુણસ્તાવત્ તરુણીરક્તઃ । ના

થા વૃદ્ધસ્તાવત્ ચિન્તામગ્નઃ, થા

ય પરમે બ્રહ્મણિ કોઽપિ ન લગ્નઃ ॥૧॥" ય

○

ન "જપાચ્છતગુણં ધ્યાનં ન

મઃ ધ્યાનાચ્છતગુણો લયઃ ॥" મઃ

○ ○ ○

"ભિદ્યતે હૃદયગ્રન્થિશ્છિદ્યન્તે સર્વસંશયાઃ ।
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્દૃષ્ટે પરાવરે ॥૧॥"

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧ થી ૫)

30/8/1932

| | |
|---|---|
| ચત્તારિ પરમંગાણિ<br>ઉગ્ગ દિવસં પિહુ | પ્રવજ્યાનો<br>મહિમા |
| ત્રિભુનાથ પ્રસાદ<br>સ્વકર્મ વિવર | પ્રવજ્યાનો<br>હેતુ |
| નિઃશેષ સાવદ્યયોગ વિરતિ<br>દયા, દાન, શીલ, ધ્યાન. | પ્રવજ્યાનું<br>સ્વરૂપ |
| પ્રશમામૃત નિર્બાધ સુખ<br>સ્વર્ગાપવર્ગ ફલપ્રદ | પ્રવજ્યાનું<br>ફળ |

o

'જાહે ખણિઓ તાહે, સામાઇઅં કરેઇ ।'

(પરિશિષ્ટ-૬)

એક અધ્યવસાય વધુમાં વધુ ૮ સમય રહે છે. વિચાર અસંખ્ય સમય લે, એ માનસિક પ્રવૃત્તિ છે. અધ્યવસાય અને પરિણામ આત્મિક છે. પરિણતિ લેશ્યારૂપ પણ હોય, શ્રદ્ધારૂપે ય હોય અને ચારિત્ર રૂપે પણ હોય.

# ધ્યાનનો મહિમા

(૧) ધ્યાન રૂપી અનલ આત્મસુવર્ણને શોધે છે.

(૨) ધ્યાન રૂપી જલ આત્મવસ્ત્રને ધુએ છે.

(૩) ધ્યાન રૂપી અનિલ કર્મઘન વિખેરે છે.

(૪) ધ્યાન રૂપી સૂર્ય કર્મપંક શોષે છે.

(૫) ધ્યાન રૂપી રસાયણ કર્મરોગ હરે છે.

(૬) ધ્યાન રૂપી શૃંખલા મન રૂપી વાનરને બાંધે છે.

(૭) ધ્યાન રૂપી રજ્જુ મન રૂપી અશ્વને વશ કરે છે.

(૮) ધ્યાન રૂપી સાણસી મન રૂપી સર્પને પકડે છે.

(૯) ધ્યાન રૂપી મંત્ર મન રૂપી પિશાચને વશ કરે છે.

(૧૦) ધ્યાનનો વ્યાયામ અર્થાત્ ધ્યાનનો અભ્યાસ એ મન અને શરીરને સુદૃઢ - નિરોગી કરે છે.

(૧૧) ધ્યાન રૂપી છિદ્ર વડે આત્મઘટમાંથી મન રૂપી જલ ખાલી થાય છે.

(૧૨) ધ્યાનાનલથી મન રૂપી જલ બળી જાય છે.

(૧૩) ધ્યાન રૂપી જલથી અભિભૂત કરાયેલો મનરૂપી અગ્નિ શાંત થાય છે.

(૧૪) ધ્યાન રૂપી મંત્રથી અણુમાં આવેલું મન રૂપી વિષ દૂર થાય છે.

## સામાયિકનો શબ્દાર્થ તથા

## 'સમાય' શબ્દનો શબ્દાર્થ

(१) समानां - मोक्षं साधनं प्रति सदृशं - सामर्थ्यानां - सम्यग्-दर्शन - ज्ञान - चारित्राणां आयः लाभः।

(२) समस्य - रागद्वेषान्तरालवर्तितया मध्यस्थस्य सतः आयः - सम्यग् दर्शनादिलक्षणः समायः।

(3) सर्वजीवमैत्रीभावलक्षणस्य आयः समायः। सावद्य योगपरिहार-निरवद्ययोगानुष्ठानरूपो जीवपरिणामः।

(પરિશિષ્ટ-૭)

समता सर्वभूतेषु, संयमः शुभभावना।
आर्त - रौद्र - परित्यागस्तद्धि सामायिकं व्रतम्॥
त्यक्तार्तरौद्रध्यानस्य, त्यक्तसावद्यकर्मणः।
मुहूर्तं समता या तां, विदुः सामायिकं व्रतम्॥
सामायिकं च मोक्षाङ्गं, परं सर्वज्ञभाषितम्।
वासी - चन्दन - कल्पानामुक्तमेतन्महात्मनाम्॥
निरवद्यमिदं ज्ञेयं, एकान्तेनैव तत्त्वतः।
कुशलाशय - रूपत्वात्, सर्व - योग - विशुद्धितः॥
सामायिकविशुद्धात्मा, सर्वथा घातिकर्मणः।
क्षयात्केवलमाप्नोति, लोकालोकप्रकाशकम्॥

(પરિશિષ્ટ-૮)

પ્ર. = કેટલા પ્રકારે સામાયિક ? ઉત્તર = આઠ પ્રકારે.

सामाइयं समइयं सम्मंवाओ समास संखेवो ।
अणवज्जं च परिण्णा पच्चक्खाणे य ते अट्ठा ॥
दमदंते, मेअज्जो, काल य पुच्छा, चिलाइपुत्ते य ।
धम्मरुइ, इला, तेइली, सामाइय अट्ठुदाहरणा ॥
जीर्णे भोजनमात्रेयः, कपिलः प्राणिनां दया ।
बृहस्पतिरविश्वासः, पांचालः स्त्रीषुमार्दवम् ॥
सामं समं च सम्मं इगमिइ, सामाइअस्स एगट्ठा ।
महुरपरिणाम सामं, समं तुला, सम्मं खीरखंडजुई ॥
० करेमि सामाइयं सव्वं मे अकरणिज्जं पावकम्मं ॥

(પરિશિષ્ટ-૯)

० सामायिकं द्विघटिकं चिरकर्मभेदि ।
चंद्रावतंसकवदुद्धधियोऽत्र किंतु ।
स्पर्शोऽपि सत्यमुदकं मलिनत्वनाशि ।
घोरं तमो हरति वा कृत एव दीप ॥
० दिवसे दिवसे लक्खं देइ सुवण्णस्स खंडियं एगो ।
एगो पुण सामाइयं करेइ न पहुप्पए तस्स ॥
सामाइयं कुणंतो समभावं सावओ अ घडियदुगं ।
आउं सुरेसु बंधइ इत्तिय मित्ताइं पलिआइं ॥(પરિશિષ્ટ-૧૦)

o सामायिकं समतयाऽरिसुहृत्सुसिद्धौ ।
प्रद्योतयुक्तिकृदुदायिनराजवत्स्यात् ।
सच्चंदनांशुकमिवास्फुटकुष्ठभाजः
तत्कुर्वतः कपटतो बहिरंगशुद्ध्यै ॥१॥
जदा सव्व सामाइयं काउमसत्तो तदा
देससामाइयंपि ताव बहुसो कुज्जा ।
तथा जत्थ वा वीसमइ, अच्छइ वा निव्वावारो,
सव्वत्थ सामाइयं करेइ ॥२॥

- आवश्यक चूर्णि (परिशिष्ट-११)

o जीवो पमायबहुलो बहुसोवि अबहुविहेसु अत्थेसु ।
एएण कारणेणं बहुसो सामाइयं कुज्जा ॥
तिव्व तवं तवमाणो, जं नवि निट्ठवइ जम्मकोडीहिं ।
तं समभाविअचित्तो खवेइ कम्मं खणद्धेणं ॥
जे के वि गया मोक्खं, जे वि य गच्छंति जे गमिस्संति ।
ते सव्वे सामाइअ माहप्पेणं मुणेयव्वा ॥
न हूयेत तप्येत न दीयेत वा न किंचन ।
अहो अमूल्यक्रीतेयं, साम्यमात्रेण निर्वृत्तिः ॥
किं तिव्वेण तवेणं, किं च जवेणं किं च चरित्तेणं ।
समयाइ विणा मुक्खो, न हु हुओ कहवि न हु होइ ॥

- भगवती सूत्र (परिशिष्ट-१२)

## છ આવશ્યકોની મહત્તા

(૧) સામાયિક વડે સાવદ્યયોગની વિરતિ થાય છે.
(૨) ચતુર્વિંશતિ સ્તવ વડે દર્શનની વિશુદ્ધિ થાય છે.
(૩) વંદન વડે નીચગોત્રકર્મનો ક્ષય, ઉચ્ચગોત્રકર્મનો બંધ, સૌભાગ્ય, અપ્રતિહત આજ્ઞા, અનુકૂળ ભાવ પમાય છે.
(૪) પ્રતિક્રમણ વડે વ્રતના છિદ્રો ઢંકાય છે. આશ્રવરોધ, નિર્મળ ચારિત્ર, અષ્ટપ્રવચનમાતાના ઉપયોગથી જીવ સુપ્રણિહિત ઇંદ્રિયવાળો થાય છે.
(૫) કાયોત્સર્ગ વડે ભૂત અને વર્તમાનના અતિચારોનું પ્રાયશ્ચિત્ત થાય છે. ભાર ઉતરવાથી જીવ હૃદયની શાંતિ સાથે પ્રશસ્ત ધ્યાનોપગત બને છે.
(૬) પ્રત્યાખ્યાન વડે જીવ આશ્રવ દ્વારને રોકે છે, ઇચ્છાનિરોધ કરે છે અને સર્વ દ્રવ્યોને વિષે તૃષ્ણારહિત - શાતલીભૂત થાય છે.

**સ્તવ - સ્તુતિ - મંગલ વડે જીવ શું પામે ?**

સ્તવ - સ્તુતિ - મંગલ વડે જીવ જ્ઞાન - દર્શન - ચારિત્ર - બોધિલાભને પામે છે, તેથી આ તો તે જ ભવે મોક્ષમાં જાય, અગર વૈમાનિક દેવગતિને યોગ્ય આરાધક થાય છે.

'અનુયોગદ્વાર' મુજબ જો અનુપ્રેક્ષારહિત હોય તો નીચે જણાવેલ ૨૦ વિશેષણવાળું સૂત્ર પણ દ્રવ્યરૂપ બને:

सिक्खियं – શીખેલું (સારી રીતે). ठियं – સ્થિર કરેલ (વાચનાદિ). जियं – જીતેલું (સારણા – વારણા – ધારણાદિ). मियं – માપેલું, परिजियं – ક્રમોત્ક્રમ તથા नामसमं – સ્વનામસમ યાદ રાખેલું. घोससमं – ઉદાત્તાનુદાત્ત સ્વર–વ્યંજનયુક્ત. अहीणक्खरं – હીનતારહિત, अणच्चक्खरं – અધિકતારહિત (અક્ષર–માત્રા). अबद्धक्खरं – અક્ષરો એકબીજાને ચોંટી ન જાય તેવું. अक्खलियं – અટક્યા વગર બોલેલું (સળંગ બોલવું). अमिलियक्खरं – અક્ષરોમાં જ્યાં જ્યાં પણ અટકવાની જરૂર ન હોય, ત્યાં અટક્યા વગર બોલવું.

अवच्चामेलियं – પુનરુક્તિ આદિ રહિત.

पडिपुण्णं – અષ્ટ સ્થાનોચ્ચારણ સહિત.

कंठोट्ठविप्पमुक्कं – અસ્પષ્ટ નહિ તેવું.

गुरुवायणोवगयं – ગુરુમુખથી વાચના લીધેલું.

सेणं तत्थ वायणाए, पुच्छणाए, परियट्टणाए, धम्मकहाए, नोअणुप्पेहाए।

ઉપર્યુક્ત શુદ્ધિપૂર્વક પણ અનુપ્રેક્ષારહિતને દ્રવ્ય કહેલ છે.

'अनुपओगो द्रव्यं।'

થોડી પણ ઉપયોગસહિતની ક્રિયા ફલદાયી છે.

'ઉવઓગોભાવઃ ।' ઇતિ વચનાત્

અલ્પાક્ષરમસંદિગ્ધં

સારવત્ વિશ્વતો[૧] મુખમ્ ।

[૨]અસ્તોભમનવદ્યં ચ

સૂત્રં સૂત્રવિદોવિદુઃ ॥

(૧ = સર્વત્ર પ્રકાશક, ૨ = અધિકતા વર્જિત)

મુહપોતિ ચોલપટ્ટો

કપ્પતિગં દો નિસિજ્જા રયહરણં

સંથારુત્તરપટ્ટો દસ પેહ ઉગ્ગએ સૂરે ।

૦ અન્ને ભણંતિ ઇક્કારસમો દંડઉત્તિ ।

ઉવગરણ ચઉદ્દસગં પડિલેહિજ્જઇ દિણસ્સ પહરતિગે ।

ઉગ્ઘાડપોરિસીએ 'ઉ' પત્તનિજ્જોગ પડિલેહા ॥૧॥

છવ્વય છક્કાયરક્ખા પંચિંદિય લોહનિગ્ગહો ખંતી ।

ભાવવિસુદ્ધી પડિલેહણા ય કરણે વિસુદ્ધીયં ॥

સંજમજોએજુત્તો અકુસલમણવયણકાયસંરોહો ।

સીયાઇપીડસહણં મરણં ઉવસગ્ગ - સહણં ચ ॥

વિસય સુહ નિયત્તાણં વિસુદ્ધચારિત્તનિયમજુત્તાણં ।

તચ્ચ ગુણસાહયાણં સાહણકિચ્ચુજ્જયાણ નમો ॥

(પરિશિષ્ટ-૧૩)

## પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણોને વંદન કરી.

જિનેશ્વરભગવંત આવતાં વિનયગુણને વંદન કરી.
ઇરિયાવહિયા પડિક્કમવું અત્યંત આવશ્યક છે.
'મિચ્છામિ દુક્કડં' કરીને ફરી એ દોષ સેવાય નહિ.

० बारस गुण अरिहंता, सिद्धा अट्ठेव सूरि छत्तीसं ।
उवज्झाया पणवीसं, साहू सगवीस अट्ठसयं ॥१॥
विणयाहीआ विज्जा, दिंति फलं इह परे य लोगम्मि ।
न फलंति विणयहीणा, सस्साणिव तोयहीणाणि ॥२॥
भत्तीइ जिणवराणं, खिज्जंति पुव्वसंचिया कम्मा ।
आयरिय नमुक्कारेण, विज्जा मंतावि सिज्झंति ॥३॥
ववहारावस्सय महानिसीह भगवइ विवाहचूलासु ।
पडिक्कमणचुण्णिमाइसु पढमं इरिया पडिक्कमणं ॥४॥
इरियावहियाए अपडिक्कंता न किंचि कप्पइ ।
चेइयवंदण सज्झायावस्सयाइं काउं ॥५॥
जं दुक्कडंति मिच्छा तं भुज्जो कारणं अपूरंतो ।
तिविहेण पडिक्कंतो तस्स खलु दुक्कडं मिच्छा ॥६॥
जं दुक्कडंति मिच्छा तं चेव निसेवइ पुणो पावं ।
पच्चक्खमुसावाई माया[1] नियडिप्पसंगो अ ॥७॥

(૧ = માયા - કપટના નિબિડ પ્રસંગવાળો) (પરિશિષ્ટ-૧૪)

## ગણધરવાદમાંથી

### વિદ્યમાન વસ્તુની અનુપલબ્ધિ ૨૧ પ્રકારે :

### અર્થાત્ છતી વસ્તુ નહિ દેખાવાના કારણો:

(૧) અતિદૂર : સ્વર્ગાદિ

(૨) અતિનજીક : અંજનાદિ

(૩) અતિસૂક્ષ્મ : પરમાણ્વાદિ

(૪) મનોઽનવસ્થાદિ : ગ્રહિલતાદિ

(૫) ઇંદ્રિયાપાટવ : બધિરત્વાદિ

(૬) મતિમાંદ્ય : બાલત્વાદિ

(૭) અશક્ય : કાન - મસ્તક - પીઠાદિ

(૮) આવરણ : ભીંત - છત - કટાદિ

(૯) અભિભવ : તારા - ગ્રહ - નક્ષત્રાદિ

(૧૦) સામાન્ય : સમાન જાતીય ધાન્યાદિ

(૧૧) અનુપયોગ : અન્ય ઇંદ્રિયોનો વિષય

(૧૨) અનુપાય : ગાય - ભેંસનું દૂધ

(૧૩) વિસ્મરણ : પૂર્વાનુભવો

(૧૪) દુરાગમ : સુવર્ણ - પીતલાદિ

(૧૫) મોહ : જીવનું અસ્તિત્વ - નિત્યત્વાદિ

(૧૬) વિદર્શન : અંધ

(૧૭) વિકાર : વાર્ધક્ય

(૧૮) અક્રિયા : વૃક્ષમૂળ - ભૂખનન

(૧૯) અનધિગમ : શાસ્ત્ર

(૨૦) કાળ વિપ્રકર્ષ : ભગવાન - પદ્મનાભ

(૨૧) સ્વભાવ વિપ્રકર્ષ : આકાશ, પરમાણુ.

છતી વસ્તુ નહિ દેખાવાનાં દૃષ્ટાંતો :

(૧) તલમાં તેલ (૨) દૂધમાં ઘી

(૩) કાષ્ઠમાં વહ્નિ (૪) ગાડીમાં હાંકનાર

(૫) ઘાસમાં દૂધ (૬) મ્યાનમાં તલવાર

(7) Like the pilot of an aeroplane

(8) Like the guard of train.

આત્મા છે તો દેખાતો કેમ નથી?

દેહ નાશવંત છે, કિન્તુ આપણો આત્મા શાશ્વત છે. તો એ આત્મા ચર્મચક્ષુથી કોની જેમ દેખાતો નથી?

(૧) પવનની જેમ
(૨) ગંધની જેમ
(૩) શબ્દની જેમ
(૪) પિશાચની જેમ
(૫) ત્રસરેણુની જેમ
(૬) ધર્મની જેમ
(૭) અધર્મની જેમ
(૮) આકાશની જેમ
(૯) કાળની જેમ
(૧૦) પરમાણુની જેમ.

(૧) <u>પ્રત્યક્ષના પાંચ હેતુઓ:</u>

આત્મા પ્રત્યક્ષ છે, અન્યથા...

(a) 'હું છું' એવો પ્રત્યય ઘટે નહિ.

'હું નથી' એવો પ્રત્યય થતો નથી.

(b) 'હું છું કે નથી' એવો સંશય ઘટે નહિ.

'હું છું કે નથી' એવો સંશય થતો નથી.

(c) ત્રિકાળવિષયક વ્યપદેશ ઘટે નહિ.

ત્રિકાળવિષયક વ્યપદેશ થાય છે.

(d) ગુણ પ્રત્યક્ષથી ગુણી પ્રત્યક્ષ - છદ્મસ્થને.

(e) દેશ પ્રત્યક્ષથી સર્વ પ્રત્યક્ષ - છદ્મસ્થને.

(૨) <u>અનુમાનના પાંચ હેતુઓ:</u>

(a) શરીરનો કર્તા (b) શરીરનો ભોક્તા (c) શરીરનો અર્થી

(d) ઇંદ્રિયોનો અધિષ્ઠાતા (e) વિષયોનો આદાતા.

(3) <u>શરીરથી ભિન્નતાના પાંચ હેતુઓ:</u>

(3) ભૂતભિન્ન આત્માની સિદ્ધિ

(a) ભૂતોનો ધર્મ નથી - પ્રત્યેકમાં નથી, માટે સિકતાકણવત્.

(b) ભૂતોનું કાર્ય નથી - મદિરાંગવત્.

મદિરા માટે તેના અંગો શોધાય છે, બીજું શોધાતું નથી.

(c) વિજાતીય તેજ - વાલુનું કણકણ.

(d) વ્યુત્પત્તિમાન્ શુદ્ધ પદ હોય જ.

(e) નિષેધ અને સંશય વિદ્યમાનનો જ હોય.

નિષેધ, સંયોગ, સમવાય, સામાન્ય,

વિશેષનો જ હોય, મૂળ વસ્તુનો નહિ.

(૪) ઇંદ્રિયોથી ભિન્નતાના પાંચ હેતુઓ:

શરીર એ આત્મા નહિ...

(a) સંજ્ઞા : આત્મા 'अहं' પદવાચ્ય.

દેહ 'મમ' પદવાચ્ય.

(b) સંખ્યા : એક - અનેક.

(c) લક્ષણ : ચેતન - જડ.

(d) સ્વરૂપ : અમૂર્ત - નિત્ય : મૂર્ત - અનિત્ય.

અતીન્દ્રિય : ઐન્દ્રિયક.

(e) પ્રયોજન : મુક્તિ - ભુક્તિ.

(૫) વિષયોથી ભિન્નતાના પાંચ હેતુઓ:

ઇંદ્રિયો એ આત્મા નહિ, કારણ કે

ઇંદ્રિયોનો વ્યાપાર થવા છતાં...

(a) શૂન્યમનસ્કને બોધ થતો નહિ.

(b) અન્યમનસ્કને બોધ થતો નહિ.

(c) ઇંદ્રિયોનો ઉપરમ થવા છતાં સ્મરણ થાય છે.

(d) પાંચ ભિન્ન જ્ઞાનવાળા કરતાં
પાંચેને જાણનાર જુદો જ હોય.
પાંચ બારીઓથી જોઈને આખું સ્મરણ કરનાર
પાંચથી ભિન્ન જ હોય.
(e) આંતરઇંદ્રિય મનનું લક્ષણ :
યુગપત જ્ઞાન અનુત્પત્તિ છે.
આત્મામાં યુગપત અનેક જ્ઞાનની ઉત્પત્તિ છે.

(5) પરલોક સિદ્ધિ માટેના અનુમાનો:
(a) જ્ઞાનયોગના - વિજ્ઞાન અન્ય વિજ્ઞાનપૂર્વક હોય છે.
(b) કર્મયોગના - અભિલાષ અન્ય અભિલાષપૂર્વક હોય છે.

परलोकसत्तानुमापकानुमानम्,
कार्यं, कार्यान्तराज्जातं,
कार्यत्वादन्यकार्यवत्
जन्मेदमपि कार्यत्वं न व्यतिक्रम्य वर्तते ॥ (પરિશિષ્ટ-૧૫)

(c) અનુકૂળયોગના
તે સુખાદિ અન્ય સુખપૂર્વક હોય છે.
(d) મરણનો ભય
મૃત્યુનો ભય સ્મરણપૂર્વક હોય છે.
(e) જીવનનો કે દેહનો પ્રેમ - તે સ્મરણપૂર્વક હોય છે.

(૭) કર્મસિદ્ધિ માટેના અનુમાનો:

બાલ (કાર્મણ) શરીર શરીરાન્તરપૂર્વક છે

કાર્યાનુમાન - દેવ નારક - રાજા રંક - બાલક સાધુ - વિષ કંટક.

કારણાનુમાન - ક્રિયા - હિંસા - માત્ર ફલદાયી છે.

સુખી થોડા, દુ:ખી ઘણા - દાન થોડા કરે, હિંસા ઘણા કરે.

સ્વભાવવાદ - અકારણતા.

ચેષ્ટા - હિતાહિત પ્રાપ્તિ પરિહારાનુકૂલ ચેષ્ટા

પરશરીરમાં રહેલો આત્મા

ચેષ્ટાવત્ત્વ અનુમાનથી સિદ્ધ થાય છે.

(૮) જન્માંતરની સિદ્ધિ માટેના અનુમાનો:

(a) બાલશરીર શરીરાન્તરપૂર્વક છે. (b) પૂર્વભવનું શરીર નાશ પામવા છતાં તે ભવના ઘણા સંસ્કારો: સંજ્ઞા, લેશ્યા, કષાય, કર્મ વગેરે સાથે જ આવે છે.

(c) પૂર્વજન્મનું સ્મરણ થાય છે.

(d) આત્મા આત્મત્વેન - બધા આત્મા સમાન છતાં ય મનુષ્ય - દેવ આદિ વિચિત્રતાનું કારણ કર્મ છે.

(e) મનુષ્ય મનુષ્યત્વેન - સર્વ મનુષ્યો સમાન છતાં ય રાજરંકાદિ વૈચિત્ર્યનું કારણ કર્મ છે.

(f) બાલક નિર્દોષ છતાં રોગી થવાનું કારણ કર્મ છે.

(g) સાધુ નિર્દોષ હોવા છતાં ઉપસર્ગોનું કારણ કર્મ છે.

जन्म च ज्ञानसन्तानविशेषरूप-
मतस्तद्रूपमेव तदुपादानकारणभूतं,
जन्मान्तरमनुमीयते न पित्रादि रूपं,
तस्योपादानकारणत्वे हि तद्धर्मानुगमप्रसंग इति ।

કર્મ અને પરલોકની સિદ્ધિ

અર્થ: જન્મ એ જ્ઞાનની વિશિષ્ટ પરંપરા કે સંસ્કારરૂપ હોવાથી તેના જેવા ઉપાદાન કારણથી થયેલ હોય. બાળ જન્મને પિતા આદિ જેવું સ્વરૂપ હોય એટલે અને 'પિતાથી જન્મ થયો છે' એવું ન માની શકાય, કારણકે પિતાને જો ઉપાદાન કારણ માનીએ તો પિતાના જ ધર્મો આ જન્મમાં આવવા જોઈએ, તાત્પર્ય એ છે કે જીવ પૂર્વ ભવના સંસ્કારો લઈને જન્મે છે, તેથી નક્કી થાય છે કે કર્મ છે અને પરલોક પણ છે.

(h) કૃષિક્રિયાની જેમ ક્રિયામાત્ર ફળદાયી છે. દાન-હિંસાદિનું દૃષ્ટફળ અનૈકાંતિક - અદૃષ્ટફળ એકાંતિક છે. એક જ ક્રિયાથી દૃષ્ટફળની તરતમતામાં કારણ કર્મ છે.

(i) સુખ દુઃખાનુભવ કાર્ય છે, તેનું કારણ હોવું જ જોઈએ. વિષકંટકાદિ દૃષ્ટ કારણો કરતા ફળની તરતમતા જણાય, તે તારતમ્યરૂપી કાર્યનું કારણ પણ કર્મ છે.

(૭) સુખ થોડા - દુઃખી ઘણા, જેનું કારણ દાનાદિ કરનાર થોડા અને હિંસાદિ કરનારા ઘણા છે. માટે સ્વભાવથી માનવામાં આપત્તિ છે. સ્વભાવ એ વસ્તુ છે ? વસ્તુનો ધર્મ છે ? કે અકારણતા છે ? પ્રમાણ વિના વસ્તુ મનાય નહિ, માનો તો કર્મને જ માનો. મૂર્ત વસ્તુનો ધર્મ માનો. કર્મ જ માનવું પડશે. અમૂર્ત વસ્તુનો ધર્મ આકાશની જેમ કાંઈ કરે નહિ. અકારણતા માનવાથી સદા ભાવાભાવની આપત્તિ આવશે. મૂર્ત કર્મ શરીરાદિનું ઉત્પાદન અને અન્નવિષાદિની જેમ સુખ-દુઃખાદિનું નિમિત્ત કારણ છે.

## દેવલોક સિદ્ધિ માટેના અનુમાનો:

(૧) સૂર્ય-ચંદ્રાદિ જ્યોતિષ્કલોક સર્વ પ્રત્યક્ષ છે.

(૨) દેવકૃત અનુગ્રહ-ઉપઘાત પણ લોકમાં પ્રત્યક્ષ છે.

(૩) અતિશય પુણ્યનું ફળ ભોગવવા માટે કોઈક સ્થાન તો હોવું જ જોઈએ.

(૪) મનુષ્ય 'દેવ' કહેવાય છે, તે મુખ્ય દેવ છે તેથી જ.

## દેવો આવતા નથી તેનાં કારણો:

(૧) સંક્રાંત દિવ્યપ્રેમ (૨) નિત્ય અસમાપ્ત કર્તવ્ય

(૩) મનુષ્ય અનધીનતા

(૪) મનુષ્યલોકની દુર્ગન્ધ ૪૦૦/૫૦૦ યોજન સુધી છે.

## દેવો આવે છે તેના કારણો:

(૧) જિન કલ્યાણકો હોય, ત્યારે દેવો આવતાં હોય છે.

(૨) સમવસરણ ભૂમિ ઉપર દેશના સુણવા આવે છે.

(૩) તપોગુણયુક્ત મહર્ષિઓથી પ્રભાવિત થઈ આવે છે.

(૪) પૂર્વરાગ - વૈર - સંતાન - કામને કારણે આવે છે.

## નરકલોકની સિદ્ધિ - આગમ પ્રમાણ:

(૧) ઇંદ્રિય પ્રત્યક્ષનો વિષય પરિમિત છે.

(૨) સ્વવ્યતિરિક્ત ઇંદ્રિયોથી થાય છે, માટે પરોક્ષ છે.

(૩) સંબંધ સ્મરણથી થાય છે, માટે પરોક્ષ છે.

(૪) ઉત્કૃષ્ટ પાપનું ફળ ભોગવવા માટે નરક છે.

(૫) ઇંદ્રિયજ્ઞાન પરોક્ષ છે, માટે તે અનુમાન માત્ર છે.

## પરલોકની સિદ્ધિ માટેના અનુમાનો:

(૧) આત્મા ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્ત છે.

(૨) શશશૃંગાદિની ઉત્પત્તિ નથી તથા
નરકતિર્યંચાદિનો સંપૂર્ણ નાશ નથી.

(૩) કોઈ ધર્મ વડે ઉત્પાદ, કોઈ ધર્મ વડે નાશ અને
વસ્તુરૂપે કાયમ, એ પ્રત્યેક વસ્તુનો સ્વભાવ છે.

(૪) આત્મા એ મનુષ્યના પર્યાયરૂપે નાશ,
દેવના પર્યાયરૂપે ઉત્પાદ અને આત્મસ્વરૂપે કાયમ છે.

મોક્ષસિદ્ધિ માટેના અનુમાનો:

(૧) દીપકના નિર્વાણની જેમ નિર્વાણ નથી.

(૨) પ્રદીપનો અગ્નિ અંધકાર રૂપે પરિણામે છે.

(3) દીપક ચક્ષુગ્રાહ્ય છે, અંધકાર ઘ્રાણગ્રાહ્ય છે.

(૪) જીવ એ ક્યારેય અજીવ બનતો નથી તથા અજીવ એ ક્યારેય જીવ બનતો નથી.

આકાશ મૂર્ત કે પરમાણુ અમૂર્ત થતાં નથી.

આત્માના સ્વભાવનો પરિત્યાગ અશક્ય છે. ઉત્કૃષ્ટ જ્ઞાની અને અવ્યાબાધ સુખ એ સિદ્ધનું સ્વરૂપ છે.

પુણ્ય - પાપસિદ્ધિ માટેના અનુમાનો:

(૧) પુણ્ય-પાપ તેના કારણ અને કાર્યથી પ્રત્યક્ષ છે.
કારણ દાન - હિંસાદિ છે અને કાર્ય સુખ-દુઃખાદિ છે.
કારણ અને કાર્ય એક જ નામથી સંબોધાય છે.

(૨) પુણ્ય - પાપ સ્વતંત્ર છે.
તેનાં ફળભૂત સુખ-દુઃખાદિ એકસાથે અનુભવાતા નથી અને કારણભૂત યોગ એક સમયે શુભાશુભ હોતા નથી.

(3) દૃષ્ટ હેતુ માતાપિતાદિ સમાન હોવા છતાં ભાઈભાંડુમાં સુરૂપ - કુરૂપ આદિરૂપે શરીરની વિચિત્રતા પુણ્ય - પાપ અદૃષ્ટ કર્મ વિના ઘટે નહિ.

## પુદ્ગલ આ ભવમાં તેવું જ પરભવમાં કેમ નહિ?

(૧) 'જેવું કારણ તેવું જ કાર્ય' એવો એકાંત પુદ્ગલ દ્રવ્યમાં નથી. શૃંગથી શર, ગોલોમ - અવિલોમથી દુર્વા, સરસવથી ઘાસાદિ પ્રત્યક્ષ છે.

(૨) 'યોનિ પ્રાભૃત' શાસ્ત્રમાં અનેક વિસદૃશ દ્રવ્યના સંયોગથી સર્પ - સિંહ વગેરે પ્રાણીઓ અને મણિ - સુવર્ણ વગેરે પદાર્થોની ઉત્પત્તિ કહી છે.

(3) કારણાનુરૂપ કાર્ય માને તો પણ વિચિત્રતા ઘટે છે. કારણ કર્મ પરિણતિ છે. તે પુદ્ગલ પરિણામાત્મક છે. પુદ્ગલ પરિણતિ એ અભ્રાદિની જેમ વિચિત્ર છે.

(૪) કર્મની વિચિત્રતા મિથ્યાત્વાદિ હેતુની વિચિત્રતાથી છે અને હેતુની વિચિત્રતા ક્રિયાની વિચિત્રતાથી છે. વળી ક્રિયાની વિચિત્રતા તો પ્રત્યક્ષ સિદ્ધ છે.

(૫) સ્વભાવથી સદૃશતા ન મનાય. સ્વભાવને અકારણતા માનવાથી હેતુ વિના જેમ સદૃશતા થાય, તેમ રીતે અસદૃશતા પણ કેમ ન થાય? સ્વભાવને વસ્તુધર્મ કે વસ્તુ માનો તો તે ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક છે. તો એક ભવમાં પણ જો સમાનતા - અસમાનતા બંને છે, તો ભવાંતરમાં સદૃશતા જ કેમ રીતે રહે?

## ક્ષણિકવાદ નિરાસ (ખંડન)

(૧) ક્ષણિક વિજ્ઞાન સર્વ પદાર્થોની
ક્ષણિકતાને કેવી રીતે જાણી શકે?

(૨) ક્ષણિક વિજ્ઞાન એક વિજ્ઞાન સંબંધી
ક્ષણિકત્વ - નિરાત્મકત્વ, સુખ - દુઃખત્વાદિ
અનેક ધર્મોને કેવી રીતે જાણી શકે?

(3) પોતાના વિષયમાત્રની ક્ષણિકતા જાણવાને અસમર્થ છે,
તો પછી બાહ્ય વિજ્ઞાનાદિની ક્ષણિકતા કેવી રીતે જાણી શકે?

(૪) ક્ષણવાદમાં વાસના ઘટી શકતી નથી.
જે વાસક અને વાસ્યની વ્યાપ્તિ સ્વીકારે,
તેને મતે જ વાસના ઘટી શકે છે.

## શૂન્યવાદનું ખંડન

(૧) 'સ્વપ્નવિજ્ઞાનની જેમ સર્વ અસત્ય છે'
એમ ન કહેવું.
સ્વપ્નવિજ્ઞાન દૃષ્ટ - શ્રુતાનુભૂત અર્થનું જ થાય છે,
અનનુભૂતાદિનું થતું નથી.
માટે સ્વપ્નવિજ્ઞાન એ ઘટવિજ્ઞાનની જેમ સત્ય છે.

(૨) વસ્તુનો સર્વથા અભાવ માનવામાં
નીચેની વસ્તુઓનો વ્યવહાર કદી ઘટી શકે નહિ:

સત્યાસત્વ - તથ્યાતથ્ય, કાર્યકારણ - સાધ્યસાધન,

વાચ્યવાચક - ગ્રાહ્યગ્રાહક,

સ્વપર - સ્થિરાસ્થિર, ગંધર્વનગર - પાટલિપુત્રનગર,

કર્તા - કર્મ - ઔપચારિક - પારમાર્થિક.

(૩) સર્વ સમાનતા, વિપર્યય કે અગ્રહણ કેમ ન થાય?

(૪) શૂન્યતા એ અસત્વ કેમ ન મનાય અને

અશૂન્યતા એ સત્વ કેમ ન મનાય?

(૫) વસ્તુની ઉત્પત્તિ સ્વતઃ પરતઃ ઉભયતઃ અન્યતઃ

ઘટે નહિ. જાત, અજાત, જાતાજાત, જાયમાન ઘટે નહિ.

(૬) અસ્તિત્વ અને ઘટની એકતા કદાપિ ઘટે નહિ.

(૭) દૃષ્ટ વસ્તુનો અભાવનો ભાગ કદાપિ ઘટે નહિ.

## નિશ્ચયમતની સમીક્ષા

(૧) કેવળ સાધક પણ માનવાથી,

કારક પણ નહિ માનવાથી અને કારક પણનો સર્વથા

નિષેધ કરવાથી એકાંત નિયતિવાદ સાબિત થાય છે.

(૨) કેવળ યોગ્યતાવાદને માનવાથી અને કર્મવાદને નહિ

માનવાથી કે નિષેધ કરવાથી એકાંત સ્વભાવવાદ આવે છે.

(૩) કેવળ ઉપાદાન માનવાથી અને

નિમિત્તનો ઇન્કાર કરવાથી અહેતુવાદ આવે છે.

(૪) કેવળ નિશ્ચયવાદને માનવાથી સર્વ વ્યવહારનો
સર્વથા, નિષેધ કરવાથી એકાંત અદ્વૈતવાદ આવે છે.

(૫) ધર્માનુરાગને મોક્ષનું સાધન ન માનવાથી
ધર્મ અપ્રયોજનભૂત કરે છે.

(૬) શરીરાદિની ક્રિયાને અહેતુક અને નિરપેક્ષ માનવાથી
કોઈપણ કાર્ય હોય - ઉદ્દેશ રહેતું નથી.

(૭) નિમિત્તને કાર્યની ઉત્પત્તિમાં સહાયક નહિ માનવાથી
પ્રત્યક્ષ અનુભવનું ખંડન થાય છે.

(૮) પ્રવૃત્તિ રૂપ ચારિત્રને નિરર્થક માનવાથી
વ્યવહાર ચારિત્રની ઉપાદેયતા નષ્ટ થાય છે.

(૯) બહિરંગ કારણોને કારણ નહિ માનવાથી તો દ્રવ્ય
અહિંસા અને ભોજનની શુદ્ધતા આદિનો નિષેધ થાય છે
અને તેથી સ્વચ્છંદ વૃત્તિને પણ પોષણ મળે છે.

(૧૦) ત્યાગી મુનિઓને વંદનાદિનો નિષેધ કરવાથી વિનય-
ગુણનો લોપ થાય છે અને જૈન સંસ્કૃતિનો નાશ થાય છે.

(૧૧) નિર્દોષ જિનવાણી ઉપર પણ આઘાત થાય છે.

(૧૨) નિમિત્ત - નૈમિત્તિક સંબંધની વ્યાખ્યા સિદ્ધાંતથી સાવ
વિરૂદ્ધ છે. તેથી મિથ્યાદુરાગ્રહનું સેવન થાય છે, એકાંત-
વાદનું પોષણ થાય છે, અનેકાંતવાદનું ખંડન થાય છે.

## द्रव्येन्द्रिय अने भावेन्द्रिय

द्विविधानि हीन्द्रियाणि। द्रव्येन्द्रियाणि भावेन्द्रियाणि च।
तत्र द्रव्येन्द्रियाणि स्पर्शनेन्द्रियाद्याकारपरिणतानि
पुद्गलद्रव्याणि।
भावेन्द्रियाणि स्पर्शादिष्वभिलाषोपाधिरूपाणि,
तेषां जयो लौल्यपरिहारेणावस्थानम्।
दुर्जयेन्द्रियजयं प्रति कोऽसाधारणोपाय इत्याह-
मनःशुद्धिः, मनसो निर्मलत्वेन, सत्स्वन्येष्वपि
यम-नियम-वृद्धसेवा-शास्त्राभ्यासादीनीन्द्रिय-
जय-कारणानि किन्तु साधकतमं मनःशुद्धिरेव।
अन्यानि तु नैकान्तिकानि, नात्यन्तिकानि वा,
अविशुद्धे हि मनसि यम-नियमादीनि
सन्त्यपि नेन्द्रियजयनिबन्धनानि।
मनःशुद्धिः केषांचित् स्वभावत एव भवति मरुदेव्यादीनाम्।
केषांचित् तु यमनियमाद्युपायबलात्
नियन्त्रिते मनसि भवति।
केयं मनसः शुद्धिः? लेश्या विशुद्ध्या
मनसो निर्मलत्वम्। काः पुनर्लेश्याः?
कृष्णादिद्रव्यसाचिव्यादात्मनस्तदनुरूपः परिणामः।

(પરિશિષ્ટ-૧૬)

कृष्णादिद्रव्याणि च सकल कर्मप्रकृति निःस्यन्दभूतानि,
तदुपाधिजन्मानो भावलेश्याः कर्मस्थितिहेतवः ।
एताश्चाऽशुभतमऽशुभतरऽशुभ - शुभशुभतर
शुभतमात्मपरिणामरूपा जम्बूफलस्वादकदृष्टान्ताद्
ग्रामघातकदृष्टान्ताच्चावसेयाः ।
एतेष्वाद्यास्तिस्रोऽप्रशस्ताः, उत्तरास्तिस्रः प्रशस्ताः
एताश्च मनुष्याणां परिवर्त्तमाना भवन्ति ।
ततश्च यदा उत्तरास्तिस्र आत्मनो
भवन्ति तदा विशुद्धिरित्याख्यायते ।
यदा चैता मरणकाले भवन्ति,
तदा तदनुरूपासु गतिष्वात्मा प्रयाति ।
जल्लेसे मरइ तल्लेसेसु उववज्जइ । लौकिकास्त्वाहुः
'अन्ते च भरतश्रेष्ठ । या मतिः सा गतिर्नृणाम् ॥'
अत्र यदि मतिश्चेतना मात्रं तदा या मतिः
सा गतिरिति किं केन संगतम् ? अथाशुभतमादि
परिणामयुक्तामतिर्व्याख्यायते तर्हिदमेव
पारमर्षं वचनं साध्वित्यलम् प्रसंगेन ।
एवं तावद् अशुभलेश्यात्यागेन
विशुद्धलेश्या परिग्रहेण च मनसः शुद्धिरुक्ता ।

(परिशिष्ट-१७)

નામ, સ્થાપના અને દ્રવ્યમાં અભિધાન, દ્રવ્યત્વ
અને તદર્થશૂન્યત્વ, એ ત્રણે બાબતો સમાન હોવા છતાં
નીચેના કારણે તફાવત પણ છે:

નામ - સ્થાપના અને દ્રવ્યાદિ નામનું કાર્ય ધરું નથી.

સ્થાપના - આકાર, અભિપ્રાય, બુદ્ધિ, ક્રિયા અને ફલ એ પાંચ વસ્તુ સ્થાપનામાં છે, જે નામ અને દ્રવ્યમાં નથી.

દ્રવ્ય - પોતે ભાવરૂપ બનીને ભાવનું કારણ બને છે.

ભાવ - ત્રણેથી ભિન્ન અભિધેયત્વ, કાર્યત્વ તથા
તદર્થયુક્તત્વ એ ભાવનું લક્ષણ છે.

◎ બુદ્ધિનો નિર્ણય એ જ્ઞાન નથી પણ જ્ઞાનનું પહેલું પગથિયું છે. આપણને કોઈ દેશ જોવાની ઇચ્છા થાય, ત્યારે પહેલાં તો આપણે તેને વિષે પુસ્તકો વાંચીએ છીએ, તેનાં મુખ્ય સ્થાનોનાં ચિત્રો જોઈએ છીએ. આમ કરવાથી આપણને તે દેશ વિષે સામાન્ય ખ્યાલ આવે છે પણ તેનાં વિશેષ જ્ઞાનને માટે તે તરફ પ્રયાણ કરીને તેને પ્રત્યક્ષ જોવાની આવશ્યકતા રહે છે. આ બુદ્ધિનો વિષય નથી પણ અનુભવનો વિષય છે. તે જ પ્રમાણે આધ્યાત્મિક વિષયમાં માનવની બુદ્ધિ
એક માર્ગદર્શક ભોમિયાનું કામ કરે છે.

જેવી રીતે રસ્તો બતાવનાર ભોમિયો
એમ પોતાનું કાર્ય સમાપ્ત કરીને ચાલ્યો જાય છે,
તેવી રીતે બુદ્ધિને પણ નિશ્ચલ થતી વખતે
પોતાનો વ્યાપાર સમેટી લેવો પડે છે.
એમ બુદ્ધિ સહાયક છે તેમ અવરોધક પણ છે.
જ્યારે ચિત્ત શાંત - વિમલ થાય છે, ત્યારે જ સર્વના
અધિષ્ઠાન તરીકે રહેલાં આત્મતત્ત્વનું ભાન થાય છે.
આને માટે તીવ્ર અલીપ્સા અને સંસારના નાશવંત પદાર્થો
અને પંચભૂતાત્મક શરીરો પ્રત્યેની લોલુપતાને
ખાસ જડમૂળથી ઉખેડી નાખવા જોઈએ.
જે વસ્તુ એકવાર પ્રિય લાગી,
તે જ વસ્તુ સંજોગો બદલાતા અપ્રિય થઈ પડે છે. સુખ
- દુઃખનાં દ્વન્દ્વો અભિમાનને લીધે જ ઉત્પન્ન થાય છે.
જે રીતિએ આત્મા આદિ અને અંતરહિત છે, તેમ
અવયવોથી પણ રહિત છે. વિષયોના તથા ઇંદ્રિયોના
ખરા સ્વરૂપનું ભાન થવાથી જ સમદૃષ્ટિવાળો થાય છે.
આ જગતના સત્યપણાની અને આત્માના અસત્યપણાની
બુદ્ધિને છોડી દઈને બંનેના નિમિત્તરૂપ મનને એકકરણ
ગણીને, આત્મામાં જ દૃઢ નિષ્ઠા રાખતાં શીખવું જોઈએ.

સર્વ જગત પુદ્ગલ કલ્પ જ છે. એમ સમુદ્રમાંથી તરંગો ઉત્પન્ન થઈ પાછા તેમાં જ સમાઈ જાય છે, તે જ રીતે આત્મામાંથી સર્વ કલ્પનાઓની ઉત્પત્તિ થાય છે અને

પાછા તેમાં જ લીન થઈ જાય છે.

આત્મા આ ક્રિયાઓનું નિર્લેપ અધિષ્ઠાન છે. સુખમાં સુખબુદ્ધિ, દુઃખમાં દુઃખબુદ્ધિ, લાભમાં લાભબુદ્ધિ, હાનિમાં હાનિબુદ્ધિ, જયમાં જયબુદ્ધિ અને પરાજયમાં પરાજયબુદ્ધિ ન રાખતાં સર્વમાં કલ્પબુદ્ધિ રાખવી જોઈએ. કર્મનો આશ્રય પણ કલ્પ છે. કર્મ, કર્મનું ફળ, કર્તા અને કર્મનો પ્રેરક પણ તે જ છે. એ વિચારને સુસ્થિર કરીને સતત પરમાત્માનું સ્મરણ કરવું, તેની સાથે પોતાના સ્વભાવ અને સ્વધર્મ અનુસાર વ્યવહારપરાયણ રહેવું.

આસક્તિ જ કર્તાપણું છે. મનથી ઇંદ્રિયોને સંયમમાં રાખી સ્વધર્માનુસાર કર્મમાં જ પ્રવૃત્ત રહે, તે જ શ્રેષ્ઠ મનુષ્ય છે. કામનાવાળો દરિદ્રી કદી શાંતિ મેળવી શકતો નથી. સર્વ પ્રકારની ચિંતાઓને અને સ્વસ્વરૂપ વિષેની શંકાઓને દૂર કરીને, કામનને માટે ધૈર્ય સંપન્ન થઈને,

મહાકર્તા, મહાભોક્તા, મહાત્યાગી બનીને

સંસારમાં વિહાર કરવો, એ જ પરમ કર્તવ્ય છે.

મહાત્માને જ્યારે ઉર્ધ્વગતિ કરવી હોય છે, ત્યારે ચિત્તમાં રહેલી સર્વ વિપરીત ભાવનાઓને તિલાંજલિ આપવી પડે છે. ધર્મ, જાતિ અથવા કોમવિષયક સર્વ પરિમિત ખ્યાલોનો ત્યાગ કરીને જ મહાત્મા આગળ વધી શકે છે. દુરજ્યાત સંસાર કષ્ટદાયક થઈ પડે છે, કારણકે માનવ મનમાં નામ ને રૂપાત્મક પદાર્થો માટે અત્યંત લોલુપતા હોય છે. જ્ઞાની સર્જન અને સંસાર બંનેથી નિર્લેપ રહી બંનેમાં એકરસપણે જ આનંદ અનુભવતો હોય છે. જગતમાં જે જે વિસંવાદો જણાય છે, તેનું મૂળ કારણ અજ્ઞાનતા છે. વાસ્તવ દૃષ્ટિએ જોતાં સર્વ જગત સંવાદમય અને આનંદમય જ છે, કારણકે આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને આ વિશ્વ પણ પરમાત્માનું જ પ્રતીક છે. પરમાત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય, તો મનને સ્વસ્થ, સુદૃઢ બનાવવું પડે છે, બુદ્ધિને સર્વ પૂર્વગ્રહોથી સર્વાંશે વિમુક્ત કરવી પડે છે,

સ્થિર દૃષ્ટિ કેળવવાની ટેવ પાડવી પડે છે,

ધીર, વીર, સ્થિતપ્રજ્ઞ પણ થવું પડે છે.

સિદ્ધ પુરુષો અને ઉત્તમ કોટિના સાધકો પરમાત્માના દરેક સ્વરૂપને પૂજે છે, દરેક રૂપની પાછળ રહેલા રહસ્યને

જાણે છે, ભયાનક વિનાશની મધ્યમાં પણ તેઓને પરમાત્માની આનંદ અનુકંપાની ઝાંખી થાય છે. અજ્ઞાનના તત્ત્વો, જેઓનો નાશ જગતના ઉત્કર્ષ માટે જરૂરી છે, જેઓ જગતને પોતાના કબજામાં રાખવા માટે મથી રહ્યાં છે,

તેમને જ પ્રભુનો ડર લાગે છે.

સંટાર સંસ્કારી પુરૂષોના પરિત્રાણ માટે, પાપીજનોના વિનાશ દ્વારા ઉદ્ધાર માટે તથા ધર્મના સંસ્થાપન માટે જ જન્મ છે.

'જગત' કે 'સંસાર' ગમે તે શબ્દ લઈએ,

તો એમાં ગતિવાળી કે સરી જતી વસ્તુનું સૂચન છે. સરી જતા વિશ્વના તથા સંસારના પદાર્થો વચ્ચે સારા-માઠા સંસ્કાર ધારણ કરતું વ્યક્તિનું જીવન હોય છે.

જગતમાં પ્રતિક્ષણ ફેરફાર થયા કરે છે.

કુટુંબ, સમાજ કે જગતના સંબંધોમાં આપણે એટલા સતત પરોવાયેલા રહીએ છીએ કે પરોવાનાર તત્ત્વનો, સર્વ ફેરફારના સાક્ષીનો કે સર્વ સંસ્કારોના ઝીલનારનો

ખ્યાલ સુદ્ધાં આપણને આવતો નથી.

આપણે આપણા જૂદી જૂદી પરિસ્થિતિઓનો જ આકાર ધારણ કરીએ છીએ. તે વગરના આપણા અસ્તિત્વનો આપણને વિચાર કે ખ્યાલ પણ આવતો નથી. તે વગરના

અસ્તિત્વનો વિચાર કરતાં દિશા ભૂલેલ મુસાફરની જેમ મૂંઝાઈએ છીએ. ખરેખર આપણે જે રીતે જીવન જીવીએ છીએ, તેમાં ધ્યાતા કે ધ્યેય બેમાંથી એક પણ નથી, માત્ર ધ્યાન છે. મોટરમાં બેસાડી શહેરમાં કોઈ આપણને આમ-તેમ ફેરવી આવે અને જે છાપ પેદા કરે, તેના કરતાં પણ વિચિત્ર, કાંકરા જેવી, સંસારની ખરબચડી છાપ આપણા ઉપર પડે છે. તેમાંથી આપણે મુક્ત થઈ શકતા નથી, ઊલટું 'તે જ જીવન છે અને તે જ જીવનરસ છે' એમ માનીએ છીએ. એ સંસ્કારો સતત ઝીલવાની પ્રવૃત્તિમાં વિવેક લાવવો હોય, પદ્ધતિ-નિયમ-સરળતા કે સાર્થકતા લાવવા હોય,

તો એ સંસ્કાર સંઘાતનો સાક્ષી કોણ થાય છે,

એ મનુષ્યે વારંવાર વિચારવું જોઈએ.

મનુષ્યે પોતાના જીવનનું મધ્યબિંદુ કે જેના વડે જીવનમાં કાંઈ પણ રસ કે રહસ્ય છે, તે શોધી કાઢવું જોઈએ. 'બધાં પ્રાણીઓ જીવે છે, એમ આપણે જીવીએ છીએ અને બધાં પ્રાણી મરે છે, અમે મરી જઈશું' એ એક રીતે સાચું છે પણ એમાં જીવનરહસ્ય નથી. ધ્યાન અને પ્રાર્થના એ આ વ્યક્તિજીવનના મધ્યબિન્દુની શોધ છે. વ્યક્તિજીવનનું સંતુલન કરનાર કેન્દ્ર એ સ્થાપે છે.

વ્યક્તિને પોતાનું અભિમાન થાય,
એ ખાતર પ્રાર્થના નથી, વ્યક્તિને પોતાના વૈયક્તિક તત્ત્વ વિશે હંમેશા જાગૃતિ રહે, તે ખાતર પ્રાર્થના છે.

વિજ્ઞાતારં અરે કેન જાનીયાત્ ?

વિજ્ઞાતાને પૂર્ણપણે આપણે ભાગ્યે જ ઓળખી શકીશું પણ 'એ છે' અને 'અમુક અમુક એ નથી' એટલું વારંવાર સ્મરણ રહ્યા કરે, એ જીવનવિકાસ માટે જરૂરી છે. એ માટે ધ્યાન અને પ્રાર્થના દ્વારા પોતાપણામાં મનુષ્યે સંનિવિષ્ટ - સંનિષ્ઠ થવું જોઈએ. ધ્યાનનું આ કાર્ય તથા પ્રયોજન છે. બાહ્યાકાર આત્માને આત્મશોધ અને આત્મદર્શનને અનુરૂપ બનાવવાનું કાર્ય પણ ધ્યાનનું છે. સંસારયાત્રામાં ઘડીક ઘડીક થંભી જઈ આત્મતત્ત્વની દૃષ્ટિએ પરિસ્થિતિનો વિમર્શ કરવો જરૂરી છે. આ આત્મ-તત્ત્વ નિર્બળ નથી. જે સૂક્ષ્મ છે, તે સ્થૂળની સરખામણીમાં દેખાય છે ઓછી શક્તિવાળી પણ વસ્તુતઃ વધારે સમર્થ હોય છે. વ્યક્તિના સૂક્ષ્મ આત્મતત્ત્વમાં કોઈ ગૂઢ શક્તિ રહેલી છે, જેને મનુષ્ય શોધી અને વિકસાવી શકે, કામમાં લઈ શકે. આખા વિશ્વમાં ચેતનાનો મહાસમુદ્ર છે, તેનો અંશમાત્ર આપણું વ્યક્તિત્વ, આપણી ચેતના છે. આપણી

ચેતનાનું વિશ્વચેતના સાથે અનુસંધાન થાય, થયા કરે તો તેનું સામર્થ્ય, સ્થિરતા અને શાંતિ વધે. પરમતત્ત્વ તરફ અભિમુખતા કે ઉન્મુખતા થતાં, તેની ભાવના થતાં જ, પરમતત્ત્વની શક્તિનો વ્યક્તિમાં સંચાર થાય છે. એમ કમળ ઉન્મુખ થાય કે સૂર્યનાં કિરણો તેના દલને ઉત્ફુલ્લ કરે, તેમ ઈશ્વરનો વિચાર, સ્મરણ, પ્રાર્થના, ધ્યાન કે ઉપાસના તેની સમગ્ર શક્તિ આપણા તરફ વાળે છે. એમ પર્વતનું દર્શન સ્થિરતાનો ભાવ જન્માવે છે, સમુદ્ર-દર્શન વિશાળતાનું ભાન કરાવે છે, તેમ ધ્યાન દ્વારા ઈશ્વરની કાર્યશક્તિનું અલ્પ પણ દર્શન - કૃતકૃત્યતાનું ભાન કરાવે છે. એ અનુસંધાન સતત રહે તો વ્યક્તિનો પૂર્ણ મોક્ષ થાય છે. અનુસંધાન થતાં આ સંસારની રંગભૂમિ ફીટી જતી નથી પણ હવે તેને જુદે સ્વરૂપે ભાસે છે. સંસારના સંબંધો ઓગળી જતા નથી પણ તેના વ્યવહાર માટે તેને ઉત્તમ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. ઈશ્વરનું અનુસંધાન કર્મણ્યતા કે કાર્યપરાયણતાને ઓછી કરતું નથી, બલ્કે તેમાં નિર્મળતા અને કુશળતા આણે છે. એમ આકાશ, સમુદ્ર, પર્વત, પૃથ્વી, વર્ષા, વસંત, વૃક્ષ, પુષ્પ, નદી, સરોવર વગેરે વિશ્વના પદાર્થો અને

ઘટનાઓને આત્મવિષયક, આત્મપોષક બનાવી શકાય,
તેમ સંસારના સર્વ સંબંધો અને કર્તવ્યોને ઈશ્વરના
પ્રણિધાન વડે આત્મદર્શનનાં સાધન બનાવી જ શકાય.

<u>વિષયોના દોષ - પરમાર્થ દુઃખ</u>

(૧) સુખ અલ્પ અને કલ્પિત (સરસવ, બિન્દુ).
દુઃખ અનલ્પ અને ગહન (મેરુ, સાગર).
(૨) આપાતરમ્ય - પરિણામ દુઃખ.
વધ્ય પશુ અથવા ચોરનું મંડન -
શોફ (સોજા) પુષ્ટત્વ - જળોનું રુધિરપાન.
(3) ગર્ભવાસ - નરક - તિર્યંગાદિનાં દુઃખ.
મૃત્યુ, રોગ, વૃદ્ધાવસ્થા, દાસ્ય અને દારિદ્ર્યનાં દુઃખ.

<u>કષાયોનાં દોષ - પરમાર્થ શત્રુ</u>

(૧) ક્રોધાદિ પુણ્યનો નાશ - સત્યાદિ તપ અને મોક્ષ.
આ લોકમાં વૈરાદિ - પરલોકમાં નરકાદિ.
(૨) માનમુક્તિઆદિ મોક્ષ - માનાદિ દુર્ગતિનાં દુઃખ.
માન આપનાર અપકારી, અપમાન કરનાર ઉપકારી.
(3) માયાદિ થતાં ધર્મમાં કાયક્લેશ અને બોધિદુર્લભતા.
લાભાદિનો લોભ સુખ માટે હોય છે, જ્યારે
ધનાદિનો લોભ દુઃખ માટે હોય છે.

## મિથ્યાત્વના દોષ - પરમાર્થ અંધત્વ

સર્વ તત્ત્વોમાં ગુરુ પ્રધાનતત્ત્વ છે. ભિષક્વર (શ્રેષ્ઠવૈદ્ય)ની જેમ વૈદ્યકશાસ્ત્ર અને ભેષજ હોવા છતાં તેનો યથાસ્થાન ઉપયોગ કરવા માટે પ્રત્યક્ષ વૈદ્ય જ સમર્થ છે. જે ભવાબ્ધિ પાર લઈ જાય, તે દેવ-ગુરુ-ધર્મ. રોગ દૂર કરી આપે તે વૈદ્ય, તે ઔષધ અને તે જ શાસ્ત્ર.

જે ઇષ્ટ સ્થાને પહોંચાડે તે નાવ, વાહન કે રથ,
તેમાં સ્વ-પરનો વિભાગ નથી,
પણ જે કાર્યસિદ્ધિ કરે તે જ ઉપયોગી.

દૃષ્ટિરાગને છોડી ગુણરાગી બનવું. જેમ નિર્બળ અંગ, વંધ્યા-ગોત્રી પુત્ર કે પશુ, દરિદ્રનૃપથી લક્ષ્મી કે સંપત્તિ ન મળે, તેમ કુદેવ કુગુરુ કુધર્મથી શાંતિ કે શિવોપાય ન મળે. સારી રીતે આરાધેલા દેવ-ગુરુ-ધર્મથી જે હિત થાય, તે માતા, પિતા, બંધુ, મિત્ર, વિદ્યા, ધન, જાતિ કે કુળથી ન થાય.

ધર્મમાં જોડનાર હોય, તે જ સાચા માતા-પિતા, બંધુ, મિત્ર, સ્વામી કે ગુરુ ગણાય, બાકી શત્રુઓ છે. ગુર્વાદિકનો યોગ પામી જે પ્રમાદ કરે, તે તળાવે તરસ્યો, ભર્યા ઘરમાં ભૂખ્યો, કલ્પતરુ છતાં દરિદ્રી સમજવો. ધર્મ-શિક્ષા, ગુરુ-દેવભક્તિ કે વૈરાગ્યનો એક લવ પણ જેને

નહિ, તેનો જન્મ પશુની જેમ માતાને ક્લેશ આપનારો કે
ભૂમિને ભારભૂત બનારો છે. જેનું નશ્વર તન-મન-ધન-
યૌવન જો દેવ-ગુરુ-સંઘ-સાધર્મિકની સેવામાં ન વપરાય,
તો તેને ભવોદધિમાં ડૂબતાં કોણ ઉગારે?

અવિરતિ-પ્રમાદ-દુષ્ટયોગો એ નરક-અનર્થ-ચોરરૂપ છે.

અવિરતિને પ્રમાદ માને પણ નરક ન માને.
પ્રમાદ કદમ્બકને સ્નિગ્ધ મિત્રવૃંદ માને,
કિન્તુ અનર્થનો પ્રવર્તક ન માને.
દુષ્ટયોગોને બહુધનાર્જનશીલ પુત્ર માને,
કિન્તુ ગુણાપહારિ ચોર ન માને.

अर्हं लक्ष्यीकृत्य ध्यानध्वानादादिविच्युतौ शशिनम् ।
इदं वर्णमात्रमक्षरमावीक्षितमारितुं शक्यं ॥५५॥
पश्यत्यनाहताभिधदेवोऽसौ सूक्ष्मलक्ष्यगतस्तस्माच्च ।
गलित लक्ष्यो ज्योतिर्मयमीक्षते विश्वं ॥५६॥ - युग्मं
- श्री सिंहतिलकसूरिकृत मंत्रराज रहस्य (પરિશિષ્ટ-૧૮)

## અર્હંનાં પદસ્થ ધ્યાનના આઠ સોપાન

(૧) ધ્યાન (૨) નાદ વિચ્યુતિ (૩) શશિપ્રભ વર્ણમાત્ર
(૪) અક્ષરભાવીક્ષિત (૫) અનાહત દર્શન (૬) સૂક્ષ્મ લક્ષ્યગત
(૭) ગલિત લક્ષ્ય (૮) જ્યોતિર્મય વિશ્વદર્શન

વિદ્યાશાળા, રાજનગર, ચૈત્ર વદ-૧૨

શબ્દાજ્જાપો મૌનં, તસ્માત્ સાર્થઃ તતોऽપિ ચિત્તસ્થઃ ।
શ્રેયાનિહ યદિ વા આત્મધ્યેયૈક્યં જાપ સર્વસ્વમ્ ॥

(પરિશિષ્ટ-૧૯)

ચેતોહરા યુવતયઃ સ્વજનોऽનુકૂલઃ
સદ્ બાન્ધવાઃ પ્રણયગર્ભગિરશ્ચ ભૃત્યાઃ ।
ગર્જન્તિ દન્તિ નિવહાસ્તરલાસ્તુરંગાઃ
સંમીલને નયનયોર્ન હિ કિંચિદસ્તિ ॥૧॥

(પરિશિષ્ટ-૨૦)

શ્રી સિંહતિલકસૂરિકૃત મંત્રરાજ રહસ્યમાંથી...

અર્હં જપાત્ક્ષયમરોચકમગ્નિમાંદ્યં
કુષ્ઠોદરામ-કાસ-શ્વાસનાનિ હન્તિ ।
પ્રાપ્નોતિ ચાऽપ્રતિમવાગ્ મહતી મહદ્ભ્યઃ
પૂજાં પરત્ર ચ ગતિં પુરુષોત્તમાપ્તાં ॥૫૨॥ અપિ ચ

(પરિશિષ્ટ-૨૧)

કનક-કમલગર્ભે કર્ણિકાયાં નિષણ્ણં
વિગત-તમસમર્હં સાન્દ્રચન્દ્રાંશુગૌરં ।
ગગનમનુસરંતં સંચરન્તં હરિત્સુ
સ્મર જિનપતિકલ્પં મન્ત્રરાજં યતીન્દ્રઃ ॥૫૩॥

(પરિશિષ્ટ-૨૨)

इति सर्वत्रगं ध्यायन् अर्हमित्येकमानसः ।
स्वप्नेऽपि तन्मयो योगी किंचिदन्यन्न पश्यति ॥५४॥
इति सर्व वर्ण-मूर्ति-अर्हंतं सर्वमेरुगतमंतः ।
ध्यायन् सूरिः सकलागमश्रुतार्थवक्तागतभ्रान्तिः ॥५५॥

- उक्तं च (પરિશિષ્ટ-૨૩)

गंगातीरे हिमगिरिशिला बद्धपद्मासनस्य
ब्रह्मध्यानाभ्यसन विधिना योगनिद्रांगतस्य ।
किं तैर्भाव्यं मम सुदिवसैर्यत्र ते निर्विशंकाः
संप्राप्स्यन्ते जरठहरिणाः श्रृंगकंडूविनोदम् ॥

अत एवाहुः अलंकार चूडामणौ - (પરિશિષ્ટ-૨૪)

વૃત્તિમાં સૂત્રાર્થ સમજાવતાં ગ્રન્થકાર કહે છે કે:

'वैराग्य-संसारभीरुता-तत्त्वज्ञान वीतराग परिशीलन-परमेश्वरानुग्रहादिर्विभावः, यमनियमाध्यात्मशास्त्र-चिन्तनादिरनुभावः, धृति-स्मृति-निर्वेदमत्यादिर्व्यभिचारी तृष्णाक्षयरूपः शमः स्थायिभावश्चर्वणाप्राप्तः शान्तोरस इति'

- काव्या० अ० २, सू० १८

शमशान्तयोः सिद्धसाध्यतया, लौकिकालौकिकः ।

(પરિશિષ્ટ-૨૫)

## મંત્રસાધકે શું શું ધ્યાન રાખવું ?

મંત્રસાધકે બ્રહ્મચર્ય પાળવું.
કંદમૂળ - રાત્રિભોજન તજવું.
અસત્ય - ચોરી - ક્રોધનો ત્યાગ કરવો.
મંત્રસાધનાથી જે દ્રવ્ય કે શક્તિ પ્રાપ્ત થાય,
તેનો દુરૂપયોગ ન કરવો.
મંત્રની સિદ્ધિ માટે વિશિષ્ટ ધર્મારાધના કરી
અશુભ કર્મનો ક્ષય કરવો.
મંત્ર સિદ્ધ થયા પછી જે સાધકો
વ્રત કે નિયમો પાળે નહિ,
લક્ષ્મી આદિનો દુરૂપયોગ કરે,
તેના ઉપર મંત્રદેવતા કોપાયમાન થાય.
માટે મંત્રસાધકોએ પોતાના જીવનમાં
પવિત્રતા જાળવવા ખૂબ ધ્યાન રાખવું.

निर्बीजमक्षरं नास्ति नास्ति मूलमनौषधं ।
निर्धना पृथ्वी नास्ति आम्नायाः खलु दुर्लभाः ॥१॥

અર્થ: દરેક અક્ષર મંત્રબીજસ્વરૂપ હોય છે, દરેક મૂળીયા ઔષધી સ્વરૂપ હોય છે, પૃથ્વીના દરેક સ્થાને ધન રહેલું હોય છે, માત્ર તેનો આમ્નાય દુર્લભ હોય છે.

લિપિ શાસ્ત્રમાં જેટલા અક્ષરો છે, તે બધા બળયુક્ત એટલે કોઈને કોઈ પ્રકારની શક્તિથી સંપન્ન હોય છે. માટે જ લખવા-વાંચવા કે સાંભળવાથી મનુષ્યના હૃદયમાં એક પ્રકારની અસર ઉત્પન્ન થાય છે અને તેનાથી જ મનુષ્યો સુખ અને દુઃખનો અનુભવ કરે છે.

આમ્નાય એટલે તે તે વસ્તુનું પૂર્ણ જ્ઞાન.

મંત્રસાધના કરનારે શેનો શેનો ત્યાગ કરવો જોઈએ?

કામ, ક્રોધ, લોભ, મદ, માયા, કપટ, સ્વાદ, શૃંગાર રૂપી ૧૦ વસ્તુનો ત્યાગ કરવો જોઈએ.

કૌતુક અને સ્ત્રીસંગને છોડીને મન - વચન - કાયાની એકાગ્રતાપૂર્વક મંત્ર ભણાવો, પરંતુ શ્રદ્ધા પહેલાં જોઈએ.

અક્ષરોના સંયોગોને 'મંત્ર' કહેવાય છે.

શ્રદ્ધા વિના મુક્તિ પણ ન મળે, તો મંત્ર કેમ ફળે?

એને ભણવાથી બ્રહ્માંડમાં અસર થાય છે, તેથી અધિષ્ઠાયક દેવતાઓ પોતાના સ્થાને જાણી શકે છે.

કેટલાક એવા મંત્રો છે કે જેનું હંમેશા સ્મરણ કરવાથી આત્માનું કલ્યાણ થઈ શકે.

જેમ કે પંચ પરમેષ્ઠિ મહામંત્ર, તેથી અશુભ તથા અનિકાચિત કર્મોનો નાશ થઈને

પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન થાય છે,
પરભવમાં ઉચ્ચગતિ મળે છે, ઉપરાંત
આ જન્મમાં પણ આનંદ થાય છે.

વર્ધમાન વિદ્યા, સૂરિમંત્ર, અપરાજિતા મહાવિદ્યાનાં વિધાન બહુ પ્રત્યેક અશુભ કર્મોની નિર્જરા કરાવનાર છે.

મંત્રની સાધના માટે મહાવીર નિર્વાણ કલ્યાણકનો દિવસ સર્વોત્તમ છે. ચંદ્રસ્વર ચાલતો હોય, ત્યારે મંત્ર આપવો અને ગુરુ પાસેથી મહામંત્ર લેવો.

ઈષ્ટ અને પ્રશસ્ત કાર્યોમાં ડાબી નાડી સારી માનેલ છે.
વિષયસેવન, આહાર અને યુદ્ધાદિક કાર્યોમાં
સાધકની જમણી નાડી ઉત્તમ માનેલ છે.

ગુરુ, પ્રધાન, રાજા, બંધુ અને બાળ ઈચ્છિત દેવાવાળા પાસેથી કાંઈ મેળવવું હોય તો પૂર્ણાંગે રાખવા. જે નાસિકાના છિદ્રમાંથી પવન વહેતો હોય, તે તરફ તેમને રાખીને બેસવું. શત્રુ, ચોર, લેણદાર આદિ તથા બીજા પણ ઉત્પાત, વિગ્રહ વગેરે દુઃખ આપનારાઓને ખાલી અંગે રાખવા,
જેથી તેઓ સર્વ દુઃખ આપી શકતા નહિ.

ડાબી નાડીને અમૃતમય, સૂર્ય નાડીને અનિષ્ટસૂચક તથા સુષુમ્ણાને અષ્ટસિદ્ધિ અને મોક્ષનું કારણ માની છે.

સુષુમ્ણામાં ધ્યાન કરવાથી ઘણા થોડા વખતમાં એકાગ્રતા થાય છે તથા લાંબા સમય પર્યંત તે ધ્યાન સંતતિ બની રહે છે, તેથી થોડા વખતમાં ઘણા કર્મોનો ક્ષય અને નિર્જરા સાધી શકાય છે. આથી તેમાં મોક્ષનું સ્થાન કહેલું છે.

સુષુમ્ણામાં પવનની ગતિ ઘણી મંદ રહે છે, તેથી
પણ મન ઘણી સહેલાઈથી સ્થિર થાય છે.

મન અને પવનની સ્થિરતા થતાં સંયમ, ધારણા, ધ્યાન, સમાધિ એક જ સ્થળે ઘણી સરળતાથી સાધી શકાય છે.

આ સંયમ સિદ્ધિઓનું કારણ છે,
માટે સુષુમ્ણાને સિદ્ધિઓનું કારણ કહેલું છે.

ત્રણ દરવાજા પાસે, પાટણ, 28/8/1934

બુદ્ધિથી જાણવું એ જ માત્ર જ્ઞાન નથી. જ્ઞાનની સાધના એ જ જ્ઞાન છે. સોક્રેટીસ કહેતાં કે સદ્ગુણને જ જ્ઞાન સમજું છું. સાધના અને સાધ્ય બંને એકરૂપ છે. ગુણ જ જ્ઞાન છે, તેથી વિપરીત દુર્ગુણ એ જ અજ્ઞાન છે.

0 ખરો જૈન કષાયદોષની સૂક્ષ્મમાં સૂક્ષ્મ માત્રાને પણ
જ્વાળામુખી કરતાં વધારે ભયંકર માને છે.

0 જેવું કલ્પવું, તેવું બોલવું સુલભ છે.
જેવું બોલવું, તેવું કરવું મહાદુષ્કર છે.

નરસિંહ મહેતા અને નર્મદ કવિની મુલાકાતનું વર્ણન
ચારણ કવિ માવદાએ કરેલું અને સંશોધિત આ ઘટનાનું
શોધેલું મળે છે. તેઓએ નાડી વિશે કહ્યું છે કે:

વામ નાડી ઈડા - ચંદ્ર કહેવાય છે
અમૃત ઝરતું તેમાંથી સારું,
મધ્ય તેને સહુ યોગીજન જાણતા
તે જ મંતવ્ય વળી છે અમારું. -૧
કામ ને ક્રોધ મદ લોભ રૂપી પશુ,
વધ કરીને એનું માંસ ખાવે,
યોગીજન તે ખરો માનવો મુનિવર
તંત્રગ્રન્થે વળી તે જણાવે. -૨
માયાસાગર સલિલમાં અહંકાર
તે માન એમ ભક્ષ્ય લાજ થાવે,
કુંડલી સહ શિવયોગ તે મૈથુન
પંચ મકાર એતાં જણાવે. -૩
સહજ પ્રભુ કર્મના અંતરે દુઃખ જે
થાવે, તેને હિંસા એમ જાણો...
યોગતત્ત્વે ભર્યાં વામતંત્રો બધાં
સમજતાં સત્ય લાભની ગણાવે. -૪

येन शुक्लीकृता हंसाः शुकाश्च हरितीकृताः ।
मयूराश्चित्रीकृता येन स मे वृत्तिं विधास्यति ॥-हुव०आ

(પરિશિષ્ટ-૨૬)

नाहं जातो जन्ममृत्यू कुतो मे
नाहं प्राणः क्षुत्पिपासे कुतो मे ।
नाहं चित्तं शोकमोहौ कुतो मे
नाहं कर्त्ता बन्धमोक्षौ कुतो मे ॥

(પરિશિષ્ટ-૨૭)

o જે રીતે પોતાનો પડછાયો માનવને પ્રકાશમાં નજરે ચઢે છે- અંધકારમાં નહિ, તેવી જ રીતે જ્ઞાનના પ્રકાશમાં જ માનવ પોતાના કાર્યનું પ્રતિબિંબ જોઈ શકે છે.

o સુખ મળશે દુઃખના ડુંગરો વટાવવા જ જોઈએ. આકાશમાં ચંદ્ર સોળે કળાએ ખીલે, ત્યારે જ તેનું ગ્રહણ થાય છે. કસોટી હંમેશા સોનાને હોય છે, લોખંડને નહિ.

o હેતુની ગહનતા, જ્ઞાનાવરણનો ઉદય, મતિની દુર્બલતા આચાર્યનો વિરહ અને આ જિનાજ્ઞા અબાધિત છે.

(હેતુ - ઉદાહરણનો અસંભવ)

o મૈત્રી પવિત્રતાનું અને મુદિતા પ્રમોદનું કારણ છે. કરુણા અને ઉપેક્ષા જીવને પૂજ્યતા અપાવે છે.

o સૂક્ષ્મ - દૂર - અંતરિત - ઇંદ્રિયવિઘાત - મનોઽનવસ્થાન
મતિમાંદ્ય - મતિમોહ - કુશાસ્ત્ર અવલોકનજનિત કુસંસ્કાર છે.

o સર્વત્ર સ્વચ્છ સમાનતાવાળી બુદ્ધિ રાખી,
દર્પ - શાઠ્ય વિમુક્ત થઈ, કર્મના પ્રકારમાં ભેદભાવનાનો
ત્યાગ કરી સર્વ કર્મો સમર્પણ બુદ્ધિએ,
ફળમાં મમતા રાખ્યા વિના જે કરે છે, તે મહાકર્તા છે.
જે કશાનો દ્વેષ કરતો નથી, કોઈ પ્રકારની સ્પૃહા પણ
રાખતો નથી, જે પ્રારબ્ધ યોગથી આવી પડે, તે સમચિત્તે
ભોગવે છે, સર્વ લોકવ્યવહારને બુદ્ધિમાં ભેદ લાવ્યા
વિના આસક્તિભાવથી કે સમર્પણ ભાવથી કરે છે,
તે મહાભોક્તા છે.

o સંસાર = સતત ગતિ, નિત્ય બદલાતો વહેતો પ્રવાહ.
ગમનશીલ સંસારમાં આચાર - વિચાર ફેરફાર થયા જ
કરે છે. પ્રગતિ એટલે અહર્નિશ નૂતન સર્જન.
સંસાર એટલે પરમ સત્યના અવિચળ પાયા પર પ્રકૃતિનું
અહર્નિશ અનેક રૂપો ધારણ કરતું ગતિમાન નૃત્ય.
બહાર કે અંદરના સંહાર વિના સર્જન નથી.

o દેહાત્મ બુદ્ધિ, જેને શાસ્ત્રોમાં 'પશુબુદ્ધિ' કહે છે,
તેનો ત્યાગ એ જ ખરો ત્યાગ છે.

જે કર્મેન્દ્રિયોને કર્મો કરતાં અટકાવીને મનથી વિષયોનું ચિન્તન કરે છે, તે ઢોંગી, માયાવી, મિથ્યાચારી કહેવાય.

ટાગોરની પ્રાર્થના અને ધ્યાનનો સનાતન લક્ષ છે કે:

'હું સત્ય જોઉં. મારી બુદ્ધિ શુદ્ધ થાઓ. સત્યદર્શન કરી બધા કલ્યાણ અને મંગળને જુઓ. સત્ય દર્શન સિવાય વ્યક્તિનું - સમષ્ટિનું કલ્યાણ નથી, છતાં આપે કેવળ શ્રદ્ધા ઉપર જ આધાર રાખીને રહેલાં નથી.

અમારા સમગ્ર જીવન દરમ્યાન એક વાત વિકસાવતાં રહ્યાં છીએ અને એ વાતને વારંવાર આપે કસોટીએ ચડાવતાં રહ્યાં છીએ. એ વાતની વિશાળ ભૂમિકા ઉપર આપે અમારા કામનું મંડાણ કરેલું છે. મને લાગે છે કે હું મારે વિષે એટલું અવશ્ય કહી શકું છું કે કોઈપણ વૈજ્ઞાનિક પોતાના સિદ્ધાંતને કે પદ્ધતિને સ્થૂળના પ્રદેશમાં જેટલી ચોક્કસાઈથી અને બહુ સાવધાનીથી કરે, તે જ રીતે હું મારી વસ્તુને વરસોનાં વરસોથી રાત-દિન કરતો રહ્યો છું અને તેથી કરીને મારી આસપાસના જગતની હાલત ગમે તેવી રહી હોય, તો પણ હું કદી ગભરાયો નથી. તેમ જ ઘણી યે વાર સફળ નીવડતાં વિરોધી બળોના ઝનૂની હુમલાથી પણ હું કદાપિ મુંઝાયો નથી.

હું જાણું છું કે દિવ્યપ્રકાશ જેમ જેમ પૃથ્વીની તથા જડતત્ત્વની ભૂમિકાની વધુ ને વધુ નજીક આવતો જાય, તેમ તેમ આ વિરોધી શક્તિઓનો રોષ પણ વધુ ને વધુ ઉગ્ર બનતો જાય છે. ચિત્તની આવી કેવળ શાંત-નિરવ સ્થિતિમાં રહ્યાં રહ્યાં મેં આઠ માસ સુધી 'વંદેમાતરમ્'નું તંત્રીપદ સંભાળેલું અને છ વરસ લગી 'આર્ય'નું લેખન કરેલું અને તે એક પ્રશ્ન જે મેં અનેકોને પત્રો અને સંદેશાઓમાં લખ્યો છે, તે બધાની તો વાત જ નહિ કરું. એ જ સ્વસ્થ અને નિરવ શાંતિમાં રહીને મેં એક ઠીક ઠીક મહેનત માંગી લેતી રાજકીય પ્રવૃત્તિનું સંચાલન પણ કર્યું છે, તેમ જ એક આશ્રમ ચલાવવામાં પણ મારો ફાળો આપી રહ્યો છું અને એ વસ્તુઓ તો એક નક્કર અને સ્થૂલ પદાર્થ જેવી દેખાય છે, એમ સ્થૂલ ઇંદ્રિયોને લાગશે જ. માનવબુદ્ધિ ઉપર, તેને અડીને રહેલા ઊર્ધ્વમનમાં જવાથી પણ સ્વસ્થતા અને શાંતિ મળી શકે છે. આ વસ્તુઓ મને ઠેઠ ૧૯૦૮માં, આજથી છેક ૨૭ વર્ષ પૂર્વે મળી આવી હતી. હું તમને ખાતરી આપીશ કે એ ઘણી જ સઘન અને અદ્ભુત વસ્તુઓ હતી, છતાં તેમાં અતિમનસનું લેશ પણ તત્ત્વ ન હતું.'

૧૨ કર્મોદય અને તેના ૧૨ કારણો નીચે મુજબ છે:

(૧) મદથી મતિહર (૨) વિષયસેવનથી પ્રલીન બંધુ વર્ગ (૩) કષાયસેવનથી દુષ્ટ બુદ્ધિ આવે. (૪) વિકથા કરવાથી દારિદ્ર્યોપહત ઉપજે. (૫) નિદ્રાસંશય થકી પૌરુષવિકલતા જન્મે. (૬) વિપર્યયને કારણે જીવને કુત્સિત શરીર મળે. (૭) અનધ્યવસાયથી અનાથપણું (૮) રાગથી ધૃષ્ટપાર્શ્વત્રિક (૯) દ્વેષથી વિકારતન (૧૦) સ્મૃતિભ્રંશ - દુર્દાન્તડિંભ સંઘાત

(૧૧) ધર્મના અનાદરથી ચિરકાલિકમાલિતપણું.

(૧૨) યોગદુષ્પ્રણિધાન દ્વારા વિલક્ષ દર્શન થાય.

o અનેકાન્તવાદ અનેકનો વિરોધી નથી પણ 'અનેકમાં વિરોધ છે' એમ કહેનારાનો વિરોધી છે. અનેકાન્તવાદ અનેકતાનો વિરોધી નથી પણ તે તો અનેકતામાં જેઓ વિરોધ બતાવે છે, તેનો વિરોધી છે.

o 'જ' કાર મિથ્યાત્વ છે, 'પણ' કાર સમ્યક્ત્વ છે. 'હી' એ મિથ્યાત્વ છે, 'ભી' એ સમ્યક્ત્વ છે.

સર્વ ઉપસર્ગહર કોણ ?

પાર્શ્વ મંત્ર, પાર્શ્વ પ્રભુ, પાર્શ્વ આત્મા, પાર્શ્વ સ્પર્શમણિ, પાર્શ્વ શંખેશ્વર, દક્ષિણાવર્ત શંખને સર્વ ઈચ્છાનાં પૂરક અને પાર્શ્વયક્ષને સર્વ ઉપસર્ગોના હરનારા મનાયા છે.

तेणे जहा सन्धिमुहे गहीए
सकम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए
कडाण कम्माण न मुक्ख अत्थि ॥

-उत्त० ४, ३ (પરિશિષ્ટ-૨૮)

सक्खं खु दीसइ तवो विसेसो
न दीसइ जाईविसेस कोइ ।
सोवागपुत्तं हरिएस साहुं
जस्सेरिसा इड्ढि महाणुभागा ॥

-उत्त० १२, ३७ (પરિશિષ્ટ-૨૯)

छज्जीवकाए असमारभंता
मोसं अदत्तं च सेवमाणा ।
परिग्गहं इत्थिओ माणमायं
एयं परिन्नाय चरन्ति दंता ॥

-उत्त० १२, ४१ (પરિશિષ્ટ-૩૦)

જાતિથી નહિ, કર્મથી જ મહાનતા મળે...

कम्मुणा बम्भणो होइ कम्मुणा होइ खत्तिओ ।
वइसो कम्मुणा होइ सुद्दो हवइ कम्मुणा ॥ -उत्त० २५, ३३

સૂક્તિ: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર કર્મથી જ થવાય છે.

## ખરો બ્રાહ્મણ કોને કહેવાય ?

જો ન સજ્જઇ આગંતું પવ્વયંતો ન સોયઈ
રમઇ અજ્જવયણમ્મિ તં વયં બૂમ માહણં ॥
- ઉત્તા૦ ૨૫, ૨૦ (પરિશિષ્ટ-૩૧)

જાયરૂવં જહામિટ્ઠં નિદ્ધન્તમલ પાવગં
રાગદોસ ભયાઈયં તં વયં બૂમ માહણં ॥
- ઉત્તા૦ ૨૫, ૨૧ (પરિશિષ્ટ-૩૨)

તવસ્સિયં કિસં દંતં અવચિયમંસસોણિયં
સુવ્વયં પત્તનિવ્વાણં તં વયં બૂમ માહણં ॥
- ઉત્તા૦ ૨૫, ૨૨ (પરિશિષ્ટ-૩૩)

તસપાણે વિયાણેત્તા, સંગહેણ ય થાવરે
જો ન હિંસઇ તિવિહેણં, તં વયં બૂમ માહણં ॥
- ઉત્તા૦ ૨૫, ૨૩ (પરિશિષ્ટ-૩૪)

કોહા વા જઇ વા હાસા લોહા વા જઇ વા ભયા
મુસં ન વયઈ જો ઉ તં વયં બૂમ માહણં ॥
- ઉત્તા૦ ૨૫, ૨૪ (પરિશિષ્ટ-૩૫)

ચિત્તમન્તમચિત્તં વા અપ્પં વા જઇ વા બહું
ન ગિણ્હઇ અદત્તં જે તં વયં બૂમ માહણં ॥
- ઉત્તા૦ ૨૫, ૨૫ (પરિશિષ્ટ-૩૬)

દિવ્વં માણુસં તેરિચ્છં જો ન સેવઇ મેહુણં
મણસાવાયકાએણં તં વયં બૂમ માહણં ॥
-ઉત્ત૦ ૨૫, ૨૬ (પરિશિષ્ટ-૩૭)

જહા પોમં જલે જાયં નોવલિપ્પઇ વારિણા
એવં અલિત્તં કામેહિં તં વયં બૂમ માહણં ॥
-ઉત્ત૦ ૨૫, ૨૭ (પરિશિષ્ટ-૩૮)

અલોલુયં મુહાજીવીં અણગારં અકિંચણં
અસંસત્તં ગિહત્થેસુ, તં વયં બૂમ માહણં ॥
-ઉત્ત૦ ૨૫, ૨૮ (પરિશિષ્ટ-૩૯)

જહિત્તા પુવ્વસંજોગં નાતિસંગે ય બાંધવે
જો ન સજ્જઇ ભોગેસુ, તં વયં બૂમ માહણં ॥
-ઉત્ત૦ ૨૫, ૨૯ (પરિશિષ્ટ-૪૦)

જો જાણઇ અરિહંતે
દવ્વત્તગુણત્તપજ્જયત્તે હિં ।
સો જાણઇ અપ્પાણં
મોહો ખલુ જાઇ તસ્સ લયં ॥
(પરિશિષ્ટ-૪૧)

હ્રીં ૐ ૐ અર્હં ૐ ૐ અર્હં ૐ ૐ હ્રીં

सुसंवुडो पंचहिं संवरेहिं
इह जीविअं अणवकंखमाणो ।
वोसट्ठकाओ सुइचत्तदेहो
महाजयं जयइ जण्णसिट्ठं ॥

-उत्त० १२, ४२ (परिशिष्ट-४२)

पसुबन्धा सव्ववेया य
जट्ठं च पावकम्मुणा ।
न तं तायंति दुस्सील-
कम्माणि बलवन्ति हि ॥

-उत्त० २५, ३० (परिशिष्ट-४३)

: शंकराचार्य रचित दो श्लोको :

श्री विद्यां शिववामभागनिलयां
ह्रींकारमन्त्रोज्ज्वलां ।
श्री चक्रांकित-बिन्दुमध्यवसतीं
श्रीमत्सभानायकीं ॥
श्रीमत्षण्मुख-विघ्नराजजननीं
श्रीमज्जगन्मोहिनीं
मीनाक्षीं प्रणतोऽस्मि संततमहं
कारुण्यवारांनिधिम् - शंकरः ॥

માર્ગાનુસારિતા - સદન્ધન્યાયેન માર્ગાનુસરણશીલતા ।

શ્રદ્ધા - શુદ્ધાનુષ્ઠાનગતાતીવ્ર રુચિઃ ।

પ્રાજ્ઞપ્રજ્ઞાપનારતિઃ શ્રવણતદર્થપાલનાસક્તિઃ ।

ગુણરાગઃ ગુણબહુમાનઃ ।

શક્યારંભઃ સ્વકૃતિસાધ્યધર્માદિપ્રવૃત્તિઃ લિંગાનિ ।

(પરિશિષ્ટ-૪૪)

કા હિ પુંગણનાતેષાં યેઽન્યશિક્ષા-વિચક્ષણાઃ ।
યે સ્વં શિક્ષયિતું દક્ષાસ્તેષાં પુંગણના નૃણામ્ ॥

(પરિશિષ્ટ-૪૫)

કમલદલોદરમધ્યે ધ્યાયન્, વર્ણાનનાદિસંસિદ્ધાન્ ।
નષ્ટાદિવિષયબોધો, ધ્યાતુઃ સંપદ્યતે કાલાત્ ॥૬૧॥

(પરિશિષ્ટ-૪૬)

સ્નાનં મનોમલત્યાગો દાનં ત્વભયદક્ષિણા ।
જ્ઞાનં તત્ત્વાર્થસંબોધો ધ્યાનં નિર્વિષયં મનઃ ॥

(પરિશિષ્ટ-૪૭)

તથા સાધારણાસાધારણતયા વા વૈલક્ષણ્યમ્ ।

સ્થાયિભાવઃ સમવાયિકારણસ્થાનીયઃ,

રસઃ કાર્યસ્થાનીયો, વિભાવો નિમિત્તકારણસ્થાનીયઃ,

અનુભાવો અસમવાયિકારણસ્થાનીયઃ ।

ફોફલીયાવાડો, પાટણ, વીર સં. ૨૪૭૩, શક ૧૮૬૮,
વિક્રમ સં. ૨૦૦૩, સન ૧૯૪૬

પાટણના કુલ જિનમંદિરોની સંખ્યા - ૧૨૯.
ઘર દેરાસરો જુદા, કુલ મોહલ્લા - ૫૪.

## પૂર્વ પ્રતીતિ

આપોઆપ સ્વાભાવિક દલીલોની મદદ વિનાની
તથા અંતરમાં ગૂઢ રહેલી
'ભગવાન છે' એવી સંજ્ઞા - એવી પ્રતીતિ,
જે જન્મજાત જીવન સાથે રહેલી છે,
જે પ્રતીતિ દલીલો કર્યા પહેલાં થઈ ગઈ હોય છે,
તેને 'પૂર્વ પ્રતીતિ' કહી છે.

## अष्टधा केलि

स्मरणं कीर्तनं केलिः
प्रेक्षणं गुह्यभाषणम् ।
संकल्पोऽध्यवसायश्च
क्रिया निष्पत्तिरेव च ॥१॥ (પરિશિષ્ટ-૪૮)

## नवधा भक्ति

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यम् सख्यमात्मनिवेदनम् ॥
(પરિશિષ્ટ-૪૯)

હે પ્રભુ ! મને મોક્ષના પંથે નીચેની છ વસ્તુ આપો...

ભવનિર્વેદ : મારે મોક્ષ મેળવવાનો પ્રયત્ન કરવાને માટે
ભવરાગ દૂર કરવાની તત્કાળ જરૂર છે.

માર્ગાનુસારિતા : અસદ્ગ્રહના વિજયાર્થે મારે મોક્ષના પંથે
આગળ જવા માટે તત્ત્વાનુસારિતાની ખાસ જરૂર છે.

ઇષ્ટફલસિદ્ધિ : ઉપરોક્તમાં પ્રવૃત્તિ માટે ચિત્તસ્વાસ્થ્ય
અને એ માટે મારે ઇષ્ટફલસિદ્ધિની જરૂર છે.

લોકવિરુદ્ધત્યાગ : મોક્ષ મેળવવાને માટે સર્વજનનિંદાદિ
પરપીડાકારક પ્રવૃત્તિના પરિહારની મારે ખાસ જરૂર છે.

ગુરુજન પૂજા : ગુરુજનપૂજા કર્યા વિના આ લોકમાં
ગ્રાહ્યવચન અથવા તો ચેષ્ટાવાળા બની શકાતું નથી.

પરાર્થકરણ : એ વિના પુરુષની વૃદ્ધિ થતી નથી અને
તે વિના શુભ ગુરુયોગ કે તદ્વચન સેવા થતી નથી.

o कुलं पवित्रं जननी कृतार्था
वसुंधरा पुण्यवती च तेन ।
अपारसंवित्सुखसागरेऽस्मिन्
लीनं परब्रह्मणि यस्य चेतः ॥ (પરિશિષ્ટ-૫૦)

o निरपेक्षाऽनवच्छिन्नानंतचिन्मात्रमूर्तये ।
स्वानुभूत्येकसाराय, नमः शान्ताय तेजसे ॥(પરિશિષ્ટ-૫૧)

## ગ્રન્થ પ્રારંભ

યોગશાસ્ત્ર ટીકા, પ્રમાણમીમાંસા,

નીતિશતક, ગીતા જ્ઞાનેશ્વરી.

આજે ઉપવાસ, વ્યાખ્યાન, જ્ઞાનપરિપાટી, દેવવંદન કર્યાં.

'ન ખલુ વયસ્તેજસાં હેતુઃ ।'

પં.ટોડરમલ ૧૮-૧૯ સદી: અવહ્યમાત્રથી મોક્ષશાસ્ત્ર ૮મે વર્ષે કંઠસ્થ, ૬ માસ અનુહ્યું લિખ્યું, ૨૮મે વર્ષે દેહાંત.

શંકરાચાર્ય: ૮ વર્ષે ચારે વેદ, ૧૨ વર્ષે સકલશાસ્ત્ર, ૧૬મા વર્ષે શાંકરભાષ્યની રચના, ૩૨મે વર્ષે દેહાવસાન.

જ્ઞાનેશ્વર: ૮ વર્ષે પ્રહુલિતા, ૧૫મે વર્ષે જ્ઞાનેશ્વરીની રચના, ૨૨મે વર્ષે સમાધિમરણ: તા. ૨૫-૧૦-૧૨૯૬.

રામતીર્થ: ૩૨મે વર્ષે દેહાંત. રામકૃષ્ણ: ૪૯મે વર્ષે દેહાંત.

વિવેકાનંદ: ૩૯મે વર્ષે દેહાંત.

હેમચંદ્રસૂરિ: ૯મે વર્ષે દીક્ષા, ૨૧મે વર્ષે આચાર્ય પદ.

'ન ખલુ વયસ્તેજસાં હેતુઃ ।'

(પરિશિષ્ટ-પ૨)

o

*Nothing happens in nature,
which is in contradiction with
its universal laws. - Spinoja*

## મંગલાચરણ

જેના અદર્શનમાં જગત ભાસે છે અને
જેના દર્શનમાં જગતનો લય થાય છે,
તે શ્રી પરેશ (શિવ-આદિનાથ)નો નિત્ય વિજય થાઓ.

બુદ્ધિમાં દેહાહંકારાદિ પ્રપંચનો ઉદય થતાં સ્વરૂપજ્ઞાન આચ્છાદિત થઈ જાય છે અને તે જ બુદ્ધિમાં સ્વરૂપ-બોધનો ઉદય થવાથી દેહાહંકારાદિ પ્રપંચનો લય થાય છે. આટલો જ બોધ અહીંયા આપણે ગ્રહણ કરવાનો છે.

- ચાંગદેવ પાસષ્ઠિ, શ્રી જ્ઞાનેશ્વર

લોભ ધર્મમાં જહાં ગુરુ, નહીં ચેરી નહીં ચેડ,
સાધુ સાધુ સહુ કરે, સુખે ભરાવે પેટ.

મહાન પુરુષોના ચરિત્રમાંની ઘણી બધી અમાનુષી વાતો અધ્યાત્મ વિદ્યાના ઊંડા અભ્યાસી અથવા તે માર્ગનાં પૂર્ણ અધિકારી મનુષ્યો સિવાય બાળબોધ સમજવા શક્ય નથી. મહાન અને લોકમાન્ય સાધુ પુરુષોના ચરિત્રોમાં અનેક અમાનુષિક ચમત્કારીક ઘટનાઓ દૃષ્ટિગોચર થવાની જ. ભારતખંડના જ નહિ પણ અન્ય દેશોનાં કે અન્ય ધર્મના સ્થાપકો તથા સંત મહાત્માઓના ચરિત્રોમાં પણ એવી અનેક ઘટનાઓ આવ્યા સિવાય રહેવાની નહીં જ.

Nothing will be achieved unless one's heart yearns for God.

Persevere in attempt and you are sure to realise Him at last.

The less your attachment for the sense objects, the more will be your love of God.

As a lamp does not burn without oil, so a man cannot live without God.

God runs to him,
who prays with a sincere heart.
Be pure in heart.
Let your mind & lips be as one.
Surrender yourself to His care.

ૐ હ્રીં અર્હં નમઃ । Date : 3-11-46

ॐ

Keep Him as your very own. They you will find peace in god. Instead of working for yourself, work for the Lord. Know that you are worshipping the lord through your work. Then is work & worship done together. - Brahmananda

The first requisite for spiritual conduct is fearlessness. Without fearlessness, all other virtues turn into dust. Attainment of truth - nonviolence is impossible without fearlessness. Fearlessness does not mean arrogance and / or aggressiveness. That in itself is a sign of fear. Fearlessness presupposses calmness and peace of mind.

## The importance of faith

For calmness and peace of mind,
it is necessary to have
a living faith in God.
Life is a short death, until
we are surprised by life. - A.G.
Whatever happens, happens for good.
All the depressions, shocks and
disappointments are the warnings
from the nature to get up from
the sleep and be ready for a
fit condition as a master and
ruler of Her.

## સાફલ્ય

પ્રકૃતિની સત્તા નીચે રહેલા અને પ્રકૃતિના સામ્રાજ્ય માટે
જ પોતાનું સર્વસ્વ સમર્પિત ભાવે વાપરી રહેલાને
પ્રકૃતિ સમતોલ અવસ્થામાં રાખી શકે છે પણ જેઓ
પ્રકૃતિની ગુલામગીરી હવે ખસી જવા માંગે છે, તેના

સાથે પ્રકૃતિ પોતાનો હુમલો ભયંકર રીતે લઈ જાય છે અને તેઓને વારંવાર ઘાયલ કરે છે. એ બધા ઘાને જેઓ સમભાવપૂર્વક ઝીલી લે છે અને પ્રકૃતિની એ રમતને સાક્ષીભાવે જોતાં રહે જાણતાં થાય છે, તેની સાથે પ્રકૃતિ પોતાનું બળ પૂરું કરીને આગળની જેમ વિરમી જાય છે. એટલા માટે ઈશ્વરભાવ અથવા તો સાક્ષીભાવની દૃષ્ટિ તે સર્વોત્તમ સાધના ગણાય છે.

## સમતાભાવ

તત્ત્વની દ્રષ્ટિએ વ્યક્તિ પોતાને જગતનું કેન્દ્ર સમજ વર્તે છે. સાદા પ્રચલિત શબ્દોમાં 'અહંતા'થી વર્તે છે અને પોતાની ઈચ્છાથી બનાવોનું માપ કાઢે છે, તેથી જ તો જગતનાં કહેવાતાં સુખ - દુઃખ છે. મમ અને મમતા રહે પણ અહં અને અહંતામાંથી જન્મે છે, એટલે જ પોતાની જાતને વ્યક્તિએ સમષ્ટિના એક નાના, અમુક દ્રષ્ટિએ ઘણુ અગત્યનાં પણ બીજી રીતે ઘણુ નજીવા ભાગ તરીકે હંમેશા જોતા જોઈએ. અહંતા અને મમતાથી દૂર રહી મનુષ્ય જગતના બનાવોનું નિરીક્ષણ કરે, તો તેનું દુઃખ ઘણું ઓછું થાય અથવા બિલકુલ ન રહે એવો સંભવ છે. એ પ્રમાણે સુખ પણ સુખ ન લાગે,

તેથી જેને સુખ માનવામાં આવે છે, તેમાં રાચવાપણું જ રહે નહિં. 'સમ-સુખ-દુઃખઃ।' 'યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ।' જ્યારે વ્યક્તિ પોતાને સમદષ્ટિના દષ્ટિબિંદુથી જુએ છે, ત્યારે જગતમાં બનતી ઘણી મોટી વસ્તુઓ પણ તેની નજરે નાની પડે છે.

કેટલા ધર્મ નથી પામ્યા, તેની સામે જોવા કરતાં કેટલા ધર્મ પામેલા છે, તેને શોધી કાઢવા. તેને જોઈને આનંદ પામવો. તેના આદર, સત્કાર, વિનય, બહુમાનને પરમ કર્તવ્ય માનવું એ જ જ્ઞાનીનો માર્ગ છે, કારણકે ધર્મ ન પામવો એ કર્મપરતંત્ર જીવો માટે સહજ છે, કિન્તુ ધર્મ પામવો એ પરમ આશ્ચર્ય છે, પરમ દુર્લભ છે, અત્યંત દુર્ઘટ ઘટના છે. આ જ વિધાયક શૈલી છે અને એ જ વાતાવરણમાં ઉત્સાહ અને આનંદની જનેતા છે. એથી વિરુદ્ધ શૈલી અસમાધિજન્ય અને ત્યાજ્ય છે. મનુષ્ય એ કેવળ તર્કનું પૂતળું નહિ, કિન્તુ લાગણીનું પણ ઘર છે. એક વખત તેની લાગણીને આઘાત પહોંચાડ્યા પછી તર્કથી સમજાવવા કરેલો સઘળો પ્રયત્ન નિષ્ફળ જાય છે. મનુષ્યની લાગણીને સાચવવા એક જ ચીજ જરૂરી છે અને તે તેની ઇચ્છાને આડે નહિં આવવાથી જ બને છે.

મહારાજની ઇચ્છા કે કૃતિની સામે થવું,
એ ઇરાદાપૂર્વક તેની લાગણીને ઉશ્કેરવાનું કૃત્ય છે.
જરૂર પડે તો તેના ભાવને શક્ય રીતિએ પલટાવવા
પ્રયાસ કરો. ઇચ્છા અને કૃતિને તમારા પ્રયત્નથી નહિં
પણ તેના પોતાના પ્રયત્નથી પલટાવવા દો.
એ જ પરમ શાંતિ અને સાચી ઉન્નતિનો માર્ગ છે.

૦ ધર્મ અને પર્વ માટે શ્રદ્ધા જ્યારે લૌકિક વ્યવહારમાં બુદ્ધિપ્રધાન હોય છે. સર્વત્ર શુભ જોવાની બુદ્ધિ અને આગામી મંગલ - કલ્યાણ જોવાની ભાવના તથા સર્વત્ર શુભાશુભમાં સચવાતી સમતાબુદ્ધિ એ શ્રદ્ધા છે.

## સાધુધર્મનો સાર - 3 નિયમો

(૧) મૃષાવાદનું અસેવન (૨) વિશુદ્ધ બ્રહ્મચર્ય
(3) સનિમિત્ત - અનિમિત્ત અક્રોધ.

(૧) પ્રથમ નિયમના પાલન માટે ભૂલનો સ્વીકાર.
(૨) બીજા નિયમના પાલન માટે અંગવિભૂષા, સ્ત્રીનો સંસર્ગ, પ્રણીત ભોજન - તાલપુટ વિષની જેમ વર્જ્ય.
(3) ત્રીજા નિયમના પાલન માટે
જો ક્રોધનું નિમિત્ત આવ્યું હોય તો ચોજબા માનવું,
ક્રોધનું નિમિત્ત ન આવ્યું હોય તો બાલસ્વભાવ માનવો.

|| શ્રી શત્રુંજય ગિરિરાજરાજ આદિનાથાય નમોનમઃ ||

## મારા સંકલ્પો

સિદ્ધગિરિજી પહોંચીએ ત્યાં સુધી મારે રોજ બે કલાકથી અધિક બોલવું નહિં. વ્યાખ્યાન હોય તો એક કલાક ત્યાં અને એક કલાક બપોરે પડિલેહણ પછી, વ્યાખ્યાન ન હોય તો પોરિસી પચ્ચક્ખાણ થયા પછી એક કલાક માટે બોલવું અને એક કલાક સાંજના પડિલેહણ પછી બોલવું.

સિદ્ધગિરિજી પહોંચવા પહેલાં નીચેનો સ્વાધ્યાય પૂર્ણ થવો જોઈએ: અધ્યયન, નમસ્કાર માહાત્મ્ય, અષ્ટકજી, ષોડશક, અધ્યાત્મસાર તથા જ્ઞાનસાર.

સદા મુકામે શ્રી વારનાથજીની છાયામાં:

(૧) મૃષાવાદ બોલે, તે મુનિ સાધ્વીનો સંસર્ગ ત્યાજ્ય.

(૨) પોતાની ઈચ્છા મુજબ ગોચરી વાપરવાનો આગ્રહ રાખે, તે મુનિ સાધ્વીનો સંસર્ગ ત્યાજ્ય.

(3) આગ્રહયુક્ત કે કષાયયુક્ત વચન બોલે, તે મુનિ સાધ્વીનો સંસર્ગ ત્યાજ્ય.

(૪) અચૌર્ય, બ્રહ્મચર્ય અને સત્ય - એ ત્રણ ગુણોનું પાલન જેનામાં ન હોય, તે મુનિ સાધ્વીનો સંસર્ગ ત્યાજ્ય.

विभूसा - इत्थि - संसग्गी, पणीअं रसभोअणं ।
नरस्सत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥५७॥

- दशवैकालिक अध्ययन - ८ (પરિશિષ્ટ- ૫૩)

अहो निच्चं तवो कम्मं, सव्वबुद्धेहिं वण्णिअं ।
जाव लज्जा समावित्ती, एगभत्तं च भोयणं ॥२२॥

- दशवैकालिक अध्ययन - ६ (પરિશિષ્ટ- ૫૪)

नारदपाञ्चरात्र —

आलापाद्, गात्रसंस्पर्शात्
शयनात्, सहभोजनात् ।
संचरन्ति हि (पुण्यानि) पापानि
पुण्यं चैव तथा विशेत् ॥१॥ (પરિશિષ્ટ- ૫૫)

तस्माद् भक्तैः सहालापं, कुरुते पंडितः सदा ।
आत्मैवाऽभक्तसंपर्काद् दुष्टात् सर्पाद् यथा नरः ॥२॥
(પરિશિષ્ટ- ૫૬)

जगज्जंतु - निस्तारणे यानपात्रं
शमारामविश्राम - संलीन - चित्तं ।
नतानेक - नाकीन्द्र - पादारविन्दं (वृन्दारवन्द्यं)
स्तुवे स्वामी सीमंधरं देवदेवं ॥१॥
(પરિશિષ્ટ- ૫૭)

૬ 'આતતાયી' કયા કયા છે?

વશિષ્ઠ કહે છે : ક્રોધ, માન, માયા, લોભ, મદ, કામ.

મનુ સ્મૃતિ. ૮/૩૫૦/૫૧

आततायिनमायान्तं
हन्यादेवाऽविचारयन् ।
नाततायिवधे दोषो
हन्तुर्भवति कश्चन ॥१॥ (પરિશિષ્ટ-૫૮)

अग्निदो गरदश्चैव
शस्त्रपाणिर्धनापहः ।
क्षेत्रदारापहर्ता च
षडेते ह्याततायिनः ॥२॥ (પરિશિષ્ટ-૫૯)

न ह्यस्य चेष्टितं विद्यान्न
कुलं न पराक्रमम् ।
न तस्य विश्वसेद् प्राज्ञः
यदीच्छेच्छ्रेय आत्मनः ॥ (પરિશિષ્ટ-૬૦)

अपराधी न मेऽस्तीति
नैतद्विश्वासकारणम् ।
विद्यते हि नृशंसेभ्यो
भयं गुणवतामपि ॥ (પરિશિષ્ટ-૬૧)

અન્યાદશી ભવેદ્યત્ર
કાર્યકારણવર્જિતઃ ।
તત્ર શંકા પ્રકર્તવ્યા
પરિણામે સુખાવહા ॥૧॥ (પરિશિષ્ટ-૬૨)

અસતી ભવતિ સલજ્જા
ક્ષારં નીરં ચ નિર્મલં ભવતિ ।
દંભી ભવતિ વિવેકી
પ્રિયવક્તા ભવતિ દુર્જનઃ ॥૨॥
(પરિશિષ્ટ-૬૩)

o

Vivekananda says:

Purify yourself and
the world is bound to be purified.
This one thing is important
and it requires to be taught.
Now more than ever before, the
world will change, if we change.
For it is an effect and
we are the means.
So let us purify ourselves first.

નીતિશાસ્ત્રના શ્લોકોમાંથી...

કેવા માનવ સાથે કેવું વર્તન કરવું ?

યસ્મિન્ યથા વર્તતે મનુષ્યઃ
તસ્મિન્ તથા વર્તિતવ્યં સ ધર્મઃ ।
માયાચારી માયયા વર્તિતવ્યઃ
સાધ્વાચારઃ સાધુના પ્રત્યુપેયઃ ॥
- નીતિશાસ્ત્ર (પરિશિષ્ટ-૬૪)

કેવા પ્રકારની બુદ્ધિવાળા પરાભવ પામે ?

વ્રજન્તિ તે મૂઢધિયઃ પરાભવં
ભવન્તિ માયાવિષુ યે ન માયિનઃ ।
પ્રવિશ્ય હિ ઘ્નન્તિ શઠાસ્તથાવિધા-
ન સંવૃત્તાંગાન્ નિશિતા ઇવેષવઃ ॥
- નીતિશાસ્ત્ર (પરિશિષ્ટ-૬૫)

o આપણી શક્તિ કે પુણ્ય ઉપરાંત
જે કાંઈપણ કામના અથવા તો ઇચ્છા થાય,
તે મનની નબળાઈ સમજવી.
દરેકની ઇચ્છા જૂદી - જૂદી હોય છે.
બીજાની ઇચ્છા ઉપર આપણે કાપ કરીએ,
તો આપણી ઇચ્છાને માટે પણ તેમ જ બને.

## આચારનિષ્ઠ બનવાના ઉપાયો

આચારનિષ્ઠા = આધ્યાત્મિકતા. તે માટે હૃદયશુદ્ધિ કેળવો, અહંકારથી ઘણા આઘા રહો, સમભાવ વિકસાવો અને સહાનુભૂતિ, ક્ષમા, શાંતિ તથા સંયમને જીવનમાં ઉતારો. જીવનમાં એનાથી સ્ફૂર્તિ અને ચેતના દેખાય છે. એના ઉપર જગતના આઘાત-પ્રત્યાઘાતની કાંઈ અસર પડતી નથી. એ પ્રશંસાની વાત સાંભળીને પણ સંક્ષુબ્ધ નહિ બને.

આચારની આ જ તેજસ્વિતા છે.

'બાહ્ય આચરણના પાલનથી જ મહિમાશાળી બનાય' એમ કહેવું એ તો મડદાને જીવંત કહેવા બરાબર છે. કેવળ બાહ્યક્રિયાઓથી આચારમાં કે જીવનમાં સજીવતાને આણી શકતી નથી. જીવનમાં ચેતના આણનાર આધ્યાત્મિકતા છે, એને વિકસાવવી એ જ સાચી આચારનિષ્ઠા છે.

'आचारः प्रथमो धर्मः।'

જીવના જેવા આશય હોય, તે પ્રમાણે જગતના કાર્યો જો બનતાં ન હોય, તો તે આશય અસફળ છે. જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ અને ભક્તિમાર્ગ - એ ત્રણે આજ્ઞારૂપ છે અને આજ્ઞાપાલન એ અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માની ખરા હૃદયની ભક્તિરૂપ છે.

આ ૧૬ સતીઓ સૌનું મંગળ કરો.

ब्राह्मी[१] चंदनबालिका[२] भगवती

राजीमती[३] द्रौपदी[४]

कौशल्या[५] च मृगावती[६] च सुलसा[७]

सीता[८] सुभद्रा[९] शिवा[१०]।

कुंती[११] शीलवती[१२] नलस्य दयिता[१३] (दमयंती)

चूला[१४] प्रभावत्यपि[१५]

पद्मावत्यपि[१६] सुंदरी प्रतिदिनं

कुर्वन्तु वो मंगलम् ॥१॥

Rome was not built in a day.
Many drops make a mighty ocean.
A man who always did
what he believed to be right,
never feared anyone.
One should make a frank
confession of error in the past
& promise to avoid it in future.
He, who tried to hide his mistakes,
could never rectify them.

## આત્માનાં ૬ લક્ષણો

(૧) આત્મા નથી.

ચાર્વાકના મતે આત્મા પાંચ ભૂતોથી ભિન્ન, ભવાંતરે ભમનારો કે રાગાદિ ગુણોનો ધારણ કરનારો નથી.

(૨) આત્મા નિત્ય નથી.

શરીરના નાશ સાથે જીવનો પણ નાશ છે.
બૌદ્ધ મતે મોક્ષપ્રાપ્તિ વખતે જીવનો નાશ છે,
નૈયાયિક મતે મોક્ષપ્રાપ્તિ વખતે જીવત્વનો નાશ છે.

(3) આત્મા કર્મનો કર્તા નથી.

સાંખ્ય મતે જીવ નીચેના આઠ કર્મોને કરતો જ નથી:
જ્ઞાન-દર્શન રોકનાર, સુખ-દુઃખ આપનાર, વિચાર-વર્તનમાં વિપર્યાસ કરનાર, આયુ, શરીરની ઉચ્ચાવસ્થા આપનાર, નીચ અવસ્થાને આપનાર, દાનાદિ શક્તિ આવરનાર.

(૪) આત્મા કર્મનો ભોક્તા નથી.

વેદાંત મત પ્રમાણે સૃષ્ટિ કર્તૃત્વવાદ,
ઉત્પત્તિ પ્રલયવાદ, અપુત્ર અવગતિવાદ છે.

(૫) આત્માનો મોક્ષ નથી.

મોક્ષના ઈરાદે કુદેવાદિની ઉપાસના,
મોક્ષ સિવાયના ઈરાદે સુદેવાદિની ઉપાસના.

## (૬) મોક્ષનો ઉપાય નથી.

પાણીમાંથી માખણ કે રેતીમાંથી જેમ તેલ નીકળે નહિ, તેમ આવતાં નવાં કર્મને અટકાવનાર સંયમ અને પૂર્વકર્મોને નિર્જરનાર તપ વિના મોક્ષ થાય નહિ. મોક્ષ એટલે જરા - મરણાદિ ભયરહિત નિર્ભય અને અનંત ચતુષ્ટય સહિતનું આબાદ સ્થાનવિશેષ.

ચરાડીથી ૩ ગાઉ રાજસીતાપુર - શીતલનાથ ભગવાન

ક્ષતિ એ હતોત્સાહનું કારણ ન બનવું જોઈએ,
પણ જાગૃતિનું કારણ બનવું જોઈએ.

આરાધકભાવ વિનાની આરાધના

એ મયુરના નૃત્ય જેવા મિથ્યા અને આડંબર સમા છે. આજનું યુદ્ધ તો પાપોદયનો જાહેરી સાક્ષાત્કાર છે. ઈશ્વર આદિને નહિ માનનારાઓને પણ ઈશ્વર આદિને યાદ કરવા પડે છે. પૌદ્ગલિક સંપત્તિઓ કેટલી અસ્થિર છે, એ પણ આ યુદ્ધ પ્રત્યક્ષ કરાવે છે.

૦ હોશિયાર મુનિમ પણ જો હરામખોર બને, તો મૂર્ખ માલિકને પણ એના ઉપર મોહ નથી થતો.

૦ દર્શન = વસ્તુનું તાત્ત્વિક - સાક્ષાત્કારી જ્ઞાન. જે વસ્તુ જે સ્વરૂપે હોય તે 'તત્ત્વ', તેનું જ્ઞાન તે 'તત્ત્વજ્ઞાન'.

દર્શનોની પારસ્પરિક સમાનતા

(૧) આત્યન્તિક દુઃખનિવૃત્તિ ઉપર વિશ્વાસ.
(૨) વર્તમાનથી અસંતોષ.
(૩) દુઃખ, દુઃખહેતુ, મોક્ષ, મોક્ષોપાય,
રોગ, રોગહેતુ, આરોગ્ય, ભૈષજ.
(૪) દુઃખાન્ત નાટકોનો અભાવ,
અંતિમ સુખ અને આનંદનો વિશ્વાસ.
(૫) કૃતનાશ, અકૃતાગમનો અસ્વીકાર,
કાર્ય - કારણના સિદ્ધાંતનો સ્વીકાર તથા
અપૂર્વ - અદૃષ્ટ કર્મની સત્તા ઉપર વિશ્વાસ.
(૬) અજ્ઞાન - અવિદ્યાથી બન્ધન, જ્ઞાન - વિદ્યાથી મુક્તિ.
(૭) ચાર પુરુષાર્થોમાં પ્રધાન પુરુષાર્થ મોક્ષ, તે બે પ્રકારે: જીવન્મુક્તિ ઉપરાંત વિદેહમુક્તિ ઇ. (૮) મુક્તિનો ઉપાય જ્ઞાન ક્રિયા - જ્ઞાન ધ્યાન ઉભય સ્વરૂપ.

ચીજ - કઈ રીતે આત્મકલ્યાણકારી બને?

દ્રવ્ય - જિનવચન, અર્હત પ્રતિમાવત્ આત્મકલ્યાણકારી છે,
ક્ષેત્ર - જિનસમવસરણ ભૂમિ, શત્રુંજય મહાતીર્થવત્,
કાળ - જિનકલ્યાણક તિથિ, પર્યુષણા - અષ્ટાન્હિકા પર્વવત્,
ભાવ - પરમેષ્ઠિ નમસ્કાર, સામાયિક - પ્રતિક્રમણાદિ ક્રિયાવત્.

૧૨ દર્શનો આગમમૂલક છે, જ્યારે
આજીવક દર્શન, પાંચ રાત્ર દર્શન, શૈવ દર્શન
તથા શાક્તાદિ દર્શન - એ સર્વ નિગમમૂલક છે.
અદ્વૈત દર્શન - શંકરાચાર્ય, વિશિષ્ટાદ્વૈત - રામાનુજાચાર્ય,
દ્વૈત દર્શન - મધ્વાચાર્ય, દ્વૈતાદ્વૈત દર્શન - નિંબાર્કાચાર્ય,
શુદ્ધાદ્વૈત દર્શન - વલ્લભાચાર્ય.

સ્થૂલ વિચારણા = ન્યાયવૈશેષિક, સૂક્ષ્મ (માનસિક) વિચારણા = સાંખ્ય યોગ, પરમાત્મતત્ત્વ વિચારણા = વેદાંત મીમાંસા.

## ભિન્નતામાં એકતા

o જેમ ભિન્ન ગાયોમાં રહેલું દૂધ એક જ હોય છે, તેમ ભિન્ન નામોથી સંબોધાતું પરમ તત્ત્વ એક જ હોય છે.

o જેમ ભિન્ન વાસણોમાં પાણી એક જ હોય છે, તેમ ભિન્ન ભાષામાં રહેલું જ્ઞાન એક જ હોય છે.

o જેમ ભિન્ન નદીઓનું સ્થાન સમુદ્ર એક જ હોય છે, તેમ ભિન્ન ગમનસ્થાનોનું ગંતવ્ય એક જ હોય છે.

o જેમ ભિન્ન વસ્ત્રોમાં પ્રિયતમા એક જ હોય છે, તેમ ભિન્ન આચારોમાં સિદ્ધિ એક જ હોય છે.

o જેમ ભિન્ન દીપકોનો પ્રકાશ એક જ હોય છે, તેમ ભિન્ન આત્માઓના જ્ઞાનાદિ સમાન જ હોય છે.

## ઔત્પાતિકી બુદ્ધિ

શાસ્ત્રાભ્યાસ અથવા અનુભવ વિના
તે કેવલ ઉત્પાતથી જ ઉત્પન્ન થાય છે.
અદૃષ્ટ, અશ્રુત, અવેદિત અર્થને તત્કાલ વિશુદ્ધ અને
યથાસ્થિત ગ્રહણ કરે તથા અબાધિત ફલના
સંબંધવાલી હોય, તેને 'ઔત્પાતિકી બુદ્ધિ' કહેવાય છે.

## ઔત્પાતિકી બુદ્ધિનાં દૃષ્ટાંતો

ભરત શિલા, પત્ર દાંડી, ખીસકોલી પુચ્છ, મીંઢ વજન, પણિત કાકડી, કુર્કુટ યુદ્ધ, અંગુઠી કૂપ, તિલ તારા, સરટ વૈદ્ય, વાલુકા રજ્જુ, કાક ૬૦ હજાર, હસ્તી અવસાન, હાથી તોલ, અગાડ કૂપ, સ્તંભ તળાવ, વનખંડ પૂર્વ પશ્ચિમ, ભિક્ષુ થાપણ, પાયસ સૂર્યકિરણ, શત-સહસ્ત્ર રજતપાત્ર, અજ લીંડી, મંગલાદેવી - સુમતિનાથ.

**વૈનયિકી બુદ્ધિ**: કઠિન કાર્યના નિર્વાહમાં સમર્થ, ધર્મ-અર્થ-કામ પુરૂષાર્થમાં સારને ગ્રહણ કરવાવાલી, ઉભયલોકમાં સુખદાયી-ફલદાયી હોય, તેને 'વૈનયિકી બુદ્ધિ' કહેવાય છે. નિમિત્ત શાસ્ત્ર, અર્થ શાસ્ત્ર, લિપિજ્ઞાન, ભૂમિજ્ઞાન, અશ્વના લક્ષણોનું શાસ્ત્ર, આયુર્વેદ શાસ્ત્ર, રથિક, ગણિકા, ગણિતશાસ્ત્ર વગેરે રચવામાં વૈનયિકી બુદ્ધિ આવશ્યક છે.

## કાર્મિકી બુદ્ધિ

ઉપયોગ = એકાગ્ર ચિત્તથી જોવું. સાર = કાર્ય પરિણામ.
અનેક કર્મના પ્રસંગ તથા ચિંતનથી
વિશાળ તથા પ્રશંસારૂપ ફળવાળી બુદ્ધિ 'કાર્મિકી બુદ્ધિ' છે.
કાર્મિકી બુદ્ધિ નિમ્નલિખિત કર્મ કરવામાં ઉદાહરણ છે:
(૧) સુવર્ણકાર - સ્પર્શ તથા દૃષ્ટિથી સુવર્ણપરીક્ષા કરવાર્થે.
(૨) કૃષક, ખેડૂત (૩) કૌલિક, તન્તુવાય, વણકર
(૪) કુંભાર, લોટકાર
(૫) મૌક્તિક, મણિયાર, વાળમાં મોતી પરોવે તેઓએ.
(૬) તુન્નાગ - દરજી (૭) વર્ધકી - સુથાર (૮) ચિત્રકાર
(૯) આપૂપિક - કંદોઈ (૧૦) કુંભકાર, ઘટકાર
(૧૧) ઘૃત વિક્રયી (૧૨) પ્લવક - કૂદનાર, નટ, મદારી.

## પારિણામિકી બુદ્ધિ

અનુમાન, હેતુ અને દૃષ્ટાંતથી વિષયને સાધવાવાળી,
વય પરિપાકથી પુષ્ટ તથા હિત અને
મોક્ષને કરવાવાળી બુદ્ધિને 'પારિણામિકી બુદ્ધિ' કહે છે.
અભયકુમાર - દીક્ષા, શ્રાવક પત્ની - વ્રતધારી પતિ,
રાજકુમાર - મિષ્ટાન્ન, સ્થૂલભદ્ર - મંત્રીમુદ્રા, વજ્રસ્વામી
- સંઘના દૃષ્ટાંતોમાં પારિણામિકી બુદ્ધિ જોવા મળે છે.

## વ્યાખ્યાતાના ૫ ગુણો

(૧) વિષયનો બોધ - જ્ઞાન (૨) બહુશ્રુતતા
(૩) ભાવનાનો પ્રકર્ષ - દર્શન (૪) ભાષા ઉપર પ્રભુત્વ
(૫) સાત્ત્વિકતા - સદાચાર, સાધના, ચારિત્રસંપન્નતા.

## ચૌદ પ્રકારના શ્રોતાઓ

(૧) મુદગશૈલ - પુષ્કરાવર્ત (૨) ચારણા - કચરો ગ્રહણ કરે
(૩) મહિષ - ડહોળે (૪) મશક - દુર્વિદગ્ધ
(૫) બિલાડી - ઢોળાયેલું ચાટે (૬) ગોવાળણ - અવિનીત
(૭) આભીરી - ઘીના ઘડાની ગાડી
(૮) જાહકીલા - ઉંદર - મનન કરી ખાય
(૯) પર્વતની ટોચ - છાપરાની પરનાળ
(૧૦) જળૂકા - ખરાબ ગ્રહણ કરે
(૧૧) કુટઘટ - ભાવિત - અભાવિત } નીચે, બાજુમાં,
વામ - અવામ } ગરદનમાં
પ્રશસ્ત - અપ્રશસ્ત } ધ્યાન આપે.
(૧૨) ચાળણા - કાંડણ (૧૩) હંસ - ક્ષીરની પૃથક્
(૧૪) મેષ - ડોળ્યા વિના.

o

*If the Divine is in me, I am the master of my destiny.* - A. Ghose

શ્રાદ્ધવિધિ પ્રકરણમાં આપેલ ઉત્તમ શ્રાવકપણાનાં ગુણો:

સડ્ઢત્તણસ્સ જુગ્ગો ભદ્દગપગઈ વિસેસનિઉણમઈ ।
નયમગ્ગરઈ તહ દઢનિયવયણટ્ઠિઈ વિણિદ્દિટ્ઠો ॥૧॥

(૧) ભદ્રક પ્રકૃતિ : મધ્યસ્થ, સૌમ્ય દૃષ્ટિ, સાત્મ્ય, સૌજન્ય, દાક્ષિણ્ય. આર્દ્રકુમારની જેમ સાચું તે જ મારું, મારું તે સાચું એમ નહિં. એમજ પરિણામી થઈ, ભોળદીલા રાખીને હંમેશા સત્ય માટે ખુલ્લું રહેવું.

(૨) વિશેષ નિપુણમતિ : વિશેષજ્ઞતા, ગુણદોષ વિચારણા, લબ્ધલક્ષ્યતા, સત્કર્ષતા, દીર્ઘદર્શિતા.

(3) ન્યાયમાર્ગરતિ : ગંભીરતા, અક્રૂરતા, ભીરુતા, અશઠતા, લજ્જાળુતા, દયાળુતા, ગુણરાગ.

(૪) દૃઢ નિજ વચન સ્થિતિ : વૃદ્ધાનુગતા, વિનયવંતતા, કૃતજ્ઞતા, પરોપકારકારિતા અને લોકપ્રિયતા.

0 જેના અંતર આરસ જેવા ઉજળાં હોય,
બિલોરી કાચ જેવા શુદ્ધ હોય,
તેને આંગણે અવિનાશનાં આગમન છે.

0 પદવી કે પૈસો મહાનને જો ઘડી માન અપાવે પણ એમાં કાંઈ મહાનતાઈ નહિ. મહાનતાઈ તો સદ્‌ગુણપ્રાપ્તિ કે સત્ચારિત્રના વિકાસમાં જ છે.

## Sermon on the mountain - Jesus

'હું તમને કહું છું, તમારા દુશ્મનોને ચાહો. તમને શાપ આપે, તેમને આશિષ આપો. તમને ધિક્કારનારનું ભલું ઇચ્છો. મારી વેદીએ તું ભેટ લાવે અને ત્યારે તને યાદ આવે કે તારા ભાઈને તારા સામે કાંઈક કહેવું છે, તો આ ભેટ મૂકીને તું પાછો તારા રસ્તે વળ. પ્રથમ તારા ભાઈ સાથે મેળ કર અને પછી જ આ ભેટ આપ.'

o મારું તો માનવું છે કે: પ્રત્યેક યુગમાં એક સંત તો હોય છે જ અને એ સંત જો જગતના આંસુએ આંસુમાં છુપાયેલો ન હોય, તો માનવી માનવ મટી રાક્ષસો જ બને, કોઈને કોઈ જીવવા જ ન દે. માનવોનું ભક્ષણ કરતા થઈ જાય, રક્ષક કોઈ જ ન મળે.

કાકાસાહેબ કાલેલકર કહે છે કે...

જ્યાં દીન (ધર્મ) નથી, ત્યાં ઈમાન (નીતિ) નથી. જ્યાં ઈમાન નથી, ત્યાં દીન નથી. કોઈની ધાર્મિકતાનો વિચાર કરતાં પહેલાં એ માણસમાં પ્રામાણિકતા, ભલાઈ અને મનુષ્ય પ્રેમ કેટલાં છે એ જોવું જોઈએ. જ્યાં ખાનદાની છે ત્યાં જ ધાર્મિકતા છે. નીતિ - સદાચારના પાયા ઉપર જે વધારે ઊંચું ચણતર, તે જ ધર્મ છે.

## માનવે તો અધિક આપવું જોઈએ

જામનગરના મર્હુમ તખ્તસિંહજી બાપુ પોતાના બાગમાં રહેલા કેરીના ઝાડને પથરા મારનાર છોકરાઓના ખોબામાં રૂપીઆ આપતાં, કારણકે ઈરાદાપૂર્વક ઝાડને મારનારને ઝાડ કેરી આપે છે, તો વગર ઈરાદે મને મારનારને તો મારે અધિક આપવું જોઈએ. એ મહાનુભાવી, નીડરતા, પરોપકારશીલતા, નીતિ અને નમ્રતાના ગુણો દર્શાવે છે.

## જીવનને સુખી બનાવવા

ભૂખ, તરસ, દુઃખ અને ઉજાગરો વેઠતાં શીખવું. પોતાની નીતિથી મળેલા ધનનો પણ પોતે માલીક નહિ, માત્ર ટ્રસ્ટી છે. આ વાત મધ્યયુગના શ્રીમંતો સમજતા હતાં, માટે જ તેઓ શેઠ અર્થાત્ શ્રેષ્ઠ ગણાતા હતા.

## જે સૌનો છે, તેના જ સૌ છે.

જે મનુષ્ય પોતાના શરીરનો જ છે, તેનું સંસારમાં કોઈ સગું ન થાય, તો તેમાં કાંઈ નવાઈ નથી. નવું અને નિત્ય નવું તો એક પ્રભુનું નામ જ છે, બાકી બીજું બધું તો પડતર અને વાસી છે.

o આદર્શ દેશ તે છે કે જ્યાં માંદા માણસને જેલમાં અને ગુનેગારોને હૉસ્પિટલમાં મૂકવામાં આવે છે.

- Butler

જૈનદર્શન: 'અરિહંત સિદ્ધે સાહૂ ધમ્મં સરણં પવજ્જામિ |'
બૌદ્ધદર્શન: 'બુદ્ધં - સંઘં - ધમ્મં સરણં ગચ્છામિ |'
વેદાંતદર્શન: 'શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્ |'
ખ્રિસ્તીદર્શન: પ્રેમ એ જ પ્રભુ છે, તે મેળવવાના
3 સાધન = Faith, hope and charity.
'સમર્પણ કે શરણાગતિ એ સિદ્ધાંત' તેને જૈન, બૌદ્ધ, વેદાન્ત અને ખ્રિસ્તી - એમ સર્વ દર્શનો માને છે.
મનુસ્મૃતિ: બકરાનું મુખ પૂજ્ય, કેમકે તે બધું ખાય છે,
ગાયનું પૃષ્ઠ પૂજ્ય, જે સારું ખાવા છતાં સારું વળતર દે,
બ્રાહ્મણના પગ પૂજ્ય, કેમકે તે જ્ઞાન-સંસ્કાર આપે છે,
જ્યારે નારીના તો સર્વ અંગ - અંગોઅંગ પૂજ્ય છે,
કેમકે તેનામાં નિઃસ્વાર્થ પ્રેમ-વાત્સલ્ય સમાયેલ છે.

## સર્વોદયનો સિદ્ધાંત

પ્રાર્થના એ તો સાધકનું પરમ શ્રેષ્ઠ બળ છે.
તમારા વિચારો અને આચારો ઉચ્ચ કોટી રાખો.
'બધાના હિતમાં મારું હિત છે અને મારા હિતમાં જ બધાનું હિત સમાયેલું છે' એ સર્વોદયના સિદ્ધાંતમાં જ શ્રદ્ધા રાખો અને બીજાના સુખને માટે તમારા કોઈ પ્રકારના સુખ અને આનંદનો ભોગ આપતા શીખો.

શરીર માટે જોઈતાં ખોરાક વિના હજુ થોડો વખત ચલાવી શકાય, પરન્તુ આત્માનો ખોરાક પ્રાર્થના છે, તેના વિના તો બિલકુલ જ ચલાવી શકાય નહિ.

## સાચો સંન્યાસ

આત્મદર્શનના થવા પહેલાં શાસ્ત્રોક્ત ક્રિયાઓ તજવી યોગ્ય નથી. ફૂલ આવવા લાગે એટલે ફૂલ આપોઆપ જ ખરવા માંડે છે, એમ આત્મદર્શન થતાં ક્રિયા ખરી પડે. કર્મો કે દ્રવ્યનો સ્થુળ ત્યાગ એ સંન્યાસ નથી પણ તે વિષેની આસક્તિ, અહંત્વ, મમત્વ, રાગ-દ્વેષ કે તેના લાભ-હાનિથી થતા હર્ષ-શોકનો ત્યાગ એ સાચો સંન્યાસ છે.

જે દેવામાં ઉદાર અને લેવામાં કરકસર કરે છે,
તેના પ્રત્યે જગત પણ દેવામાં ઉદાર
અને લેવામાં કરકસર જ કરે છે.

વ્યાજે બમણું, વ્યાપારમાં ચોગુણું,
ક્ષેત્રમાં સોગુણું તથા પાત્રમાં અનંતગુણું વધે છે.

બીજામાં જે તમને ન ગમતું હોય,
તે પહેલાં તમારી જાતમાંથી દૂર કરવાનો પ્રયત્ન કરો.

તારાથી બીજા દુઃખ ન પામે, તે માટે પારેવા જેવો થા,
બીજાથી તું દુઃખ ન પામે, તે માટે તું સાપ જેવો થા.

## તીર્થંકરોની ત્રણ અવસ્થા

દ્રવ્યજિન: કેવળજ્ઞાન પૂર્વની, વરબોધિ પછીની અવસ્થા. ભાવજિન: સમવસરણસ્થાવસ્થા. તત્ત્વજિન: શૈલેશી - સિદ્ધાવસ્થા.

જેમ પહાડ કે પહાડની ખીણ, સમુદ્ર કે બેટ, નદી કે તળાવ, ભયંકર ગાઢ ઝાડી કે સપાટ રણ-મેદાન, ખાલસા દેશ કે દેશી રાજ્યનો પ્રદેશ, બંદર કે ધાર્મિક તીર્થસ્થળ હોય, સર્વત્ર 'યુનિયન જેક' કે 'મુસાફર બંગલો' હોવા જોઈએ, તેમ તીર્થંકરો તરફ અનહદ પૂજ્યભાવ ધરાવતો જૈન ગામેગામ જિનાલયોનું અસ્તિત્વ ઈચ્છે, તેમાં શી નવાઈ?

## સદ્ભાવવાળી ભાષા પરિપૂર્ણ

ભાષા અને તેના અર્થની વચ્ચે જો સદ્ભાવનો સંબંધ હોય, તો જ તે ભાષાથી ખરો અર્થ સમજી શકાય છે. બાળક અધુરી ભાષા બોલે, તો ય તેનો ભાવ માતા સમજી જાય છે, પરન્તુ વકીલો અને બેરીસ્ટરોના ઘડેલાં અનેક મુસદ્દાઓમાંથી જ્યારે સદ્ભાવ જતો રહે છે, ત્યારે તે ખામીથી ભરેલો બની જાય છે અને સામા પક્ષને તેમાંથી પોતાને ઘણા મુદ્દાઓ માલુમ પડે છે, એટલે કે સદ્ભાવ વિનાની ભાષા અપૂર્ણ જ છે અને સદ્ભાવવાળી ભાષા પરિપૂર્ણ કહેવાય છે.

## ભવાભિનંદી જીવ કેવો હોય ?

કોઈ એક ખસવાળો જીવ ઘણી ખરજ આવવાથી નખ વડે આંગળાને ખૂબ ખણવા લાગ્યો. નખો ઘસાઈ જતાં ખણવા માટે સાંઠીની શોધમાં ફર્યો. રેતીવાળી જમીનમાં તે મળી નહીં. ઔષધિના જંગલમાં ઘાસનો પૂળો જેણે ગ્રહણ કરેલ છે, એવા વૈદ્યરૂપી વટેમાર્ગુનું દર્શન થયું. તેની પાસે એક તૃણની સાંઠી માંગી. તેણે આપી, તેથી તેણે વિચાર્યું કે: ધન્ય છે જેની પાસે આટલી બધી ખણવાની સાંઠીઓ છે. 'તે ક્યાં મળે છે?' એમ પૂછતાં જવાબ મળ્યો કે: 'લાટ દેશમાં. ખણવાનો આનંદ મેળવવા આની શું જરૂર છે? તેના કરતાં તો જો તને હવે પછી સાંઠીઓની જ જરૂર ન પડે તેમ કરી દઉં, ત્રિફલાનો પ્રયોગ કર. રાત્રિમાં જ ખરજ દૂર કરી દઉં.' વૈદ્યની આ વાત સાંભળી કહ્યું કે 'ખણવાના વિનોદના અભાવે જીવતરનું ફળ શું? માટે ત્રિફળાની મારે જરૂર નથી. સાંઠીઓ ક્યાં મળે છે એ જ કહો.' આમ ભવાભિનંદી જીવોની ઇચ્છા ભોગની નિવૃત્તિ માટે નથી પણ ભોગના સાધનો મેળવવામાં છે. માનવમાં સ્વાભાવિક રીતે જ બીજાના દોષો જોવાની અને સ્વદોષો બાજુ ઉપર ઢાંકવાની વૃત્તિ રહેલી છે.

૦ પરિવર્તન એટલે રૂપાંતર, એટલે કે ઉત્પત્તિ અને નાશ, વિકાસ અને પતન. પ્રાણી કે પદાર્થમાં કોઈપણ ગુણ-સ્વભાવ કે અવયવ નવો ઉત્પન્ન થતો હોય છે કે જુનો નાશ પામતો હોય છે. પ્રાયઃ પ્રત્યેક પ્રાણી પ્રત્યેક સમયે યત્કિંચિત પણ વિકાસ સાધે જ છે.

પરિણામના પરિણામો

કાર્યકારણોની

| અંતવાળી છે, કારણકે પતન અને વિકાસ એ પદાર્થના સ્વભાવો છે. | સાં ક ળ નિ ર વ ધિ | નિહિત છે, કારણકે પતન અને વિકાસ રૂપ પરિવર્તનો કોઈપણ પદાર્થમાં થાય છે. |
|---|---|---|

ન ——— થી

પતનો અને વિકાસો એ પદાર્થના સ્વભાવો છે. તે કેટલા થાય, એનો આધાર પદાર્થની શક્તિ ઉપર છે. પદાર્થની પૂરેપૂરી શક્તિ સુધીના પતનો અને વિકાસો તે અંતિમ પતન અને અંતિમ વિકાસ છે.

| | | |
|---|---|---|
| પરિવર્તનો પદાર્થની શક્તિ છે, સ્વભાવ છે, ગુણ છે. | ઉદ્ભવના અંત સુધી પહોંચવું, એ જ જીવનનું | પરિવર્તનો ગમે તેટલાં થાય છતાં તેમાં કેન્દ્રસ્થ પદાર્થ સ્થિર અને કાયમ જ રહે છે. |
| પરિવર્તનો સ્વતંત્ર નથી પણ પદાર્થને આધીન છે. પદાર્થની શક્તિ પ્રમાણે જ પરિવર્તનો થાય છે. | પ<br>ર<br>મ<br>ધ્યે<br>ય. | તેમ જ પદાર્થના અમુક પરિવર્તનના અંતિમ પરિણામ પણ સંભવિત છે. એમ અવાંતર પરિણામો તેમ મહાપરિણામો પણ રહે છે. |

પાત્રતા = ઊંચી ભૂમિકા.

## આશા - નિરાશા, ઉદય - અસ્ત, ઉત્પત્તિ - વિનાશ

મિનિટોની ઉત્પત્તિ અને નાશથી કલાકો રચાય છે. કલાકોની ઉત્પત્તિ અને નાશથી દિવસો રચાય છે. મહિનાઓની ઉત્પત્તિ અને નાશ વર્ષોને વિકસાવે છે. વર્ષોની ઉત્પત્તિ અને નાશ યુગોને ઉત્પન્ન કરે છે. કોઈપણ પ્રાણી કે પદાર્થથી એકની એક સ્થિતિમાં ટકી શકાય જ નહિ. ઇચ્છાએ કે અનિચ્છાએ પરિવર્તન પામવું જ પડે છે. તેમાં કોઈનું જરાપણ કશાપણ કે લાગવગ ચાલી શકતા જ નથી.

આશા અને નિરાશા, ઉદય અને અસ્ત.

પ્રગતિ

દુર્ગોની ઉત્પત્તિ
અને નાશ
ઉત્સર્પિણીઓ,
અવસર્પિણીઓ,
કાળચક્રો અને
પુદ્ગલ પરાવર્તનોને રચે છે.

દુર્ગતિ

સંકોચ પ્રવિકાસ,
સંકોચ પ્રસરણ.

—— વિકાસ અને પતન ——

o

जागर्तु कोऽपि वसुधावलयेऽनसूयः
सन्मार्गिकः प्रकृतनं हि वदत्विमेतत् ।

(પરિશિષ્ટ- ૬૬)

## સાચી સંસ્કૃતિ એટલે શું ?

સંસ્કારિતાની પરીક્ષાનો આધાર વિશાળ સાહિત્યના સંગ્રહ કે ચિત્ર - વિચિત્ર બાહ્ય સાધન - સામગ્રી ઉપર નહિ, પરન્તુ જીવનસંસ્કારમાં સંગીનતા અને ઉદાત્તતા દીપવી જોઈએ. જીવન આનંદમય અને સમતોલપણે પસાર થાય, માનવ નિર્ભય અને નિઃશંક રહી શકે, તેવા બુદ્ધિપૂર્વકની એક જાતની ગોઠવણ, તેનું જ નામ 'સંસ્કૃતિ' છે કે જે ભારતવર્ષમાં પહેલાં બાલમય જીવે

તથા વિઘ્નો અને આગવડો વિના સમગ્ર જીવનને વ્યવસ્થિત રીતે ગાળી શકાય. તેના અંગો - રાજ્ય, સમાજ, લગ્ન, કુટુંબ, ઘરબાર, આરોગ્ય, દીર્ઘાયુષ્ય, નીતિ, ધર્મ, અધ્યાત્મ છે. ત્યાગ, સંયમ, સાદાઈ, પરોપકાર, પવિત્રતા, શાંત અને શીલ - એ જીવનની પરમ ઉદાત્તતા છે. મહાવીર પ્રભુના અદ્ભુત મહાન ત્યાગના એક નમૂનારૂપ જૈન મુનિઓનું અપૂર્વ દર્શન, બુદ્ધિપૂર્વકનો ઉચ્ચ જીવન-વ્યવહાર અને ભાવની ઉચ્ચ માત્રાઓની અસર ભૂલ્યા, પાપી - ઉચ્છૃંખલો ઉપર પણ અંતે છાપ પાડે જ છે. તેઓનો અંતરાત્મા જાહેરે - અજાહેરે પણ કબૂલ કરે છે: 'આટલા દૃઢ અને સત્ત્વશાળીના પાયા ઉપર રચાયેલી

ભારતીય સંસ્કૃતિ સામે થવું એ ખરેખર

સૂર્યની સામે ધૂળ ઉડાડવા બરાબર છે.' સંસ્કારિતા, ત્યાગ અને અહિંસા - સંયમ - તપપ્રધાન તેઓનો આચાર એ ધર્મસંસ્કરણના પ્રભુભૂત છે. એ ત્રણેની સર્વોત્તમતા જૈનદર્શનની સર્વમાન્ય છે, તેથી તે 'લોકોત્તર દર્શન' છે.

o ઈશ્વર સાથે પોતાનો સંબંધ કબૂલ રાખીને એ સંબંધને અનુસરી મનુષ્ય જે જે આચાર - વિચાર કરે, તે 'ધર્મ' કહેવાય છે.

જનતાનો મોટો વર્ગ કેવળ એશો - આરામ,
પુદ્ગલના વિલાસો અને એ કશ્મકશે જડવાદી રહેલ છે,
તેઓ ધર્મ કરતો જ નથી. જેઓ ધર્મ કરે છે, તેઓ:

(૧) વંશ પરંપરાગત ધર્મને કરે છે.
(૨) કૌટુંબિક પ્રેરણાથી કરે છે.
(૩) લોકવ્યવહારમાં નિન્દાના ભયથી કરે છે.
(૪) જનસમૂહમાં પ્રશંસા મેળવવાને ઇરાદે કરે છે.

ધર્મની પરીક્ષા કર્યા પછી ધર્મ કરનારના પણ ત્રણ વર્ગ પડે છે: બાલ, મધ્યમ, મંદબુદ્ધિ.

કાયોત્સર્ગ કર્યા વિના અથવા બહિરાત્મભાવના ત્યાગ વિના એકલું ધ્યાન મોક્ષમાર્ગમાં સફળ ઉપયોગી નથી.

મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઇ। અર્થાત્: મારે સર્વ જીવો સાથે મૈત્રી છે, કોઈની સાથે વૈર નથી.

Friend to all & enemy to none.

o તત્ત્વજ્ઞાનનો સાર અથવા તો તેનું પરિણામ સાચું સદ્વર્તન છે. સદ્વર્તનની અભિમુખ તત્ત્વજ્ઞાનને જ 'સમ્યગ્જ્ઞાન' કહ્યું છે. ભારતીય જ્ઞાનના શાસ્ત્રો તો અગાધ જ્ઞાનીઓના વિશ્વ વિષેના અંતિમ નિષ્કર્ષો છે.

- Divine Life No 1086

## સિદ્ધના ૩૧ ગુણો : પ્રવચન સારોદ્ધાર - દ્વાર : ૨૭૬

૫ જ્ઞાનાવરણીય

૯ દર્શનાવરણીય

૨ વેદનીય (શાતા - અશાતા)

૨ મોહનીય (દર્શન - ચારિત્ર)

૪ આયુકર્મ

૨ નામ કર્મ (શુભ - અશુભ)

૨ ગોત્રકર્મ (ઊંચ - નીચ)

૫ અંતરાય કર્મથી રહિત.

૩૧

## સિદ્ધો નિમ્નલિખિત ૩૧ વસ્તુથી રહિત હોય છે

૫ સંસ્થાન (વાંટળું, ત્રિકોણ, ચતુષ્કોણ, દીર્ઘ, પરિમંડલ)

| | | |
|---|---|---|
| ૫ વર્ણ | ૮ સ્પર્શ | ૧ સ્વજનાદિ સંગ |
| ૨ ગંધ | ૧ શરીર | ૧ પુનર્જન્મ |
| ૫ રસ | ૩ વેદ | ૩૧ |

o

માનવતાનો વિરોધી કે પ્રથમ કટ્ટર દુશ્મન 'મમતા' છે.

મમતા વધતાં માનવતા નાશ પામે છે.

મમતાના નાશમાં જ માનવતાનો વિકાસ છે.

વઢવાણ શહેરમાં થયેલ પંદર દિવસના વ્યાખ્યાનના
અંતે પ્રાપ્ત થયેલ સુમધુર અમૃત ફળ:

સંસારમાં સર્વથી શ્રેષ્ઠ વસ્તુ કઈ? જિનાજ્ઞાનું પાલન.
જિનાજ્ઞા સ્યાદ્વાદમય છે, તે સપ્તનયમય છે.
પરમેષ્ઠિ નમસ્કારમય છે, તેથી પંચમહાવ્રતમય છે.
અષ્ટપ્રવચન માતાસ્વરૂપ છે.
સાધુ ધર્મસ્વરૂપ છે, શ્રાવક ધર્મસ્વરૂપ છે.
સદ્ગુણ ત્રિકરણમય છે, સદાચરણ સેવનરૂપ છે. તે
ષડાવશ્યકરૂપ - પંચાચારસ્વરૂપ - ૪ અનુયોગરૂપ છે,
જ્યાં તત્ત્વમય છે, જ્યાં રત્નમય છે.
તે નવપદસ્વરૂપ છે... ઈત્યાદિ...

"મારી પવિત્ર દશા, તે રૂપી કાર્ય,
તેને કોઈની મદદ વગર હું જ, મારી શક્તિથી જ કરું છું."
આવો પોતાનો સ્વભાવ, તેના શ્રદ્ધાનું જોર, તે ઉપાદાન દૃષ્ટિ છે અને તે એક જ મુક્તિનો ઉપાય છે.
સ્વતઃ શુદ્ધ અને સમસ્ત પ્રકારે પરિપૂર્ણ એવા આત્મસ્વભાવની રુચિ અને તેનો જ અખંડ વિશ્વાસ, તેનું જ એક લક્ષ અને તેનો જ એક આશ્રય, એ સમ્યગ્દર્શન અને એ જ મુક્તિનો પરમ ઉપાય છે.

બેરાવરનગર, 22/2/1947

સદ્દેવ, સદ્‌ગુરૂ, સત્શાસ્ત્રવિવેક પછી ચૈતન્યસ્વભાવની ઓળખાણ થઈ, તેથી ‘વિશ્વનો પ્રભુ જ્ઞાતા છું’ એવો વિવેક થાય, ત્યારે સત્નો સ્વીકાર થયો સમજવો. આવા સ્વાધીન સત્ને સ્વીકાર્યું એટલે સમ્યગ્દર્શન થયું.

તેને કર્મો ટળી જ જાય, એમાં શંકા નથી.

ધર્મ = સ્વભાવનું સ્વરૂપશ્રદ્ધાન, ભાસન, પરિણમન.

અધર્મ = વિભાવનું સ્વભાવપણે શ્રદ્ધાન, ભાસન, પરિણમન.

ચેતનાનું પરિણમન એટલે...

શ્રદ્ધાન, જ્ઞાન, રમણારૂપ પરિણમન. તે બે પ્રકારે હોય:

(૧) શુદ્ધ (૨) અશુદ્ધ.

‘વત્થુ સહાવો ધમ્મો |’ વસ્તુનો સ્વભાવ તે ધર્મ. આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે. તેનો સ્વભાવ જ્ઞાન-દર્શનમય ચેતના છે, તે ચેતના શુદ્ધતારૂપે પરિણમે અર્થાત્ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનરમણતારૂપે પરિણમે, તે ધર્મ. ‘આત્મા ત્રિકાળશુદ્ધ ચેતનાસ્વરૂપી વસ્તુ છે અને વિકાર ક્ષણિક છે’ એવા ભેદજ્ઞાનપૂર્વકની આત્માના સ્વભાવની પ્રતીતિ અને અનુભવ, તે સમ્યગ્દર્શન છે અને તે જ વસ્તુસ્વભાવનું મૂળ છે.

પરદ્રવ્યોનું લક્ષ અને પરદ્રવ્યોનો આશ્રય છોડીને
સ્વદ્રવ્યનું જ્ઞાન, શ્રદ્ધાન અને તેમાં જ સ્થિરતા કરો.

સ્વદ્રવ્યમાં બે પડખાં છે:

(૧) ત્રિકાળ શુદ્ધ, સ્વતઃ પરિપૂર્ણ, નિરપેક્ષ સ્વભાવ છે.
(૨) ક્ષણિક વર્તમાન વર્તતી વિકારી હાલત છે.

પર્યાય પોતે અસ્થિર છે,
તેથી તેના લક્ષે પૂર્ણતાની પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન નહિ
પ્રગટે પણ જે ત્રિકાળી સ્વભાવ છે, તે સદા શુદ્ધ છે,
પરિપૂર્ણ છે અને વર્તમાનમાં પણ તે પ્રકાશમાન છે,
તેથી તેના આશ્રયે, લક્ષે પૂર્ણતાની પ્રતીતિરૂપ સમ્યગ્
દર્શન પ્રગટ થશે. એ દર્શન પોતે કલ્યાણસ્વરૂપ છે
અને સર્વ કલ્યાણનું મૂળ પણ સમ્યગ્દર્શન જ છે.

જેમ પાણી ઉપર તેલનું ટીપું તરે,
તેમ આત્મા ધ્રુવ સ્વભાવ ઉપર
વર્તમાન એક-એક અવસ્થા પૂરતો વિકારી ભાવ છે
તે તરે છે. ધ્રુવ સ્વભાવમાં તે પ્રતિષ્ઠા પામતો નથી.

એક ક્રિયા અન્ય ક્રિયાને બાધ ન ઉપજાવે તેમ થાય,
ત્યારે તે 'લોકોત્તર ક્રિયા' ઇત્યાદિ. એક ક્રિયા અન્ય ક્રિયા
સાથે વિરોધ કરનારી થાય, ત્યારે તે 'લૌકિક ક્રિયા' છે.

'મનની સરળતાથી હું શુદ્ધ દશા પ્રગટ કરી શકું નહિ?
આત્મા પરથી નિરાળો છે. પુણ્ય - પાપની વૃત્તિ
ઊઠે, તેનાથી પણ પરમાર્થે 'હું જુદો છું' એમ પરનાં
આશ્રય વિનાનું પોતાનું સ્વાધીન સ્વરૂપ જેણે ધાર્યું,
તેણે જ મોક્ષમહેલને ચણવાનો પાયો નાંખ્યો, એમ માનવું.
જે જે વસ્તુની આપણને ભવિષ્યમાં પણ મેળવવાની
ચાહના હોય, તેના માટે તે પદાર્થવાનની ઉચિત સેવા,
સન્માન, પૂજાદિ કરવા જોઈએ. માટે જ અપૂજ્યની પૂજા
અને પૂજ્યની અપૂજા એ પ્રાયશ્ચિત્તને પાત્ર મનાયા છે.
યોગ્યનું યોગ્ય સન્માન કરવું, તે આપણી યોગ્યતા
વધવાનું બીજ છે. યોગ્ય આત્માઓએ જે આપાય છે,
તેનાથી સહસ્ત્રગણું પાછું આપણને મળે છે.

## ક્રિયામાં સુવિધિનું માહાત્મ્ય

વિધિસર થતાં દાન, પૂજા અને સેવા -
એ જ અનુક્રમે
મહાદાન, ઈષ્ટપૂજા અને સત્સેવા
કહેવડાવવાને લાયક છે.

o પોતાના ત્રિકાળીપણાની માન્યતા ન કરી,
તે ભાવ જ બાંધવા યોગ્ય છે, જડ કર્મ બાંધશે નહિ.

## સાધકસ્વરૂપમાં સાવધાની તે સુખ.
## વિનાશીભાવમાં સાવધાની તે દુઃખ.

દરેક જીવને દુઃખથી છૂટવું છે, ભૂલથી બચવું છે તથા પરાધીનતા પસંદ નથી, એ એમ બતાવે છે કે દુઃખ, ભૂલ, પરાધીનતા તે જીવનો આંતરિક સ્વભાવ નથી પણ વિભાવ છે. સ્વભાવ તેથી વિપરીત સુખરૂપ, સત્યરૂપ, સ્વાધીનતાસ્વરૂપ છે. તેને ભૂલવાથી જીવ ભટકે છે, દુઃખી થાય છે, પરાધીનતા અનુભવે છે.

સ્વભાવનું સ્મરણ અને શ્રદ્ધાન જેને થાય છે, તે થોડા જ વખતમાં સ્વભાવરમણરૂપ પુરુષાર્થ વડે સ્વાધીન બની જાય છે.

જેટલું પરભાવથી વિરમણ, તેટલું જ સ્વભાવરમણ સમજવું. વિરતિ, પચ્ચક્ખાણ, ત્યાગ વિગેરે સ્વભાવ-રમણના જ ઉપાયો છે પણ તે તેઓને જ ફળે છે કે જેઓને સ્વભાવની ઓળખાણ અને પાકી શ્રદ્ધા છે. તે શ્રદ્ધા જિનવચનથી, જિનસ્વરૂપના ધ્યાનથી, જિનસ્વરૂપના ધ્યાનમાં સ્થિર થયેલાની ભક્તિથી, દૃઢ જિજ્ઞાસાથી, તીવ્ર પાત્રતાથી જન્મે. નીતિનિયમોના પાલનથી, કર્મલઘુતાથી, તથાભવ્યત્વના પરિપાકથી પાત્રતા આવે છે.

તથાભવ્યત્વનો પરિપાક કરવા માટે
જ્ઞાનીઓએ ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને
સુકૃતાનુમોદનાનો સરળમાં સરળ ઉપાય ઉપદેશ્યો છે.
આત્મસ્વરૂપના લાભ માટે, શુદ્ધિ માટે અને
અસ્થિરતા તથા ચિત્તચાંચલ્ય ત્યજીને તેમાં સ્થિત થવા
'અરિહંતાદિ ચારના આશ્રય સિવાય
બીજા કોઈનો આશ્રય કારગત નીવડે જ નહિ'
એવો જ્ઞાનીઓનો નિર્ધાર છે.

અરિહંત આદિ ચારનો આશ્રય એટલે તેમનું ધ્યાન, પૂજન, સ્મરણ, સ્તવન, નમન, વંદન, સત્કાર, સન્માન, આજ્ઞાપાલન, ગુણકીર્તન. તેમની જ સેવા કરવી, બીજા પાસે કરાવવી, કરનારાની સ્તુતિ કરવી, અનુમોદના કરવી, તેમની પણ સેવા કરવી, આજ્ઞા ઉઠાવવી, અન્યની આજ્ઞા પાળવા માટે સર્વસ્વનો ભોગ આપવો, આપવાની વૃત્તિ કેળવવી અને એ ચાર સિવાય બીજાની સેવામાં થતો સર્વ પ્રકારનો વ્યય, તેને નિરર્થક - ફોકટ માનવો, નુકસાનકારક નિર્ધારવો, એ સાધકનું કર્તવ્ય છે.

પૂર્ણ નિર્મળ દશા તે મોક્ષ છે અને
તેના કારણરૂપે ઉજ્જ્વળ નિર્મળ દશા તે મોક્ષમાર્ગ છે.

રાગ-દ્વેષની ઉત્પત્તિનું મૂળ જૂઠી કલ્પના છે.

પરપદાર્થથી આત્મદ્રવ્યને લાભની કલ્પના
એ રાગની ઉત્પત્તિનું મૂળ છે અને હાનિ
યા ગેરલાભની કલ્પના એ દ્વેષની ઉત્પત્તિનું મૂળ છે.
એ કલ્પનાનું મૂળ વસ્તુસ્થિતિનું અજ્ઞાન છે, જે
અનાદિકાળથી ચાલ્યું આવે છે, તેથી તે સંસ્કાર દૃઢમૂળ છે.

તેની પક્કડમાંથી છૂટવું એ સર્વજ્ઞ વચનના
અવલંબન સિવાય કોટિ ઉપાયે શક્ય નથી.

સર્વજ્ઞ વચન એક દ્રવ્યની અન્ય દ્રવ્ય ઉપરની
અસરની ખોટી કલ્પનાને સમૂળપણે દૂર કરી આપે છે.
પ્રત્યેક દ્રવ્ય એ પોતાના ગુણપર્યાયનું કારણ છે પણ
પરદ્રવ્યના ગુણપર્યાયનું કારણ ત્રિકાળમાં બની શકતું નથી,
એ ત્રિકાળાબાધિત સત્ય સિદ્ધાંત છે.
તેમાં કોઈની પણ કલ્પનાથી કાંઈપણ ફેર પડી શકતો નથી.

ચેતન દ્રવ્ય ઉપર અચેતન દ્રવ્ય
કાંઈપણ અસર નિપજાવી શકતું નથી.
ચેતન દ્રવ્યની અસર ચેતન દ્રવ્ય ઉપર છે અને
અચેતન દ્રવ્યની અસર અચેતન દ્રવ્ય ઉપર છે.

'દરેક દ્રવ્ય પોતાને છોડીને બીજા દ્રવ્યના ગુણપર્યાય ઉપર કાંઈ પણ કરી શકતું નથી' એ રીતે જ્યારે 'સ્વપ્રયોજનની સિદ્ધિ સ્વથી જ છે પણ પરથી નહિ જ' એવો સત્ય નિશ્ચય જીવને થાય છે, ત્યારે નિમિત્તો ઉપર થતી રાગ-દ્વેષની લાગણી આપોઆપ શમી જાય છે. નિમિત્તો ઉપર રાગ-દ્વેષની લાગણી જેટલા પ્રમાણમાં શમી જાય છે, તેટલાં જ પ્રમાણમાં જીવદ્રવ્ય સ્વાધીન સુખનો અને પરમ શાંતિનો અનુભવ કરી શકે છે.

'સ્વાધીનતામાં સુખ અને પરાધીનતામાં દુઃખ.'

આ વાક્યનું તાત્પર્ય પણ પછી જ યથાર્થ સમજાય છે. સન્માન આત્મદ્રવ્ય એ જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ અને વીર્યનો પિંડ છે. એને કોઈ અપમાન કરી શકતું નથી. એના એકપણ ગુણના એકપણ અંશનો નાશ કોઈથી પણ થઈ શકતો નથી. એની પોતાની ઊંધી માન્યતાથી જ એ પરાધીન બને છે. એ પરાધીનતામાંથી બેચેની, અસ્વસ્થતા, વ્યાકુળતા, નિરાનંદતા, ગ્લાનિ, હતાશા, નિરાશા, દ્વેષ, ક્રોધ આદિ વિવિધ લાગણીઓ પ્રગટે છે. તેનો નાશ અને એ નાશનો ઉપાય સત્ય સ્વભાવના અવલંબનપૂર્વક આત્મદ્રવ્યનો અન્વય વ્યતિરેકથી યથાર્થ

નિવૃત્તિ કરવા વિશેષ જાણો કોઈ અહીં કાળ કે અહીં ભૂમિકામાં છે જ નહિ. એ ઉપાયનું જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ એ મુક્તિનો માર્ગ છે. એથી વિરુદ્ધ ઉપાયોનું જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ - એ ઉન્માર્ગ છે.

ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મલ નીર,
ધોબી અંતર આતમા, ધોવે નિજ ગુણ ચીર ...(૬)

સર્વશક્તિના પૂર્ણ સામર્થ્યરૂપ સ્વવસ્તુ તરફ જોરદાર એકાગ્ર ન કરતાં પ્રથમ અધુરી નિર્મલ અવસ્થા અને પછી પૂર્ણ નિર્મલ અવસ્થા પ્રગટે છે. પરાશ્રયથી વિકારી અને સ્વાશ્રયથી નિર્મલ પર્યાય ઉઘડે છે. આત્મા દેહ, ઇંદ્રિય, મન, વિષયોથી જુદો છે, કેમકે બંનેના સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, સ્વરૂપ અને પ્રયોજનાદિ જુદા - જુદા છે.

સંજ્ઞા : 'અહં' પદવાચ્ય - 'મમ' પદવાચ્ય.

સંખ્યા : એક - અનેક.

લક્ષણ : 'જ્ઞ' ઉપયોગ, ચેતન - અચેતન, અનઉપયોગ, અજ્ઞ.

સ્વરૂપ : નિત્ય, અતીન્દ્રિય, અમૂર્ત - અનિત્ય, ઐંદ્રિયક, મૂર્ત.

પ્રયોજન : પ્રયોજન એટલે કાર્ય.

કર્તૃત્વ, ભોક્તૃત્વ, સ્વામિત્વ, અધિષ્ઠાતૃત્વ, આદાતૃત્વ, કર્મત્વ, ભોગ્યત્વ, અર્થત્વ, વિષયત્વ, કરણત્વ ઇત્યાદિ.

## મોક્ષનું બ્રાહ્મમુહૂર્ત

શુદ્ધ જ્ઞાયક આત્મા તે ભૂતાર્થ છે,
ત્રિકાળ એકરૂપ ટકનાર વસ્તુ છે.
તેને જ ગ્રહણ કરી તેની શ્રદ્ધા કરવી, તે સમ્યગ્દર્શન.
તે જ પહેલાંમાં પહેલો મોક્ષનો પાયો છે,
આત્માના મોક્ષનું બ્રાહ્મમુહૂર્ત છે, એમ સર્વજ્ઞ કહે છે.

આત્મામાં એકેક સમયની વર્તમાન અવસ્થા પૂરતો જે પરસંયોગ આધીન વિકાર છે, તે ક્ષણિક પર છે, કેમકે આત્મા ટકે ત્યાં સુધી તે ટકનાર નહિ. પુણ્ય, પાપ, ઉભય વિકલ્પ ઈત્યાદિ ઉભય અભૂતાર્થ છે. એ જ રીતે આત્માનો વિચાર કરતાં ગુણગુણીના ભેદરૂપ વિકલ્પ, વિચાર અને અધૂરી અવસ્થાના ભેદ તે ક્ષણિક વ્યવહારનયનો આશ્રય વિષય ઈત્યાદિ અભૂતાર્થ છે.

## ભૂતાર્થ દૃષ્ટિ

ભૂતાર્થ દૃષ્ટિવાળો જીવ જ્ઞાની છે. ભૂતાર્થ અખંડ સ્વભાવ ધ્રુવ છે. તે જ આદરવા યોગ્ય છે. વ્યવહાર વર્તમાન ભેદરૂપ -વિકારરૂપ છે. તે ક્ષણિક છે, તેથી આદરવા યોગ્ય નહિ. અખંડ પદાર્થનું લક્ષ કરતાં વચ્ચે વિચારમાં શુભ વિકલ્પ થઈ આવે છે, તે પુણ્યભાવ - બંધભાવ છે,

તે અસ્પર્શી છે, તેથી અભૂતાર્થ છે એટલે આદરવા યોગ્ય નથી. નિશ્ચય આત્મામાં અને વ્યવહાર જડમાં એમ ન હોય. જેમ પર ચીજ સાથે આત્માને કાંઈ સંબંધ નથી, તે જ રીતે શરીરની ઈન્દ્રિયાદિ પ્રવૃત્તિ તથા વાણીની કોઈ ક્રિયા આત્માને આધીન નથી, કારણકે પરવસ્તુ સ્વતંત્ર છે, તે કોઈને પણ આધીન નથી.

## અરૂપી આત્મા

અરૂપી આત્મા નજરે દેખાતો નથી, તેને કેમ માનવો?

'સ્ત્રી, ધન, પુત્ર, આબરૂ વિગેરેમાં સુખ છે'

એવું માન્યું છે, તે શેમાં નજરે જોઈને માન્યું છે?

પરમાં જોઈને તો નક્કી કર્યું નથી, કેમકે

આંખ વડે સુખ દેખાતું નથી, છતાં કેમ માનો છો?

વળી 'સુખ આમાં છે' એવી કલ્પના કોણે કરી?

જેણે નક્કી કર્યું, તે નક્કી કરનારો જ આત્મા છે.

વળી 'મારી મને જ ખબર નથી' એમ કોણે જાણ્યું?

તે જાણનારો સદા જાણનાર રૂપે આત્મા છે.

અરૂપી સાકારપણે છે પણ પોતે પોતાની દરકાર કરી નથી,

માટે જણાતો નથી એમ કહે છે.

એ શાશ્વત સત્ય જરૂર સમજાય તેવું છે કે:

સમજવાની ધગશ હોય, તો પોતાનું સત્ય પોતે જ છે. પરને માનવામાં વિકારની પરાધીનતા આવે છે. સ્વને માનવામાં વિકલ્પની પરાધીનતા નથી. વિકલ્પ અને પરાધીનતા વિનાની દૃષ્ટિનો વિષય ત્રિકાળિક જ્ઞાયક અખંડ આત્મા છે. તે 'નિર્મળ એકરૂપ ધ્રુવ સ્વભાવ જ આદરણીય છે' એવી જેને શ્રદ્ધા છે, તે સમકિતી છે.

## હીરાની કિંમત ઝવેરી જ જાણે...

मणिर्लुठति पादाग्रे
काचः शिरसि धार्यते ।
परीक्षककरे प्राप्ते
काचः काचो मणिर्मणिः ॥१॥ (પરિશિષ્ટ-૬૭)

## નિશ્ચય-વ્યવહાર

જેમ મેલાં વસ્ત્રને વિષે કંકુ અથવા કેસરનો રંગ ન લાગે, તેમ હીણા વ્યવહારવંતના ચિત્તને ગુણ ન હોય એટલે વ્યવહાર વિના નિશ્ચય પરિણમે નહિ. શુદ્ધનયની ભાવના તો ત્યારે સ્થિર થાય કે તે જ્યારે વ્યવહાર-યુક્ત હોય તો, અન્યથા કણ તોલો, કણ માસો થાય.

પહેલાંમાં નિશ્ચયનયની વાત સમજાવે એટલે વ્યવહારમાં દૃષ્ટિ કરે જ નહિ, માટે વિપરીત કહેવાય.

એ કારણથી જ આચારાંગાદિ કાલિકશ્રુતમાં
બહુલતાએ પ્રથમ અહીં નય કહ્યા છે.

<u>સંશય પણ પ્રવૃત્તિ - નિવૃત્તિનું અંગ છે.</u>

ઈચ્છિત પદાર્થની પ્રાપ્તિ માટે સંશય હોવા છતાં પ્રવૃત્તિ થાય છે, કારણકે ઈચ્છિત પદાર્થનો સંશય પણ પ્રવૃત્તિનું અંગ છે અને અનર્થ એટલે અનિષ્ટ - પ્રતિકૂલ પદાર્થમાં તથા તે પદાર્થના ઉપાયોમાં સંશય હોવા છતાં તે પોતાને પ્રતિકૂલ હોવાથી તેની નિવૃત્તિ જ થાય છે, કારણકે અનર્થ અનિષ્ટ એ નિવૃત્તિનું અંગ છે. કહ્યું છે કે:

કૃષ્યાદૌ ફલસંશયેઽપિ તદુપાયત્વ-
નિશ્ચયાત્ પ્રવૃત્તિસ્તથા ધર્મેઽપિ । અર્થાત્:

જેમ ખેતી વિગેરેમાં ફળનો સંશય હોવા છતાં તેના ઉપાયનો નિશ્ચય હોવાથી પ્રવૃત્તિ થાય છે, તેમ ધર્મને વિષે પણ ફળનો સંશય હોવા છતાં તેના ઉપાયનો નિશ્ચય હોવાથી પ્રવૃત્તિ થાય છે. વળી કહ્યું છે કે:

સંસયં પરિઆણઓ સંસારે પરિણ્ણાએ ભવઇ,
સંસયં અપરિઆણઓ સંસારે અપરિણ્ણાએ ભવઇ ।

જે સંશયને જાણે છે, તે સંસારને પણ જાણે છે.
જે સંશયને જાણતો નથી, તે સંસારને પણ જાણતો નથી.

## સત્ક્રિયાઓની જરૂર શા માટે?

ક્ષાયિકભાવના લક્ષ્યરૂપ અખંડ પુરૂષાર્થમાં નહિં ચડેલાને
ચડાવવા માટે, ચડીને પડેલાને ફેર ચડાવવા માટે, ચડેલાને
ટકાવવા માટે, ટકેલાને આગળ વધારવા માટે અને
આગળ વધેલાને પાછળ પડતાં અટકાવવા માટે
ક્ષાયિકભાવ રૂપી ગુણનું લક્ષ ક્ષાયિકભાવમાં ટકવા રૂપી
પુરૂષાર્થને પામેલા પુરૂષોની બહુમાનાદિરૂપ અને
ક્ષાયિકભાવની નિત્ય સ્મૃતિ કરાવવા રૂપ
સત્ક્રિયાઓની પરમાતિપરમ અગત્યતા છે.

## સત્ક્રિયાઓનો પ્રભાવ

સત્ક્રિયાઓથી ઉત્પન્ન થયેલો ભાવ પડી જતો નથી
અને નહિ ઉત્પન્ન થયેલો ભાવ ફેર ઉત્પન્ન થાય છે.
ક્ષાયોપશમિક ભાવે જે ક્રિયાઓ થાય છે, તે ક્રિયાઓ
પતિત થયેલા ભાવની પણ પુનઃ પ્રવૃત્તિ કરે છે.
જ્યાં સુધી અક્રિયા ગુણસ્થાનક આવ્યું નથી,
ત્યાં સુધી કોઈને કોઈ ક્રિયા જ છે.
જે ક્રિયાઓ ક્ષાયિકભાવને પુષ્ટ કરનારી છે,
તે ક્રિયાઓને કદી પણ ન છોડવી,
એ સાધક માટે પરમ કર્તવ્યરૂપ છે.

## નિર્મળ આનંદ

જેમ મરચાં અને મરીની તીખાશનું અંતર જ્ઞાનમાં જણાય, પણ તેના સ્વાદનું વર્ણન વાણીમાં સંતોષકારક રીતે કરી શકાય નહિ, તેમ અખંડ, ધ્રુવ, જ્ઞાનાનંદી, અવિકારી એકાકાર સ્વભાવ લક્ષમાં લીધો, તેમાં સહજ નિર્મળ અવસ્થાનો આનંદ પ્રગટે છે, તે જ્ઞાનમાં જણાય છે. વર્તમાન અવસ્થા ઉપર દૃષ્ટિ કરતાં વિકલ્પ કે રાગ-દ્વેષ થાય છે, તેમાં શુભભાવ કરે તો મંદ આકુળતા અને પાપભાવ કરે તો તીવ્ર આકુળતાનો સ્વાદ આવે છે, તેનું અંતર જ્ઞાની જાણે છે. તે માત્ર જ્ઞાનથી જ જાણી શકાય છે, તે અંતરને વાણીમાં ઉતારી શકાતું નથી.

અજ્ઞાન એટલે સ્વભાવનો 'ન'કાર.

જ્ઞાન એટલે સ્વભાવનો 'હ'કાર.

નકાર એટલે અસ્વીકાર. હકાર એટલે સ્વીકાર.

## નિશ્ચય રત્નત્રય

જ્ઞાન - દર્શન - ચારિત્ર એ નિશ્ચય રત્નત્રય છે.

આત્મામાં એકલો આનંદ ભર્યો છે.

તેની શ્રદ્ધામાં યથાર્થ સમજણપણું કરવું,

તે નિર્વિકલ્પ ચારિત્રની ક્રિયા છે.

# <u>નવતત્ત્વ</u>

આત્માના અભેદ પરમાર્થ સ્વરૂપને સમજાવવા માટે
પ્રથમ નિમિત્ત રૂપે તીર્થ (વ્યવહાર ધર્મ)ની પ્રવૃત્તિ અર્થે
અભૂતાર્થ (વ્યવહાર) નયથી નવતત્ત્વના ભેદ પડાય્યા છે:

(૧) જે જાણે છે, તે જીવ - આત્મા છે.
(૨) જે ન જાણે, તે અચેતન - અજીવ છે.
(૩) કર્મના નિમિત્તાધીન જે શુભ ભાવ થાય, તે પુણ્ય છે.
(૪) અશુભ ભાવ તે પાપ છે.
(૫) તે વિકારીભાવ છે, તેથી તે આસ્રવ છે.
(૬) તેમાં જોડાવાથી બંધન થાય, તે બંધ છે.
(૭) સ્વભાવને ઓળખીને ઠરવાથી સંવર છે.
(૮) પાપ ખપવાથી નિર્જરારૂપ અવસ્થા થાય છે.
(૯) સ્વભાવમાં પૂર્ણપણે ઠરવાથી જ
પૂર્ણ નિર્મળ દશા પ્રગટ થાય છે, તે મોક્ષ છે.

નવ પ્રકારના વિકલ્પને છોડી એકરૂપ અખંડ સ્વભાવનું
લક્ષ કરે, ત્યારે નવતત્ત્વનો વ્યવહાર 'નિમિત્ત' કહેવાય.
તે અભાવરૂપે નિમિત્ત છે.

પરથી ભિન્ન અને સ્વથી અભિન્ન સ્વભાવના
શ્રદ્ધાન અને જ્ઞાન - તે સમ્યગ્ દર્શન.

## દેવ-ગુરુ-શાસ્ત્ર

સાચા નવતત્ત્વની શ્રદ્ધામાં જ

દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ આવી જાય છે.

(૧) જીવતત્ત્વ : તે રાગ-દ્વેષ-અજ્ઞાનરહિત છે. અસંયોગી, શુદ્ધ આત્માને માનવો, તે નિશ્ચય શ્રદ્ધા છે.

(૨) અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ : આ પાંચ તત્ત્વને આત્માના સ્વભાવમાં નાસ્તિરૂપ માનવા (તે હેય છે, એવી શ્રદ્ધા કરવી). કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર તે આસ્રવ અને બંધના કારણભૂત હોવાથી હેયરૂપ તત્ત્વ છે. તેની હેયરૂપ શ્રદ્ધા પણ આ પાંચ તત્ત્વોમાં આવી જાય છે.

(૩) સંવર-નિર્જરા : તે નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપી મોક્ષમાર્ગ છે, સાધકભાવ છે.

આચાર્ય - ઉપાધ્યાય - સાધુરૂપે શ્રી ગુરુ છે. તેનું સ્વરૂપ સંવર અને નિર્જરામાં આવી જાય છે.

(૪) મોક્ષ : પૂર્ણ નિર્મળ અવસ્થા તે 'મોક્ષ' કાર્યપદ છે.

વીતરાગ દેવના શાસ્ત્રથી સત્સમાગમે જેણે

સાચા નવતત્ત્વો જાણ્યા છે,

છતાં તે નવતત્ત્વના વિકલ્પમાં જ રોકાઈ રહે,

તો તે સંસાર જ છે.

એ વિકલ્પમાં જ ધર્મ માને, તો મિથ્યાત્વ છે.

## સમ્યક્ત્વ કોને કહેવાય?

'નવ પ્રકારમાંથી શુદ્ધ નય વડે એકરૂપ જ્ઞાયક છું'
અને એક પરમાર્થ સ્વભાવને જ સ્વીકારવો,
તે 'સમ્યક્ત્વ' કહેવાય છે.

વર્તમાન ઉણી અવસ્થાનો અભાવ,
તે વ્યવહારે પૂર્ણ નિર્મળ અવસ્થાનું કારણ છે.
પરમાર્થે આત્મા દ્રવ્ય અખંડ વસ્તુ છે,
તે જ નિશ્ચયથી અને ઉણી અવસ્થાનો નાશ કરનાર તથા
પૂર્ણ નિર્મળ અવસ્થા પ્રગટ કરનાર નિશ્ચય કારણ છે.
પર્યાય ઉપર દૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે અને
દ્રવ્ય ઉપર દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે.
અર્હંત અને સિદ્ધ પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ દેવ છે.
તેનું સ્વરૂપ પોતામાં આવી જ જાય છે.

## સ્વરૂપલીનતા એ જ તપ

એક અખંડ સ્વભાવની રુચિના ઘોલનમાં
આહારની ઇચ્છા સહેજે તૂટી જાય છે,
અને ઇચ્છાનો નિરોધ કરી સ્વરૂપમાં લીનતા થવી,
તેને ભગવાને 'તપ' કહ્યું છે.

## અનંતવારની ક્રિયા નિષ્ફળ કેમ?

અનંત વાર વીતરાગી ધર્મના નામે ઉત્કૃષ્ટ ક્રિયા તથા
શુભ ભાવ કરી નવગ્રૈવેયક સુધી જે જીવ ગયો, તેણે
નવતત્ત્વના ભેદને તથા દેવ-ગુરુ-શાસ્ત્રને
તો બરાબર માન્યા હતા, શુદ્ધ અણગાર દશા તથા
પંચ મહાવ્રત પણ તેના ચોક્ખાં હતાં, છતાં...

'હું વિકલ્પરહિત છું, શુભ વૃત્તિ ઊઠે,
તે પણ મારું સ્વરૂપ નથી, મને મદદગાર નથી,
હું તો ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું'

એવા એકલા સ્વતંત્ર તત્ત્વની અંતરમાં શ્રદ્ધા બેઠી ન હતી, તેથી ધર્મ થયો નહિ. નિમિત્ત (પરાધીન) દૃષ્ટિ તે સંસાર છે. ઉપાદાન (સ્વાધીન) દૃષ્ટિ તે મોક્ષ છે અથવા નિમિત્ત દૃષ્ટિ તે સંસાર છે, સ્વતંત્ર ઉપાદાન સ્વભાવ દૃષ્ટિ તે મોક્ષ છે. નિમિત્ત આધીન દૃષ્ટિ તે જ ભૂલ-દોષ દૃષ્ટિ અને તે જ સંસાર છે. 'નિમિત્તની મારા પર અસર છે' એવી માન્યતા-કલ્પના-ભાવના-મૂઢતા-અસત્યતા

એ જ ચોરાશી લાખ અવતારનું મૂળ છે,
એમાં જ સમગ્ર સંસારના દુઃખો દટાયેલાં છે,
એના નાશમાં જ સમગ્ર સંસાર પરિભ્રમણનો નાશ છે.

# મહામિથ્યાત્વ

જેણે પુણ્ય-પાપના ક્ષણિક વિકલ્પને પોતાનો માન્યો, તેણે અવિનાશી નિર્વિકારી સ્વભાવને માન્યો નહિ. જે વિકારનો કર્તા થવા માગે, તે તેનો નાશક થવા ન માગે.

અવિનાશી સ્વભાવનો સ્વીકાર કરે,

તો નિમિત્તાધીન દૃષ્ટિ ઉપર વજન રહે નહિ.

સાચાના આદરમાં ખોટાનો આદર રહે નહિ.

સત્ને ત્રણ કાળ, ત્રણ લોકમાં ફેરે નહિ. 'પુણ્યભાવથી નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ઉઘડશે' એવી જેને શ્રદ્ધા છે, તેને અવિકલ્પી જુદા સ્વભાવની શ્રદ્ધા નહિ. તેને રાગની અને વીતરાગથી વિરોધભાવની ભક્તિ છે. શુભભાવમાં કર્તા-ધણીપણું, હિતપણું માનવું તે મિથ્યાત્વ. એથી શુદ્ધ સ્વભાવનો અને આત્માના ગુણનો અનાદર-અસત્કાર થાય છે. એ ઊંધી માન્યતાની અનાદિની પક્કડે જ આત્માને ચોરાશી લાખ યોનીમાં રખડાવ્યો છે.

'હું શરીર છું, પરનો કર્તા છું.

પુણ્ય-પાપ વિકલ્પ મારા છે, પર મને સુધારે-બગાડે છે' એવી માન્યતાનું જોર તે ચોરાશી લાખના અવતારનું કારણ છે. પોતે વિકારની ક્ષણિક અવસ્થા પૂરતો નહિ.

લાભ કરે તો દરેક સમયે પૂર્ણ નિર્મળ પરમાત્મા જેવડી અને વિકલ્પના નાશક સ્વભાવે છે.

વર્તમાન અવસ્થામાં વિકલ્પ કરવાનો ઊંધો પુરુષાર્થ છે.
તેના કરતાં ત્રિકાળી સ્વભાવમાં - વર્તમાનમાં જ
અનંતગુણા પવિત્રપણે સવળી તાકાત છે.
જે એમ માને કે 'પુદ્ગલના કર્મ નડે છે' તેનું જડ ઝેર છે.
'રાગ-દ્વેષ એની મેળે થઈ જાય છે' તે મહામિથ્યાદૃષ્ટિ છે.

## વસ્તુની સ્વતંત્રતા

દરેક વસ્તુ સ્વતંત્ર છે. રજકણથી તથા બાકી પર આત્માથી
દરેક આત્મા ત્રિકાળ જુદો છે.
પરથી નાસ્તિપણું અને દરેકનું સ્વદ્રવ્ય - સ્વક્ષેત્ર -
સ્વકાળ - સ્વભાવથી અસ્તિપણું પોતામાં સ્વતંત્રપણે છે.
જે પરથી ત્રિકાળ જુદો છે, તે જુદાનું કાંઈ કરી શકે
નહિ અને પોતે પરથી જુદો છે, માટે પરથી પોતાને કંઈ
લાભ - નુકશાન નથી તથા પરમાં ઠીક - અઠીક માનવાનું
રહેતું નથી. પછી માત્ર પોતામાં જ જોવાનું રહ્યું.
આટલું યથાર્થ નક્કી થતાં, અનંતા પર સાથેનો અનંતા
કર્તાપણાનો તીવ્ર રાગ-દ્વેષ ઘટી જાય છે,
તે જ અનંતાનુબંધી કષાયનો નાશ છે.

શુભ ભાવ ગમે તેટલો હોય, તો પણ તે રાગ છે.

જે ભાવ ગુણથી વિરોધી હોય,

તેને ગુણકર માનવો, તે મોટામાં મોટી ભૂલ છે.

સ્વાવલંબન થાય, ત્યારે શુદ્ધ ભાવ થયો ગણાય છે.

શુભ આલંબનથી શુભ ભાવ તથા

અશુભ આલંબનથી અશુભ ભાવ.

## શુદ્ધ નય

વર્તમાન અવસ્થાના ભેદને લક્ષમાં ન લેતા (ગૌણ રાખીને) ત્રિકાળી એકરૂપ વીતરાગ સ્વભાવને અભેદપણે લક્ષમાં લેવો (મુખ્ય બનાવવો), તે શુદ્ધ નય કહેવાય છે.

### નય વિચાર

વસ્તુને દ્રવ્ય સ્વભાવે ઓળખવા તે દ્રવ્યાર્થિકનય છે,

પર્યાય(અવસ્થા)ને ઓળખવાનું પ્રયોજન તે પર્યાયાર્થિકનય છે.

તારામાં વિકલ્પ થાય છે, તે અશુદ્ધ દ્રવ્યાર્થિક નય.

તારા પર્યાયમાં વિકલ્પ થાય છે, તે પર્યાયાર્થિક નય.

પરાશ્રયથી વિકલ્પ થાય છે, માટે વ્યવહાર નય છે.

નિશ્ચય એટલે શુદ્ધ દ્રવ્યાર્થિક દૃષ્ટિ.

વ્યવહાર એટલે શુદ્ધ પર્યાયાર્થિક દૃષ્ટિ.

સમ્યગ્ દ્રષ્ટિ ૨૯

પર્યાય દ્રષ્ટિને દ્રવ્ય દ્રષ્ટિના જોરે

નાશ પામવાવાળી - અભૂતાર્થ માને છે.

મોક્ષ અને સંસાર

સંસાર એ જીવના સદ્ભાવની અપેક્ષારૂપ પર્યાય છે અને મોક્ષ તે જીવના અભાવની અપેક્ષારૂપ પર્યાય છે. સંસાર અને મોક્ષ એ બંને પર્યાય છે. મોક્ષ પર્યાય તો જીવના અભાવનું ફળ છે, તેથી તે વ્યવહારે સાધ્ય કહેવાય પણ

નિશ્ચયે સાધ્ય તો ધ્રુવ દ્રવ્ય સ્વભાવ છે.

પરમાર્થ સાધ્યરૂપ અખંડ એક સ્વભાવના જોરે મોક્ષ પર્યાય સહેજે ઉઘડે અને પર્યાય તો વ્યવહાર છે,

તેનું અખંડ સ્વભાવમાં ગૌણપણું છે.

ક્ષણિક પર્યાય ઉપર જોર કરવાનું નથી. જોર વસ્તુમાં છે.

વિકારની દશા થાય, તેનો દ્રવ્યમાં પ્રવેશ નથી.

સ્વભાવ વિકારનો નાશક છે, ભૂતાર્થ છે, વિકાર અભૂતાર્થ છે.

નિશ્ચય - વ્યવહાર

'હું અક્રિય અખંડ જ્ઞાયક છું, અવિકારી છું'

એમ લક્ષ કરવું તે નિશ્ચય છે અને અંશે - અંશે સ્વલક્ષે સ્થિરતા કરી રાગ ટાળવો, તે વ્યવહાર છે.

'એકલા શુભમાં રોકાવું તે વ્યવહાર' એમ પોતાની કલ્પનાથી વ્યવહાર માને, તો તે ભૂલ છે. 'પર નિમિત્તનું આલંબન રાખે ગુણ થાય' એમ માનવું તે વ્યવહાર. 'દેહની ક્રિયામાં કે એકલા પુણ્યભાવમાં વ્યવહાર' એમ માને, તેની ઘણી સ્થૂલ દૃષ્ટિ, જાડી કે જડ બુદ્ધિ સમજવી.

'પોતાનો સ્વભાવ સ્વતંત્રપણે રાગનો નાશક છે.' આ પ્રતીતિ તેને નથી. તે બાહ્ય દૃષ્ટિથી પરાશ્રયરૂપ રાગનું જોર જુએ છે પણ સ્વભાવનું જોર જોતો નથી. જેને રાગનો આશ્રય ગોઠે છે અને તેનાથી ગુણ થાય એમ જે માને છે, તેને વીતરાગતા ગોઠતી નથી.

સ્વભાવના ભાન પછી રાગની રમણતારૂપ સ્થિર દશાને ભગવાને ચારિત્ર દશા કહી છે. શુભ રાગ તે ચારિત્ર નથી, નિરૂપાધિક દશા તે ચારિત્ર છે.

'હું અવગુણનો નાશક છું' એમ નિત્ય સ્વભાવના જોર વિના વિકલ્પ રૂપી કાંટો કાઢનાર સ્વાશ્રિત પુરૂષાર્થનો કાંટો હાથમાં આવે નહિ.

o

*He who knows himself free from and knower of all disturbances is sure to become free in short.*

## ગુણ અને વિકલ્પ

આત્મા અનાદિ-અનંત પોતાના અનંતગુણનો તથા ત્રિકાળી બધી અવસ્થાનો પિંડ છે. ગુણ તો શાશ્વતપણે એકરૂપ છે, તેમાં ફેરફાર થતો નથી પણ એક ગુણની એક સમયે એક અવસ્થા વિકારી-અવિકારીપણે વર્તે છે. ગુણ તો પોતાના આધારે થાય પણ વિકાર પરસંયોગાધીન લક્ષ ભેદ કરે, ત્યારે અવસ્થામાં ભેદ નવો થાય છે. દોષ સ્વભાવમાંથી નહીં પણ પરાશ્રયતામાંથી આવે છે.

'હું ત્રિકાળી અવિકારી જ્ઞાયક છું'

એવી શ્રદ્ધાના જોરે ભૂલનો નાશ થઈ,

ક્રમે-ક્રમે સર્વ વિકલ્પની ભાવનો નાશ થઈ શકે છે.

## ગુણનું બહુમાન

પોતાના ઉપાદાનની તૈયારીમાં સહેજે અખંડનું ભાન અને ભાનની સ્થિરતાનો વ્યવહાર આવે છે. તેમાં વચ્ચે સાચા નિમિત્તોનું બહુમાન પોતાના ગુણની રુચિ ખાતર આવે છે. 'વર્તમાન ક્ષણિક અવસ્થામાં વિકારી દેખાય છે, એટલો જ હું નહીં. એ વિકારી અવસ્થા મારું સ્વરૂપ નહીં!' અખંડના લક્ષે ભેદને ગૌણ કરી અખંડ સ્વભાવના જોરે નિર્મળ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

કયો ધર્મ એ શિવસુખનો ઉપાય ?

જત્થેય વિસયવિરાઓ
કસાયચ્ચાઓ ગુણેસુ અણુરાઓ ।
કિરિયાસુ અપમાઓ
સો ધમ્મો સિવસુહોવાઓ ॥૧॥ (પરિશિષ્ટ-૬૮)

શું કરવાથી કઈ યોની અથવા ગતિ મળે?

(૧) માયાથી બગલાં (૨) ક્રોધથી અગ્નિ
(૩) કુલમદથી શિયાલ (૪) બુદ્ધિમદથી કુકડા
(૫) જિહ્વેન્દ્રિયથી વાઘ (૬) લોભથી ઉંદરાદિ
(૭) ચક્ષુ ઈંદ્રિયથી પતંગીયું (૮) ઘ્રાણેન્દ્રિયથી સર્પ
(૯) બલમદ વડે પતંગીયા (૧૦) રૂપમદથી કરભાદિ
(૧૧) ઋદ્ધિમદ વડે શ્વાનાદિ (૧૨) સ્પર્શેન્દ્રિયથી ભૂંડ
(૧૩) શ્રોત્રેન્દ્રિયથી મૃગ આદિ (૧૪) લાભમદથી બળદ
(૧૫) સૌભાગ્યમદ વડે સર્પ - કાકાદિ
(૧૬) જાતિમદથી મલીનજાતને કૃમિજાતિ મળે
(૧૭) રાજ્યાદિ ભોગ - તૃષ્ણાથી આર્તને નરક
(૧૮) મનદંડથી તંદુલ મત્સ્ય વગેરે
(૧૯) વચનદંડથી શુક, તેતર તથા બાવરીનો જન્મ મળે
(૨૦) કાયદંડ વડે ક્રૂર મગર, મત્સ્યો અને બિલાડાદિ.

## પવિત્ર

પવિત્રને જાણનારો તે વિકારરૂપે નહિ.
વિકાર તો ક્ષણિક અવસ્થા પૂરતો હોય છે.
તેનો નાશક સ્વભાવ
વર્તમાનમાં પણ પૂર્ણ પવિત્ર છે.
તેના પ્રતીતિના જોરમાં વિકારનું જોર દેખાતું નહિ.
જેવો સ્વભાવ - તેવી માન્યતા,
જેવી માન્યતા - તેવો સ્વભાવ.

પવિત્ર - અવિકારી - અસંગ સ્વભાવની એકરૂપ શ્રદ્ધાના જોરમાં રાગના વિકલ્પો તૂટી જાય છે. જેમ અસંગ સુતરમાં ગાંઠ, આંટ અને ગુંદર એક ભાગમાં સંયોગ સંબંધે છે, તે સાદા સુતરના લક્ષે કાઢી નાખવામાં આવે છે, તેમ આત્મામાં મિથ્યાત્વરૂપ ગાંઠ અને રાગ-દ્વેષરૂપ આંટ અવસ્થાના એક ભાગમાં નાખી હતી, તેમાં દ્રવ્યકર્મ રૂપ ગુંદરનો સંયોગ હતો, તે સાદા સાધક સ્વભાવના લક્ષે નાશ કરવામાં આવે છે. જેમ ગાંઠ-આંટની અવસ્થા છૂટીને સુતરમાં સમાઈ ગઈ, તેમ એકરૂપ સ્વભાવમાં મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાચારિત્રની અવસ્થા બદલાઈને નિર્મળ એકભાવરૂપ અવસ્થા થઈ,

તે સ્વભાવમાં સમાઈ ગઈ. એ રીતે આત્માના પૂર્ણ ત્રિકાળી સ્વભાવને જે જાણે છે, તે સમ્યગ્ દૃષ્ટિ છે. પરંતુ કર્તાપણું માની અજ્ઞાની ગમે તેવો ત્યાગ કરે, તો પણ તે અનંત સંસારના ભોગનો હેતુ છે.

તત્ત્વજ્ઞાનનો વિરોધ કરે તો નિગોદ અથવા એકેન્દ્રિયમાં અનંતકાળ માટે જાય. સહુ સ્વતંત્ર છે. કોઈને બળજબરીથી સમજાવવાની તાકાત કોઈમાં નથી. વિકલ્પ - વ્યવહારરૂપ આંગણું છોડે, ત્યારે જ સ્વભાવરૂપ ઘરમાં જવાય.

યથાર્થ અવિરોધી આત્મસ્વભાવનું ભાન કર્યા પહેલાં 'ધ્યાન' અર્થાત્ રાગ-દ્વેષ તો ટળે નહિ પણ મૂઢતા વધે. અન્ય રીતનું ધ્યાન તો ઝાડને પણ છે અને ત્યાગ ઢોરને પણ છે, પરંતુ આત્માનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર સાચું ધ્યાન કે સાચો ત્યાગ હોઈ શકે નહિ. જેમ રાજાને યથાર્થપણે ઓળખીને તેને યોગ્ય વિધિથી બોલાવે, તો જ રાજા જવાબ આપે અને તેની સેવા કરે તો ધન આપે, તેમ આત્માને જે વિધિથી પરિપૂર્ણ સમજવો જોઈએ, તે રીતે સત્સમાગમે જાણીને તેમાં એકાગ્રતા કરે, તો ભગવાન આત્મા રીઝે, જવાબ આપે અને તેમાં વિશેષ લીનતા કરે તો અનંત મોક્ષસુખ આપે.

જેની રૂચિ હોય તેના પ્રત્યે પૂરો પ્રેમ ભાવ
તેનો પરિચય કરવો જોઈએ.

શુદ્ધિનું લક્ષ હોય તો વ્યવહાર શુદ્ધિ ગણાય.
ભેદનું લક્ષ છોડી દે, ત્યારે સમ્યગ્ દર્શન થાય છે.
અંદર રહેલાં જાણનારને જાણતો નથી, તેથી અધિકારી
આત્મસ્વભાવને નહિ જોતાં બાહ્યદ્રષ્ટિથી બીજાને જુએ.

નવતત્ત્વને નય, નિક્ષેપ, પ્રમાણના માપથી અનંતવાર
મનમાં ફેરવ્યા છે પણ 'મનનાં વિકલ્પથી જુદો,
રાગનો નાશક સ્વતંત્ર હું છું. મારો માર્ગ નિરાવલંબી છે.'
એવી પ્રતીતિ થઈ નહિ,
ત્યાં સુધી ભવનો અંત આવ્યો નહિ.

અશુભમાં ન જવા પૂરતો વચ્ચે શુભ આલંબનનો
ભેદ આવે છે પણ જ્ઞાનીને તેનું ધણીપણું નથી.

પોતાને સ્વભાવથી ઉણો કે પરાધીન માને,
ત્યાં સુધી માન્યતામાં સંસાર છે. પૂર્ણ સ્વભાવનું
ભાન કર્યા પછી અવસ્થામાં કંઈક નબળાઈ છે પણ
જ્ઞાની કંઈક નબળાઈનો સ્વામી થતો નથી.

અભૂતાર્થ ભાવનો તે કર્તા નથી પણ નાશક છે.
જેમ રોગ મટ્યા પછી અલ્પ નબળાઈ રહે, તેમ

સ્થિતિ લાંબો રહેતી નથી અને પછી સેવનથી તે નબળાઈ ટળે છે, તેમ સ્વભાવમાં વિરોધીરૂપ માન્યતાનો નાશ કર્યા પછી પુરૂષાર્થની નબળાઈ વધુ કાળ રહેતી નથી.

વિકારના નાશક સ્વભાવની પ્રતીતિના જોરે
અલ્પકાળમાં પૂર્ણ નિરોગી પરમાત્મદશા પ્રગટ થાય છે.
શરીરમાં તો ઉદય પ્રમાણે થાય પણ
સ્વતંત્ર સ્વભાવમાં તો પોતાનું કાર્ય બરાબર થાય જ.

## વીતરાગ ભગવાનની પ્રતિમા

પ્રભુની પ્રતિમા પ્રત્યે શુભરાગ આવે તો વીતરાગને ન માને અથવા અરાગની મૂઠને ન માને, પરન્તુ જેને યથાર્થ સત્ય સ્વભાવની રૂચિ થઈ, તેને સંસાર તરફનો અશુભરાગ પલટાવા વીતરાગના સ્વરૂપનો શુભ રાગ આવ્યા વિના રહે નહિ, એવો ત્રિકાળ નિયમ છે. પરમાત્માને ઓળખનાર પરમાર્થે પરમાત્માથી અધૂરો ન હોય. તે ગોઠેલા પૂર્ણ ગુણને વધારી, તેમાં ઉત્કટ ભાવ, પૂર્ણ પવિત્ર સ્વભાવનું સ્મરણ કરી, બહુમાન વડે ઇષ્ટ નિમિત્ત (પ્રતિમા)માં સાક્ષાત પરમાત્મપણાનો આરોપ કરે છે. 'તે નિમિત્તનું બહુમાન કરે છે' એમ વ્યવહારે બોલાય, કિન્તુ હકીકતમાં પોતાની

અધૂરી અવસ્થાને ગૌણ કરી પોતાના આત્મામાં
પૂર્ણ પરમાત્મદશાનું સ્થાપન કરે છે.

કદી જીવ પરદ્રવ્યની ભક્તિ ખરેખર કરતો નથી. ધનવાનને ઓળખી તેના વખાણ કરનારો તે વ્યક્તિના ગુણ ગાતો નથી પણ લક્ષ્મીની રુચિ છે, તેથી તે રુચિના વખાણ લક્ષ્મીના રાગ અર્થે કરે છે. લક્ષ્મી તો પુણ્ય હોય તો મળે પણ અહીં તો પવિત્રતાનો લાભ જરૂર થાય. જેને વીતરાગનો રાગ હોય, તેને રાગનો રાગ નથી. વીતરાગ ઉપર વજન વધતાં આ વીતરાગપણું સદા ટકી રહે એવી પૂર્ણતાની રુચિનો પુરુષાર્થ ઉછળે છે. પ્રતિમાનું બહુમાન તે ખરેખર તો પોતાની અકષાય રુચિનું જ બહુમાન છે. પવિત્ર વીતરાગ ધર્મની રુચિ હોય, ત્યાં સંસારના અપ્રશસ્ત રાગની દિશા આમ બદલાય છે. જે અનંતાનુબંધી કષાય - મિથ્યાદર્શનશલ્યમાં જોડાયો છે, તેને સાચા નિમિત્તનું ખરું બહુમાન કે ભક્તિ નહિ જાગે.

શુદ્ધ નય - સર્વત્ર સિદ્ધિ

વ્યવહાર લાભ વિના પરમાર્થ લાભ ન થાય.
તે વિના સમ્યક્ત્વ અને ચારિત્ર પામે નહિ પણ
તેનાથી ગુણ કે મદદ ન થાય.

અંદર દ્રવ્યમાં પૂર્ણ શક્તિ છે, તેના લક્ષે નિર્મળ પર્યાયનો ઉત્પાદ અને શુદ્ધતાનો અંશે ત્યાગ થઈ જાય છે, તેનું કારણ દ્રવ્ય પોતે જ છે. તે પરમાર્થને સાચા તત્ત્વજ્ઞાનથી ઓળખીને તે પરમાર્થનું જોર આપતાં વસ્તુનું બહુમાન ભાવ એકરૂપ સ્વભાવની શ્રદ્ધાના દૃઢતર જોરથી કર્યો, ત્યાં નયનિક્ષેપના વિકલ્પ ક્યાં ગયા, તે દેખાતું નથી. બીજાપણું શું, તેનો પણ ખ્યાલ રહેતો નથી.

## તું કોણ?

તારી મહિમા અસ્તિની વાણામાં પૂરી આવે નહિ પણ જ્ઞાનમાં પૂરી આવે. સ્વભાવની ઓળખાણ થતાં જ દુનિયાની અનંતી પ્રતિકૂળતાને તું ગણતો નથી તથા ઈન્દ્રપદ જેવા અનુકૂળ પુણ્યને સડેલા તૃણ જેવા માને છે. ચૈતન્ય ભગવાનની મહત્તા જાતે ઉછળીને ન ભાવે,
તેને પરાણે કોઈ નમાવી શકતું નથી.

આમાં પૂર્વના પ્રારબ્ધ કે સંયોગાદિ કામ થાય તેવું નથી. 'નશીબમાં માંડ્યું હશે તો સદ્બુદ્ધિ સુઝશે' તે વાત ખોટી છે.
બહારના સંયોગો તો તેના કારણે આવે છે,
તે કોઈ વર્તમાન પુરુષાર્થનું કાર્ય નથી. સ્વભાવમાં પોતાનું બધું કરી શકે, એ પોતાના વર્તમાન પુરુષાર્થનું કાર્ય છે.

# <u>અદ્વૈત નિરાસ</u>

જેમ અરીસામાં સામેના બધા પદાર્થો દેખાય છે, તે નહિ ભ્રમ માનવામાં આવે તો તે ખોટું છે, તેમ માનતાં અરીસો અને તેની સ્વચ્છતા ખોટી છે, ભ્રમ માનવું પડશે, તેમ ચૈતન્યજ્ઞાન રૂપ અરીસો છે, તેના જ્ઞાનની સ્વચ્છતાની સહજ તાકાત એવી છે કે પોતાના સ્વચ્છ - જ્ઞાયક સ્વભાવ વડે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે પુદ્ગલના ગુણો તથા પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરે બધું સહજ જણાય છે. <u>તેને અસત્ય માનો તો પોતાને અને જ્ઞાનગુણને શૂન્ય માનવાનો પ્રસંગ આવશે.</u> અનેકપણું પ્રત્યક્ષ ખ્યાલમાં આવે છે, તેને જે અવસ્તુ કરે છે, તેનું જ્ઞાન અને અનુભવ પણ જૂઠો ઠરે છે.

જાણે કે પોતાથી પણ પરવસ્તુ ન હોય, તો તેને જ્ઞાન ન જાણે. જગતમાં અનંતા પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે, તેની પોતામાં નાસ્તિ છે પણ તે દ્રવ્યો પોતપોતામાં ત્રિકાળ અસ્તિરૂપ છે. જો તે ન માને અને 'એક આત્મા જ છે' એમ માને, તો જ્ઞાન ખોટું ઠરે.

ગુણને ખોટો કરતાં ગુણી (આત્મા) ખોટો ઠરે,
એ રીતે શૂન્યવાદનો પ્રસંગ આવે.

'જ્યારે નિશ્ચયસ્વભાવના જોરે જીવ સ્વાશ્રયમાં (સ્વમાં) ઠરે છે, ત્યારે અભેદ અનુભવમાં નવતત્ત્વ, પ્રમાણ, નય અને નિક્ષેપના રાગમિશ્રિત (વિકલ્પમય) વિચારનો ભેદ રહેતો નથી' એમ કહીને સર્વજ્ઞ વીતરાગના મતમાં અદ્વૈતપણું કહ્યું છે, 'પર નથી' એમ કહ્યું નથી. પોતાની કલ્પના મુજબ ગમે તે વસ્તુને માની લઈ શુદ્ધતાનો અનુભવ કરવા માગે, તો તે થઈ શકે નહિ. 'પરથી મારે કાંઈ સંબંધ નથી' એમ જેણે જાણ્યું, તેને સ્વમાં જ જોવાનું રહ્યું. તેમાં તો અનંતો સવળો પુરુષાર્થ આવ્યો. ઊંધા પુરુષાર્થથી દોષ અને દુઃખ છે, સવળા પુરુષાર્થથી દોષનાશ તથા સુખની ઉત્પત્તિ છે. જે વસ્તુ ત્રિકાળ જુદી સ્વતંત્ર છે, તે જુદી કર્યા વિના પરનું ધણીપણું છૂટે નહિ. 'તે ધણીપણું હું કરી શકું' એમ માન્યું, ત્યાં જે અંધ થઈ ગયા.

તે એકાંત મિથ્યામત થયો. જુદાપણાનું ભાન નથી, તે 'હું પરનો કર્તા છું, પર મારું કરી શકે છે' એમ બધાને શક્તિ વિનાના, પરાધીન ઠરાવે છે. 'હું સ્વપણે છું અને પરપણે નથી' એમ જાણે તો પરને અને પોતાની વિકારી અવસ્થાને ભિન્ન છે, તેમ જાણી શકે છે.

હું અને મારા જેવો દરેક આત્મા પોતામાં અનંતો અવળો કે સવળો પુરૂષાર્થ કરી શકે છે.

નિરંતર જાણવાનો સ્વભાવ છે, તે બદલાતો નથી.

વર્તમાન રાગની વૃત્તિ ઉઠે છે, તેવડો હું નથી.

દરેક આત્મા જાણવાની શક્તિની ગંભીરતાથી ગુણે તો મોટો છે, પરન્તુ ક્ષેત્રે મોટો નથી.

દૂર રહેલા પદાર્થને જાણવા માટે જ્ઞાનને લાંબુ થવું પડતું નથી પણ અંદર ગુણમાં એકાગ્ર થવું પડે છે.

## સવળો પુરૂષાર્થ

પૈસા વગેરે બહારના સંયોગો મળે, તેમાં સમજણની જરૂર નથી, તે તો પૂર્વપુણ્યના કારણે આવી મળે છે પણ આત્માને સમજવામાં અનંતો સવળો પુરૂષાર્થ જોઈએ, કારણકે ત્યાં કર્મ કરાવે તેમ થતું નથી. જેમ સોના - તાંબાના સંયોગ વખતે પણ મૂળ સ્વભાવપણે દેખો, તો સોનું વડું શુદ્ધ જ છે, તેમ ક્ષણિક નિમિત્તાધીન વિકાર વખતે પણ 'ભગવાનનો આત્મા પોતાના મૂળ સ્વભાવે શુદ્ધ જ છે' એમ અવસ્થાને ગૌણ કરીને જાણવું, તે શુદ્ધ નય છે. વળી આત્મસ્વભાવ સમસ્ત લોકાલોકને જાણનાર છે, એમ શુદ્ધ નય બતાવે છે.

ફેરફારવાન અવસ્થા છે, સંસાર તથા મોક્ષ એ પર્યાય છે,
તેમાં કર્મના સંયોગ - વિયોગની અપેક્ષા આવે છે.
તે પરનિમિત્તના ભેદની અપેક્ષારહિત,
શુદ્ધ દૃષ્ટિથી વર્તમાનમાં પૂર્ણ એકરૂપ સ્વભાવને જોતાં,
નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય, જે પરિપૂર્ણ
પારિણામિક ભાવરૂપ આખો સ્વભાવ, તે લક્ષમાં આવે છે,
તેમાં કોઈ ભેદ કે વિકલ્પના આશ્રયની જરૂર નથી.
પૂર્ણ નિશ્ચય આત્મસ્વભાવ ઉઘડ્યા પહેલાં
પૂર્ણનો સ્વીકાર શ્રદ્ધા જ્ઞાનમાં થાય છે. સમ્યગ્દૃષ્ટિ
પોતાના પૂર્ણ શુદ્ધ પારિણામિક ભાવને જ માને છે,
તેના લક્ષે વિકલ્પ તૂટીને સ્થિરતાનું બળ વધે છે.
અલ્પકાળમાં મોક્ષ જ છે,
તેના સંદેશા નિઃસંદેહપણે તેને અંતરમાંથી જ આવે છે.
શુદ્ધ નયનો વિષય નિરપેક્ષપૂર્ણ સ્વભાવ હોવાથી
તે શુદ્ધ નય પારિણામિક દ્રવ્ય સ્વભાવ સહજ એકરૂપ
અખંડપણે બતાવે છે. એવો જ સમ્યગ્દર્શનનો
સ્વવિષય છે. તેને પ્રગટ કરનાર શુદ્ધ નયનો સ્વાશ્રિત
અનુભવ ચોથા ગુણસ્થાને વિકલ્પ તોડીને થાય છે,
તેમાં બાહ્ય સાધન નથી, સ્વભાવ પોતે જ કારણ છે.

## સંકલ્પ - વિકલ્પ

પરમાં એકપણાનો નિશ્ચય તે સંકલ્પ તથા
જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ થવો તે વિકલ્પ.
'પર' એટલે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ,
રાગ-દ્વેષાદિ ભાવકર્મ તથા દેહેન્દ્રિયાદિ નોકર્મ.
તેને નાશ કરવાનો ઉપાય એમ સમજવું કે: 'હું પર
ભાવનો કર્તા નથી, સદા એકરૂપ સાક્ષી-જ્ઞાયક જ છું.'
રાગ-દ્વેષની અસ્થિરતા થાય પણ
દૃષ્ટિમાં તેનો નકાર વર્તે છે, કારણકે તે અભૂતાર્થ છે.
જ્ઞાની રાગનો કર્તા નથી, નાશક છે. અજ્ઞાની રાગનો
કર્તા બને છે, તેથી દુઃખી થઈને આકુળતા અનુભવે છે.
અજ્ઞાની નિશ્ચયથી માને છે: 'દેહ, ધન, પુત્રાદિ મારાં છે',
તેથી અજ્ઞાનભાવરૂપે તે પરનો કર્તા-ભોક્તા-રક્ષક છે.

## અનાદિની ઊંધી ચાલ

નિરાકુળ સ્વતંત્ર સ્વભાવને જાણ્યા વિના આકુળતા
ટળે નહિ. 'સ્ત્રી, દેહ, ધનાદિનો સંયોગ મને મદદ કરે' એમ
માને, તેની આકુળતા ટળે નહિ. 'પરનો આશ્રય જોઈએ,
નોકર જોઈએ, સ્ત્રી જોઈએ' એમ જેણે માન્યું, તેને
નિર્દોષ એકલાપણું અથવા સ્વતંત્રપણું ગમતું નથી.

તે પરાધીનતાનો આદર કરે છે અને પોતાના સ્વતંત્ર સ્વભાવનો અનાદર કરે છે. એ જ એની ઊંધાઈ છે, મિથ્યાત્વની અનાદિની ઊંઘ પડી છે. પરમાં મૂર્છારૂપ અનાથપણું એકાન્ત સ્વાશ્રયથી મટી શકે છે અને સનાથપણું આવે છે. પરમાં - વિકારમાં ધણીપણું અને કર્તાપણું નહિ થાય એટલે સંસાર જ ઉડી જશે.

## અવિનાશી ધર્મ

જેણે સ્વાશ્રય સ્વીકાર્યો, તેને શ્રદ્ધામાં આખો સંસાર ઉડી ગયો. સર્વજ્ઞે કહેલો અવિનાશી ધર્મ એટલે સ્વતંત્ર સ્વભાવ. તેને માન, તે જ શરણભૂત છે. તેના ભાન કે આશ્રય વિના ઇંદ્રોના વૈભવ પણ અશરણ છે.

## દર્શનમોહ - ચારિત્રમોહ

અહીં સંકલ્પ એટલે સામાન્યમાં ભૂલ.

ત્રિકાળી આખા સ્વભાવની શ્રદ્ધામાં ભૂલ, તે દર્શનમોહ.

તે અનંત સંસારમાં રખડવાનું મૂળિયું છે.

વિકલ્પ તે વિશેષમાં ભૂલ, તે ચારિત્રમોહ છે.

'નિમિત્ત તથા રાગાદિરૂપે હું છું' એમ પરમાં અટકવું, રાગમાં એકાગ્ર થવું, તે અનંતાનુબંધી કષાયરૂપ ચારિત્રમોહ છે. મોહમિથ્યાત્વ તે સંકલ્પ અને રાગ-દ્વેષ તે વિકલ્પ.

જ્ઞાનથી દેહાદિક અનેક સંયોગોનો ફેરફાર જણાય છે, તેમાં 'પરસંયોગે પલટતાં હું ખંડખંડરૂપે થઈ ગયો. હું જન્મ્યો, વૃદ્ધ થયો, મને રોગ થયો, દેહમાં જે કાંઈ ક્રિયા થાય છે, તે મારી અવસ્થા છે' એમ માની પરમાં ઠીક - અઠીક ભાવપણે પુણ્ય - પાપની વૃત્તિ ઉઠે, તે 'અનેક ભેદરૂપે હું છું' એવો વિકલ્પ (વિશેષ - કલ્પ - આચાર), તે ચારિત્રમોહ છે.

સં - સામાન્ય, કલ્પ - આચાર.

વિ - વિશેષ, કલ્પ - આચાર.

સામાન્યમાં - ત્રિકાળી આત્મા સ્વભાવમાં ભૂલ તે 'સંકલ્પ'.

વિશેષમાં - દેહ આદિ સંયોગોમાં ભૂલ તે 'વિકલ્પ'.

<u>વિકલ્પ</u> : ચૈતન્ય આત્માના જ્ઞાનની સ્વચ્છતામાં જે કાંઈ દૂર કે નજીકની પર ચીજ જણાય, તેની અવસ્થામાં ફેરફાર થાય, તે જાણે 'મને જ થાય છે' એવા માન્યતારૂપ વર્તન, તે 'વિકલ્પ' કહેવાય છે.

<u>ક્રોધ</u> : પરાધીનતાનો અને રાગ-દ્વેષ રૂપ ઔપાધિક ભાવોનો આદર અને સ્વતંત્ર ચિદાનંદ આત્માનો અનાદર કરવો, તે અનંતાનુબંધી ક્રોધ કહેવાય છે.

<u>માન</u> : 'પરવસ્તુ અને નિમિત્તરૂપ કર્મ મને રાગ, દ્વેષ,

મોટે કરાવે છે અને હું પરનું કરી શકું છું'
એમ માનવું, તે અનંતાનુબંધી માન છે.

<u>માયા</u> : અક્રિય, સ્વતંત્ર સ્વભાવ ન માનવો, દેહાદિ, રાગાદિથી ઠીક માનવું, તે અનંતાનુબંધી માયા છે.

<u>લોભ</u> : 'પરવસ્તુમાં હું લોભાઈ ગયો, કુટુંબાદિ સાધન હોય તો મને સુખ થાય. શુભાશુભ ભાવ મારા છે, તેનો હું કર્તા છું' વગેરે પ્રકારે મૂર્છાઈ જવું, તે અનંતાનુબંધી લોભ છે.

<u>સમ્યગ્દર્શન</u> : સંકલ્પ - વિકલ્પનો નાશ કરનાર એવો સમ્યક્ સંકલ્પ, તે સમ્યગ્દર્શન છે.

<u>સમ્યગ્ચારિત્ર</u> : ઇંદ્રિયો તરફના ઝોકાણ વિના સ્વરૂપ સન્મુખ અંશે સ્થિરતાભાવ વર્તે, તે સ્વરૂપાચરણ રૂપ સમ્યગ્ વિકલ્પ છે. તે જ્ઞાનની ક્રિયા છે.

<u>જ્ઞાનીનો સંકલ્પ</u> : 'હું મને જાણું છું' એવો એકપણાનો નિશ્ચય, તે જ્ઞાનીનો સંકલ્પ છે.

<u>જ્ઞાનીનો વિકલ્પ</u> : સર્વેના ભેદને ભિન્નપણે જાણતા પર તરફની વૃત્તિ ખેંચીને એકાકાર જ્ઞાનમાત્રનો અનુભવ કરવો, તે જ્ઞાનીનો વિકલ્પ છે. રાગ-દ્વેષ અને ભૂલવાળી અવસ્થા વખતે પણ આત્માનો શુદ્ધ-

સાધક-સ્વભાવ પ્રકાશમાન છે. પરમગુરૂઓના ત્રિકાળ સામર્થ્ય અને આશીર્વાદનો તું જરૂર અનુભવ કર. 'રાગ મારી આત્મશાંતિને મદદગાર નહિ' એમ રાગ-રહિત સ્વભાવની રૂચિ અને પ્રતીતિમાં બરાબર દૃઢતા, તે જ મુક્તિનો માર્ગ છે. જ્ઞાની સત્સ્વભાવના લક્ષે જેવો ઊંચા પ્રકારનો શુભ રાગ થશે, તેવો રાગ અજ્ઞાનીને નહિ થાય. તેનું પણ કારણ તે જ છે કે જ્ઞાની રાગને આદરણીય માનતા નહિ. 'હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા, શાંતિ-સ્વરૂપ છું. આ રાગ છે, તે મારામાં રહેવા માટે નહિ પણ જવા માટે જ છે, કારણકે તે વિકાર છે, મારૂં સ્વરૂપ નહિ' એ રીતે રાગ પ્રત્યે અરૂચિ અને કેવળ આત્મસ્વરૂપ પ્રત્યેની જ રૂચિની દૃઢતા અને અભેદ સ્વરૂપ તરફનું ઢોળાણ થાય, ત્યારે જ સમ્યગ્દર્શન-જ્ઞાન - ચારિત્ર પ્રગટ થઈને બંધભાવ છૂટી જાય છે.

## જિજ્ઞાસુ

સંસારની તીવ્ર રૂચિ હોય અને જ્ઞાનીઓનું બહુમાન તથા ભક્તિ ન આવે, તે તો જિજ્ઞાસુ પણ નહિ. જિજ્ઞાસુ હોય તેને શુભરાગ આવ્યા વિના રહે જ નહિ. આત્મા સિદ્ધ કમલિની પત્રવત્ અબદ્ધ - સ્પૃષ્ટ છે.

આત્મા ઘટ- કપાલાદિ અનુસ્યૂત મૃદ્ દ્રવ્યવત્ નર-નારકાદિ પર્યાયોથી અનન્ય છે. આત્મા નિસ્તરંગ મધ્ય સમુદ્રવત્ નિયત - નિશ્ચલ - સ્થિર છે. આત્મા જ્ઞાન, દર્શનાદિ ગુણોથી અવિશેષ છે. પીત, સ્નિગ્ધ ગુરુત્વાદિ ધર્મયુક્ત સ્વર્ણવત્ આત્મા મોહાદિથી અસંયુક્ત છે, ઉષ્ણતા સંયુક્ત શાંત સ્વભાવી જળવત્ છે.

## ચૌદ રાજલોકરૂપી રંગભૂમિ

જોનાર : સમ્યગ્ દૃષ્ટિ, મિથ્યા દૃષ્ટિ.

નાચનાર : જીવ - અજીવ પદાર્થ.

સ્વાંગ : બન્નેનું એકપણું, કર્તા - કર્મપણું.

નૃત્ય : તેઓ અનેકરૂપ થાય છે,
આઠ રસરૂપ થઈ પરિણમે છે.

શાંતરસ : સમ્યગ્દૃષ્ટિ (જોનાર) જીવ - અજીવના ભિન્ન સ્વરૂપને જાણે છે. સર્વ સ્વાંગોને કર્મકૃત જાણી તે શાંતરસમાં જ મગ્ન રહે છે.

મિથ્યાદૃષ્ટિ જીવ - અજીવનો ભેદ જાણતા નથી, તેથી સ્વાંગોને જ સાચા જાણી એમાં લીન થઈ જાય છે. તેમને સમ્યગ્દૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી, ભ્રમ મટાડી, શાંતરસમાં લીન કરી દઈને સમ્યગ્દૃષ્ટિ બનાવે છે.

## રસનું લક્ષણ

જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું, તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઇચ્છા ન રહે, તે 'રસ' છે. તે રસોના સ્થાયીભાવ, સાત્ત્વિકભાવ, અનુભાવભાવ, વ્યભિચારીભાવ આદિ ભાવો છે. શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરુણ, વીર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત - એ લૌકિક આઠ રસ છે.

તેમાં શાંતરસ લોકોત્તર - અલૌકિક છે.

નૃત્યમાં આઠ પ્રકારના રસ બતાવવામાં આવે છે. નૃત્ય કરનારા અનેક પ્રકારના સ્વાંગ ધારણ કરે છે, તેમાંથી આઠ પ્રકારના રસ ઉત્પન્ન થાય છે.

## નિશ્ચય અને વ્યવહાર

વ્યવહારના વચનોને જ નિશ્ચય માનીને આત્માને પરદ્રવ્યનો કર્તા માને, તે મિથ્યાદૃષ્ટિ છે.

(૧) નિશ્ચયનય એટલે વસ્તુ સત્યાર્થપણે જેમ હોય, તેમ જ જાણવું અને તેમ જ કહેવું.

નિશ્ચયનયની મુખ્યતાથી જ્યાં કથન હોય, ત્યાં તેને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું.

(૨) વ્યવહારનય એટલે કે વસ્તુ સત્યાર્થપણે તેમ ન

હોય પણ પરવસ્તુ સાથેનો સંબંધ જણાવવા કથન હોય. જેમ કે 'ઘી નો ઘડો.' તે ઘી નો નથી પણ માટીનો છે, છતાં બન્ને એક જગ્યાએ રહે છે, તેટલું જણાવવા તેને 'ઘી નો ઘડો' કહેવામાં આવે છે. એટલે કે જ્યાં વ્યવહાર નયથી કથન હોય, ત્યાં ખરેખર તેમ નથી પણ નિમિત્તાદિ જણાવવા માટે તે ઉપચારથી કથન છે એમ સમજવું. બન્ને નયોના કથનને સત્યાર્થ જાણવું, તે ભ્રમ છે. નિશ્ચયને સત્યાર્થ જાણવું, વ્યવહારને સત્યાર્થ ન જાણવું પણ નિમિત્તાદિ જણાવનારું, તે કથન છે એમ જાણવું. બન્ને નયોના કથનનો આ પ્રમાણે અર્થ કરવો તે બન્ને નયોનું ગ્રહણ છે. બન્ને આદરવાલાયક ગણવા તે ભ્રમ છે. સત્યાર્થને જ આદરવાલાયક ગણવું.

## જ્ઞપ્તિ ક્રિયા

જ્ઞાનની વિકલ્પરહિત નિર્મળ ક્રિયા, તે જ્ઞપ્તિ ક્રિયા.

## કરોતિ ક્રિયા

'હું જડની ક્રિયા કરી શકું અને વિકારી પરિણામ મારા' એવો અભિપ્રાય, તે કરોતિ ક્રિયા.

જ્ઞાનીને જ્ઞપ્તિક્રિયા હોય છે પણ કરોતિ ક્રિયા હોતી નથી, અજ્ઞાનીને તેથી વિપરીત છે.

# The Divine

There are 3 aspects of the Divine: Truth, Light & surrender (power). Do not imagine that truth and falsehood, Light and darkness, surrender and selfishness can be allowed to dwell together in the house consecrated to the Divine.

The transformation must be integral & integral therefore the rejection of all that withstands it.

## Up to which level, the effort of us is must?

So long as the lower nature is active, the personal effort of the Sadhaka remains necessary.

The personal effort required is a triple labour of aspiration, rejection and surrender.

## કર્મ એ જીવને રાગાદિ કેમ ઉપજાવે છે?

જીવની અનાદિથી પરના દોષ જોવાની ઊંધી દૃષ્ટિનું એ ફળ છે. પરમાર્થથી જીવ પોતે જ પોતાના દોષે રાગાદિ ભાવ રૂપે પરિણમે છે. એ રીતે દરેક ઊંધા ભાવોમાં સ્વદોષ જોવો - પરનો નહિ, એ સમ્યગ્દર્શનનું ફળ છે. જીવ પોતાના જ વાંકે બંધાય છે, પોતાના જ પુરુષાર્થે છૂટાય છે, કારણકે કોઈ અન્ય દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યને બળાત્કારે કાંઈપણ કરી શકતું નથી. 'કરી શકે' એ માન્યતા જ મહામિથ્યાત્વ છે. એથી પોતાનો દોષ બીજા ઉપર ઢોળાય છે અને 'બીજા સુધરે, તો જ પોતે સુધરી શકે' એવી અનંતી પરાધીનતા સ્વીકારાય છે, જે સઘળી વ્યાકુળતા અને સઘળા દુઃખોનું બીજ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પરદ્રવ્યને બૂરા જાણતો નથી પણ પોતાના રાગભાવને બૂરો જાણે છે, તેથી પોતે સરાગ ભાવને છોડે છે અને તે છૂટે, એટલે તેના કારણોનો પણ ત્યાગ થાય છે. વસ્તુ વિચારતાં કોઈ પરદ્રવ્ય તો ભલા - બૂરાં છે જ નહિ. પોતાના ભાવ બગાડે, ત્યારે તે બાહ્ય નિમિત્ત બને છે. કેટલાક વખત નિમિત્ત વિના પણ ભાવ બગાડે છે, તેથી નિમિત્ત નિયમરૂપ નથી.

## પરદ્રવ્યનો દોષ જોવો તે મિથ્યાભાવ છે.

'રાગાદિ જુદા છે' એવી સમજણ નહિ પણ 'નિમિત્તો જુદા છે' અથવા જેને ઊંધી સમજણ છે, તે પરદ્રવ્યના દોષ જોઈ તેમાં દ્વેષ કરે છે અગર ઉદાસીન બને છે, પણ તે સાચી ઉદાસીનતા નહિ. સાચી ઉદાસીનતા તેનું નામ કે જેમાં કોઈપણ પરદ્રવ્યના ગુણ વા દોષ ભાસે નહિ. પોતાને પોતારૂપ જાણે, પરને પરરૂપ જાણે અને માની સાક્ષીભૂત રહે કે: 'પરથી મારે કાંઈ પ્રયોજન નહિ'.

## સાચું સામાયિક

અને પરદ્રવ્ય આત્મા જડકર્મ જીવને કાંઈ કરી શકે નહિ, તેમ જીવ પણ જડ શરીર કે જડકર્મનો કર્તા-કરનાર નહિ, કરાવનાર-પ્રેરક નહિ, અનુમન્તા-અનુમતિ આપનાર નહિ. એ ભાન જ સાચો સામાયિકનો ભાવ છે.

नाहं देहो न मनो न चैव वाणी न कारणं तेषां ।
कर्ता न कारयिता अनुमन्तानैव कर्तॄणां ॥ અર્થાત્:

હું શરીરરૂપ કે મનયોગરૂપ પણ નહિ અને નિશ્ચયથી વચનયોગરૂપ પણ નહિ. એ ત્રણે યોગોનો હું કર્તા નહિ. મારા કર્તાપણા વિના જ તે યોગ્ય પુદ્ગલ પિંડથી કરવામાં આવે છે, કરાવનાર અથવા અનુમોદનાર પણ હું નહિ.

મારી અનુમોદના વિના જ પુદ્ગલપીંડ તે યોગોનો કર્તા છે, એ કારણે પરદ્રવ્યમાં હું અત્યંત મધ્યસ્થ છું.

સંસાર એટલે પોતાની શુદ્ધતામાંથી સારામાં સારી રીતે સરી જવું અથવા ખસી જવું તે. સંસાર = સરે તે.

## નિમિત્ત અને ઉપાદાન

નિમિત્તનો અર્થ સંયોગરૂપ કારણ. ઉપાદાન વસ્તુની સહજ શક્તિ દરેક દ્રવ્ય સ્વાધીન - અસહાય છે, એટલું જ નહિ પણ દરેક દ્રવ્યના અનંતગુણમાંથી દરેક ગુણ-સ્વાધીન અસહાય છે, એટલે એક ગુણ બીજાને કંઈ ખરેખર કરી શકે નહિ. 'નિમિત્ત ઉપાદાનને સહાયક છે, અસર કરે છે' એ બધું કહેવું તે વ્યવહાર એટલે બોલવાની રીત છે પણ નિશ્ચય એટલે કે સત્યાર્થ નહિ. નિમિત્ત જો જીવને અસર કરતું હોય, તો જીવ મુક્ત થાય જ નહિ. 'ખોટું બોલવું નહિ' ઈત્યાદિ ઉપદેશનું તાત્પર્ય ખોટું નહિ બોલવાનો ભાવ કરવો, ચોરી નહિ કરવાનો ભાવ કરવો. જીવના ભાવ, વચન, પરવસ્તુનું ગ્રહણ, ખોરાક વગેરેને નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે.

o

'There is many a slip between the cup and the lip.'

ઉપદેશ અને આગમના વાક્યો વ્યવહાર નયથી જ લખાય - બોલાય. શ્રોતા તથા અભ્યાસીને માટે વ્યવહાર ત્યારે જ કહેવાય કે જો તે તેનો પરમાર્થ સમજાવે. જો તેમ ન સમજે તો તેને માટે તે કથન નય જ નથી પણ દુર્નય છે, કેમકે તેણે તો વ્યવહારનયના વચનોને પરમાર્થ નયના વચનો ગણ્યા. જીવના ભાવને અને પરવસ્તુને નિમિત્ત - નૈમિત્તિક ભાવનો સંબંધ છે.

## સ્વરૂપ અને પરરૂપ

સ્વરૂપ નહિં સમજવાનું ફળ અનંત દુઃખ છે અને સમજવાનું ફળ અનંત સુખ છે. કાળલબ્ધિ અથવા ભવિતવ્યતા તો કોઈ વસ્તુ જ નથી. જે કાળમાં કાર્ય બને, તે જ કાળલબ્ધિ, જે કાર્ય થવું તે ભવિતવ્ય અથવા તો ભવિતવ્યતા. કર્મના ઉપશમાદિક છે, તે પુદ્ગલની શક્તિ છે, તેનો કર્તા - હર્તા આત્મા નથી.

પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવામાં આવે,
તે આત્માનું કાર્ય છે, માટે તેનો જ ઉપદેશ જોઈએ.

## અસત્ય પુરુષાર્થ

આત્માનો વીર્ય નામનો ગુણ છે, તેથી જીવ અનાદિથી પુરુષાર્થ કરે છે પણ તે શુભ-અશુભ ભાવોમાં કરે છે,

તેથી જ્ઞાનીઓ તેને અસત્ય પુરુષાર્થ કહે છે. પરનો પુરુષાર્થ થઈ શકતો નથી છતાં જીવ 'પરનું કરી શકું' એમ માની પુરુષાર્થ કરે છે, તે 'અસત્ય પુરુષાર્થ' છે.

## સત્ય પુરુષાર્થ

શરીર 'પર' છે, કેમકે તે અનંત પુદ્‌ગલનો પિંડ છે.
તેમાં જીવનો પુરુષાર્થ ચાલી શકે નહિં,
છતાં તેમાં ઉપાય કરવો, તે અસત્ય પુરુષાર્થ છે.
રાગ-દ્વેષ, મોહાદિ ટાળવા લાયક છે, તેથી
તેને ટાળવા જે પુરુષાર્થ થાય, તે 'સત્ય પુરુષાર્થ' છે.

'પાસા ખાવું' એટલે પૂર્વની પુણ્યાઈને ખાઈ જવા તથા નવ પ્રકારમાંથી કોઈપણ નવી પુણ્યાઈ કરવી નહિ.

## ૭ વ્યસનો

(૧) ચોરી : અનુરાગપૂર્વક બીજાના પદાર્થનું ગ્રહણ તે.
(૨) શિકાર : સ્વપ્રત્યેની નિર્દયતાથી પોતાનું ભક્ષણ.
(૩) જુગાર : અશુભમાં હાર - શુભમાં જીત માનવી તે.
(૪) માંસભક્ષણ : દેહ પોતાનો માની તેમાં લીન રહેવું તે.
(૫) મદિરાપાન : મિથ્યાત્વથી સ્વસ્વરૂપનું અજાણપણું તે.
(૬) વેશ્યાગમન : કુમતિનો રસ તે વેશ્યાનો રસ છે.
(૭) પરનારીસંગ : પરમાં આત્મબુદ્ધિ તે પરનારીનો સંગ.

## અનાદિથી ૭ તત્ત્વોની ભૂલો

(૧) હું તે શરીર. (જીવ)

(૨) શરીરની ઉત્પત્તિથી જન્મ અને વિયોગે મરણ. શરીર તે હું. (અજીવ)

(૩) રાગાદિ દુઃખના કારણ હતાં તેનું સેવન કરતાં સુખની માન્યતા. (આસ્રવ)

(૪) શુભબંધના ફળમાં રતિ અને અશુભબંધના ફળમાં અરતિ. (બંધ)

(૫) આત્માના હિત માટે સમ્યગ્જ્ઞાન મેળવવું અને તેથી વૈરાગ્ય, રાગ-દ્વેષનો અભાવ થવો, તેને કષ્ટ આપનારી માનવી. (સંવર)

(૬) ઇંદ્રિયોના વિષયોની ઇચ્છાઓને ન રોકવાના કાર્યને ભલું માનવું. (નિર્જરા)

(૭) 'નિરાકુળતા મોક્ષરૂપ છે' એમ ન માનવું તે. (મોક્ષ)

## નિસર્ગ મિથ્યાદર્શન

અનાદિથી થતી આવતી મુખ્ય એવી સાત ભૂલો છે. આ ભૂલોનું કારણ આત્મામાં રહેલ મિથ્યાદર્શન છે. તે મિથ્યાદર્શન કોઈના ય શીખવવાથી થયું નથી, તેથી તેને નિસર્ગ મિથ્યાદર્શન પણ કહે છે.

## મિથ્યાભાસ

વ્યવહારનયના વચનોને સાચા જ માનીને તેમાંથી પરમાર્થ સમજવો, તેને પરમાર્થ સમજવાના સાધનમાત્ર માનવા અને તેટલા પૂરતાં જ ઉપાદેય - પ્રયોજનવાન માનવા,

તે વ્યવહારનય છે.

વ્યવહારનયના વચનો જેમ છે, તેમ તે સાચા માનતાં, તે વ્યવહારનયના વચનો નિશ્ચયનયના વચનો થઈ જશે અને તેથી નય દુર્નય બનીને મિથ્યા થઈ જાય છે.

## આત્માશ્રિત તે નિશ્ચયનય.

યથાર્થ, પરમાર્થ, સત્યાર્થ, ભૂતાર્થ નિશ્ચય સ્વરૂપ છે, કારણકે તે જેવું સ્વરૂપ છે, તેવું નિરૂપે છે. દ્રવ્યના ભાવને તે જ સ્વરૂપે નિરૂપણ કરવો, તે નિશ્ચયનય. શુદ્ધ આત્માનો અનુભવ તે નિશ્ચય સ્વભાવથી અભિન્ન, પરભાવથી ભિન્ન તે શુદ્ધ. જે દ્રવ્યની પરિણતિ હોય, તેને તે જ રીતે પ્રરૂપણ કરે. નિશ્ચય વડે જે પ્રરૂપણ કર્યું, તે જ સત્યાર્થ હોવાથી તેનું જ શ્રદ્ધાન કરવું.

નિશ્ચયનય યથાવત્ નિરૂપણ કરે છે,

નિશ્ચયનય કોઈને કોઈમાં ભેળવતો નથી. નિશ્ચય સત્યભૂત માની 'વસ્તુ આમ જ છે' એવું શ્રદ્ધાન કરે.

પરાશ્રિત તે વ્યવહારનય. વ્યવહાર = ઉપચાર.

વ્યવહારનય સત્યાર્થસ્વરૂપને નિરૂપતો નથી, કિન્તુ કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપે છે. એક દ્રવ્યના ભાવને ઉપચારથી અન્ય દ્રવ્યના ભાવરૂપ નિરૂપણ કરવો, તે વ્યવહારનય. વ્રત - તપાદિ કાંઈ મોક્ષમાર્ગ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચારથી તેને વ્યવહાર કહ્યો. એક દ્રવ્યની પરિણતિને જ અન્ય દ્રવ્યમાં પ્રરૂપીએ, તે વ્યવહારનય. વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું, તેને અસત્યાર્થ માની છોડવો અને સત્યાર્થ નિશ્ચયને આદરવો. સ્વદ્રવ્ય, પરદ્રવ્ય તેના ભાવોને કે કારણ - કાર્યાદિને કોઈના કોઈમાં ભેળવી વ્યવહારનય નિરૂપણ કરે છે. વ્યવહારની મુખ્યતાના વ્યાખ્યાનને 'એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે' એમ જાણવું તે વ્યવહારનય.

વ્યવહારને ઉપચારમાત્ર માની જો તે દ્વારા વસ્તુનો બરાબર નિર્ણય કરે, તો કાર્યકારી થાય પણ જો નિશ્ચયની માફક વ્યવહારને પણ સત્યભૂત માની 'વસ્તુ આમ જ છે' એવું શ્રદ્ધાન કરે, તો તે અકાર્યકારી છે. યથાયોગ્ય વ્રતાદિ ક્રિયા કરવા પણ

તેમાં મમત્વ ન કરવું, પરંતુ જેનો પોતે કર્તા થાય, તેમાં મમત્વ કેમ રીતે ન કરે ? જો પોતે કર્તા નહિ, તો 'મારે ક્રિયા કરવા યોગ્ય છે' એવો ભાવ કેમ કરશે ? ઇંદ્રિયોના સુખાદિ પરદ્રવ્યો ભેદ છે, એ વ્યવહારનય છે, શુદ્ધ - અશુદ્ધ ભાવોનું પરિણમન છે. ત્રીજું કૃત્ય ભવમાં ભમવું પણ હસ્તાદિના વ્યાપારરૂપ પરિણમનોનું કૃત્ય ભવનું ન સમજવું. 'જિન આજ્ઞાના વિચાર વડે મારો સાધકપણાનો ભાવ કેમ વધે ?' એવા વિકલ્પ મુનિને છઠ્ઠું ગુણસ્થાનકે આવે છે. 'શુભાશુભ વિકલ્પ એ મારો સ્વભાવ નહિ, તેનાથી ગુણ થતો નહિ'. એવું ભાન છે છતાં શુભ યોગ થયા વિના રહે નહિ. નીચલી ભૂમિકામાં નિમિત્તરૂપ શુભ યોગ સાથે રહે છે.

શુભ યોગ પ્રકૃતિ ભૂલ રહે છે,
માટે ભૂલ તે સ્વભાવ નહિ પણ યોગ્યતા છે.

'નમો લોએ સવ્વસાહૂણં ।'

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રસ્વરૂપ આત્મામાં એકત્વપણે રહેનારા સાધુ, પંચપરમેષ્ઠિમાં વંદનિક છે. છઠ્ઠા ગુણસ્થાન કે મુનિપણાનો આચાર, ઉપદેશ, આહાર - વિહાર, દેવ - ગુરુ - ધર્મની ભક્તિ, સ્વાધ્યાય,

ધ્યાન, તપ, નિયમ, ષટ્આવશ્યક આદિ ક્રિયાના શુભ વિકલ્પ અકષાય-અસંગપણાના લક્ષે રહે છે. કોઈ કહે કે 'આપે પરચીજમાં ધાર્યું કામ કરીએ' પણ તેમ કદી કોઈનું કોઈ વડે થઈ શકતું જ નહિ. જ્ઞાનમાં સ્વને ભૂલીને માત્ર રાગ-દ્વેષની કલ્પના થઈ શકે, બીજું કંઈ જ નહિ.

<u>મુક્તિના લક્ષે ધર્મની શરૂઆત થાય છે.</u>

દેહાદિ પરદ્રવ્યની અવસ્થામાં કોઈનું ધાર્યું થતું નથી. દરેક વસ્તુનું કાર્ય સ્વતંત્ર છે, કોઈપણ ચીજ પરને આધીન નથી. અન્ય સાથે રાગ-દ્વેષ વડે તે ચીજ અનુકૂળ થતી નથી પણ પૂર્વના પુણ્ય હોય, તો તે તેના કારણે અનુકૂળતા તો દેખાય છે પણ કોઈ ચીજ કે કોઈ આત્મા અન્ય કોઈને વશ નથી. કોઈ આત્મા પરનું કંઈ કરી શકતો નથી, માટે જેને હિત કરવું છે, તેણે પોતે નિર્દોષ જ્ઞાન, સ્વભાવ વડે આ વાતને સ્પષ્ટપણે સમજી જ લેવી જોઈએ.

નમો अरिहंताणं, નમો सिद्धाणं, નમો आयरियाणं,
નમો उवज्झायाणं, નમો लोए सव्वसाहूणं,
एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो,
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

## સમતા

પરનિમિત્ત ઉપર દૃષ્ટિ છે, તેથી રાગ કરવા જેવો માન્યો છે. 'પરથી મને લાભ-નુકસાન થાય' તેમ માન્યું, તેથી અનંતા પર સાથે અનંતો રાગ-દ્વેષ કરવા યોગ્ય માન્યો. તેની ઊંધી દૃષ્ટિમાં 'રાગ-દ્વેષ કરવા જેવા છે' એમ આવ્યું પણ 'જ્ઞાનમાં સ્વલક્ષે કરવાનું છે' એમ ન આવ્યું.

> સહેલું સરલ સમજણનું કાર્ય,
> જાણવારૂપે રહેવું તે છે.

અનંતી અગવડતાના સંયોગો દેખાયા કરે, છતાં જ્ઞાન અટકવાના સ્વભાવવાળું નથી. જાણવું તેમાં દોષ કે દુઃખ નથી. જેમ છે તેમ જાણવું, તે ગુણ છે. તેમાં અનંતી સમતા છે. આત્મા સદા ય બેહદ જ્ઞાનસમતાનો સમુદ્ર છે. સાચી ઓળખાણ થાય, તેને વ્યવહાર નીતિ તથા પરમાર્થ સત્ય પ્રગટ્યા વિના રહે નહિ. જ્યાં પરમાર્થ સત્ય છે, ત્યાં વ્યવહારમાં સત્ય વચનાદિ હોય જ. સત્યનું ભાન પ્રગટ થયું, ત્યાં અસત્યનો (ખોટી સમજણનો) અંશ પણ ન રહે એવો ચોક્કસ નિયમ છે.

અખંડ જ્ઞાનસ્વભાવની પ્રતીતિમાં
બેહદ સમતા સહજ આવે છે.

સમજણ
અનુસાર
રૂચિ અને

રૂચિ
અનુયાયી
વીર્ય

રૂચિ
અનુયાયી
વીર્ય હોય જ.

જ્ઞાન તો શુદ્ધ છે. શુદ્ધિથી દોષની ઉત્પત્તિ સંભવે નહિ. જેણે જ્ઞાનને પોતાનું સ્વરૂપ માન્યું, તેણે પરથી અટકવું માન્યું નહિ. એટલે જ્ઞાનભાવે જીવ છે, તેમ જાણી લેવું તે તો શુદ્ધ છે. જ્ઞાનનું કાર્ય જાણવાનું તથા રાગનું કાર્ય પરચીજમાં ઠીક-અઠીક કલ્પના વડે અટકવાનું છે. જ્ઞાન તો દરેક આત્માનો સ્વતંત્ર અખંડ સ્વભાવ છે, તે કોઈ કાળે જાણવામાં છૂટે - અટકે તેવા સ્વભાવે નહિ.

## અનંતી આસક્તિ

'પરનું કાંઈપણ કરી શકું' એ અભિપ્રાયમાં અનંતી આસક્તિ છે, માટે તે અભિપ્રાય જ સૌ પ્રથમ બદલવો જોઈએ.

'હું સદા ય પરથી જૂદો, જ્ઞાન આનંદ સ્વરૂપી છું. જ્ઞાન સિવાય કાંઈ કરી શકતો નહિ. પરવલણમાં અટકતો ભાવ નિત્ય સ્વભાવની ભાવના વડે ટાળનાર છું.

પર મને મદદગાર થઈ શકે નહિં. મારું કર્તવ્ય-ફરજ તો એ છે કે રાગરહિત, પરઆલંબનરહિત જ્ઞાન કરવાનું છે. હું પૂર્ણ-પવિત્ર જ્ઞાનપણે છું! આવો અભિપ્રાય અભંગ ટકાવી રાખવો અને સ્વરૂપરૂચિની દૃઢતા વધારવા, એ જ હિતકર છે. 'ત્રણે કાળે મેં જ્ઞાન જ કર્યું છે' એમ માન્યું એટલે રાગ-દ્વેષ થવાનો ખાસ અવકાશ રહેતો નથી. વર્તમાન એક સમયની અવસ્થામાં પર તરફ વલણ કરી નવા રાગ-દ્વેષ કરે છે, તે ભૂલ નિત્ય સ્વભાવનું લક્ષ અને સ્થિરતા વડે ટાળી શકાય છે. માટે સમાધાન કરવાનું પોતાને છે, પરમાં કાંઈ નથી. જો પોતે એક જ સુધરશે, તેનું આખું જગત સુધર્યું. જેણે સ્વાધીન સ્વરૂપે એક આત્માને અવિરોધીપણે જાણ્યો, તેને કોઈ નિમિત્તનું વિઘ્ન નથી. ગમે તેવા અનુકૂળતા કે પ્રતિકૂળતાના નિમિત્ત આપનારા બહુ ઉપસર્ગ આવે,

તેમાં જ્ઞાનને શું?

જીવંત સમતા: પોતાના જીવંત જ્ઞાનસ્વરૂપમાં ઉત્કૃષ્ટ વીર્યનો જેને જીવંત વિશ્વાસ છે, તેનું જીવન કુદરતી-સહજ હોય છે. તેના દાંત બગડે નહિં, દુર્ગંધ થાય નહિ, શરીરની પ્રકૃતિ પણ અનુકૂળ જ હોય.

## અજ્ઞાન

'હું પરનું કાંઈ કરી શકું,
એવો ઊંધો ભાવ તે અજ્ઞાન છે.

દ્રવ્ય તો અનાદિ અનંત છે, તેથી બંધ અને મોક્ષ એવી બે અવસ્થાના ભંગ કે ભેદની કલ્પનામાં જ્ઞાની અટકતાં નથી. દ્રવ્યસ્વભાવ બેહદ સમતામય છે. સ્વભાવમાં પોતે પવિત્ર-શાશ્વત-ચિદ્‌ઘન છે. વર્તમાન અવસ્થામાં કષાયને લઈને જ્ઞાનીને અસ્થિરતા રહે છે. બંધ અને મોક્ષ એ બે અવસ્થા છે, આત્મા અવિનાશી નિત્ય છે.

## અનંત સમતા

'હું શરીર નહિં તથા શરીરના કષ્ટો મારી કોઈ ક્ષુધા પ્રગટે નહિ.' પુદ્‌ગલની અનેક વિચિત્રતાથી ચૈતન્યને અંશમાત્ર ક્ષુધા નથી. અકષાય, અભેદ દૃષ્ટિના બળે સહેજે આહાર છૂટી જાય.

એક સમયની અવસ્થામાં
અનંત સમતા ભરી છે.

અનંતકાળ આહાર ન મળે તો પણ શાતાપણે ટકવાનું બેહદ સામર્થ્ય ચૈતન્યમાં છે. સ્વભાવને હદ શી? જેનો બેહદ સ્વભાવ - તેમાં હદ હોય નહિ.

આહારનું શરીરમાં આવવું તે ઉદયાધીન અર્થાત્ કે
પ્રારબ્ધ અનુસાર બને છે. શાતાનો ઉદય હોય અને
શરીર ટકવાનું હોય તો આત્મશાંતિ, પરમ સંતોષ સાથે
બાહ્ય પ્રવૃત્તિ કે આકુળતા વગર આહાર મળી જ રહે.

પહેલું ગુણસ્થાન મિથ્યાત્વ છે.

ત્યાં રહેલ બહિરાત્મ જીવોને પોતાના
વાસ્તવિક આત્મસ્વરૂપનું ભાન નથી.

'હું કેવળ જ્ઞાતા, દ્રષ્ટા, વીતરાગ, ચિદાનંદ, શાશ્વત છું.
મારામાં જ સ્વાધીન સુખ, બેહદ - અનંત શાંતિ છે'
એવું નહિ માનતો અને પરવસ્તુ જે દેહાદિ, રાગ-દ્વેષ,
પુણ્ય - પાપ તેને પોતાના માનતા થકી, દેહાદિ બાહ્ય
સંયોગોમાં ઠીક - અઠીકપણાની, સુખ - દુઃખપણાની મિથ્યા
કલ્પના કરીને રાગ-દ્વેષનો કર્તા અને શાતા - અશાતારૂપ,
અશાંતિ - અસ્થિરતા - વ્યાકુળતાનો ભોક્તા થાય છે,
તે મોટી ભૂલ જે કાંઈ જાણે છે, માને છે તથા
જેમાં વર્તે છે, તે બધું ઊંધું છે.

તેને મિથ્યા અભિપ્રાય, મિથ્યાજ્ઞાન
અને મિથ્યાચારિત્ર હોય છે.

તેનું માનવું, જાણવું અને વર્તવું - સદા ય અસત્ય છે.

## ચોથું ગુણસ્થાન

તેમાં સમ્યગ્દર્શન થતાં શુદ્ધ આત્મસ્વરૂપનું ભાન થાય,
જ્યાં દર્શનમોહનો અભાવ થઈ દેહાદિ તથા રાગાદિથી
ભિન્ન કેવળ ચૈતન્યસ્વરૂપનું ભાન થાય છે.
તેમાં સ્વાનુભવ - સ્વરૂપાચરણ પ્રગટે છે,
પરન્તુ ચારિત્રગુણ ઉઘડતો નથી.

## પાંચમું ગુણસ્થાન દેશવિરતિ છે,

તેમાં અંશે સ્થિરતા - વિરતિ છે.

જીવ પોતાની ભૂલથી
રાગ-દ્વેષ - અજ્ઞાન વડે મહાઅવિવેકી થયો છે.
દર્શનમોહનીય કર્મના રજકણો સ્વરૂપની
અસાવધાની રાખવામાં, ભૂલ ટકાવી રાખવામાં, ઊંધી
શ્રદ્ધામાં માત્ર નિમિત્ત છે. મોહની શક્તિ કરતાં અનંત
ગુણી શક્તિ ચૈતન્યમાં છે, જે શક્તિરૂપે છે. તે પુરુષાર્થ
સામર્થ્યરૂપે પ્રગટતાં અભેદ - અનંત આનંદસ્વરૂપ
અને કેવળજ્ઞાન નિધાન લક્ષ્મી પ્રગટે છે.

## કેવળજ્ઞાન

કેવળજ્ઞાન નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન,
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ... (૧)

તે કેવળજ્ઞાનમાં પરને જાણવાનું લક્ષ કે વિકલ્પ નથી છતાં પર જણાય છે, એવો સહજ સ્વભાવ છે. 'મારા સ્વભાવમાં બેહદ (અપરિમિત) જ્ઞાતારૂપ કેવળજ્ઞાન ભર્યું છે, તે પૂર્ણતાના લક્ષે પુરુષાર્થ ઉપાડી પૂર્ણ સ્થિર થાઉં, તો કેવળજ્ઞાનજ્યોતિ એવો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મપદ પ્રગટે' એમ સાધક જાણે છે. પૂર્ણ શુદ્ધ ચેતનાસ્વરૂપ કેવળજ્ઞાન એ જીવનું નિધાન છે. તેને અનંત ચક્ષુ અથવા સર્વ ચક્ષુ પણ કહેલ છે. મનુષ્યના એક દેહ જેટલા ક્ષેત્રમાં જ આત્માના અસંખ્ય અરૂપી પ્રદેશો પૂર્ણ પવિત્ર થતાં કેવળજ્ઞાન, પરમાત્મ દશા, સર્વજ્ઞદશા, સ્વભાવદશા પ્રગટ થાય છે. તેમાં લોકાલોક અખુની એમ ત્રિકાળ દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત એક સમયમાં સ્પષ્ટ દેખાય છે. ત્રિકાળી આત્મદ્રવ્યને બધા પડખેથી જાણે છે, તેમ જાણે તો રાગ-દ્વેષ થાય નહિ. કર્મો ઘનઘાતી- આત્મા જ્ઞાનઘન છે. 'આકુળતા, અશાંતિ, અસ્વસ્થતારહિત કેવળ સમતા અને બેહદ આનંદમય પરમ સુખ મારામાં જ છે'

એવો યથાર્થ અનુભવ- સંવેદન થયા પછી
બાહ્યવૃત્તિ તરફ વળવું રહેતું નથી.

કર્મનો સ્વભાવ બંધ છે, જ્યારે
આત્માનો સ્વભાવ મોક્ષ છે.

પોતાના સ્વભાવનું અખંડ નિર્વિકલ્પ ભાન વર્તે છે, ત્યાં પરવસ્તુ - જગતના અનંત પદાર્થો તે નિર્મળ-ભાનમાં સહેજે જણાય છે, એ ન્યાય સમજવાનો છે. <u>પરજ્ઞેયોને જાણવાનો વ્યવહાર તે પરાશ્રિત ભાવ છે.</u> કેવળજ્ઞાન થાય એટલે લોકાલોક દેખાય, એમ કેટલાકને લોકાલોક દેખવા ઉપર મહાત્મ્ય આવે છે, તે બાહ્યદૃષ્ટિ (વ્યવહાર) છે, તેથી એમ થાય કે ચેતનમાં કાંઈ માલ નથી.

'પરદ્રવ્યોને જાણે તેથી કેવળજ્ઞાન છે'
એમ કહેવું તે નિમિત્ત તો ઉપચાર છે.
<u>પોતાના પુરુષાર્થથી આખું કેવળજ્ઞાન</u>
<u>સ્વાધીનપણે પ્રગટ થાય છે.</u>

તેમાં પરને જાણવાની ઇચ્છા નથી. ત્યાં કેવળ વીર્યગુણ આત્માના સર્વ ગુણને ટકાવી રાખનાર છે, એકેકું સ્વરૂપનું બળ સહજ સ્વભાવમાં એકરૂપ છે.

<u>હું કોણ?</u>

આત્મા ત્રિકાળશુદ્ધ, અબંધ સ્વભાવવાળો છે, તેને પર નિમિત્ત આધીન બંધવાળો, ઉણો, હીણો કે વિકારી

માનવો, તે મોટામાં મોટું પાપ છે, સ્વરૂપની હિંસા છે, અનંતભવમાં રખડવાનું તે મૂળ કારણ છે, મિથ્યાદર્શન-શલ્ય છે. દરેક વસ્તુ સત્ છે. 'છે' તે ત્રિકાળ હોય, સ્વતંત્ર હોય, કોઈ વસ્તુ સ્વભાવે વિકારી મલિન હોય નહિ. દૃષ્ટાંત તરીકે જો સોનામાં ત્રાંબુ હોય, તોય કાંઈ સોનુ મલિન કહેવાય નહિ, તેમ રીતે આત્માનો સ્વભાવ શુદ્ધ - અબંધ છે, તેને ભૂલીને જીવે પરના નિમિત્તનો સ્વીકાર કર્યો છે અને માન્યું છે કે 'હું બંધવાળો છું, રાગવાળો છું' પણ જો અબંધ જ હોય,

તો જીવ બંધનથી કદી છૂટી શકે નહિ તથા ક્રોધ ટાળી ક્ષમા કરી શકે નહિ પણ તેમ થઈ શકે છે. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' આ વાતનો વિચાર જેને અંતરથી જાગે છે, તેને ભવનો અંત કેમ ન થાય? અનંતકાળની અશાંતિ, પરાધીનતાની જેને કાળજે વેદના લાગી છે, તેને પોતાના આત્માની દયા આવે છે અને પોતામાં પાત્રતા લાવી પોતાના

શુદ્ધ સ્વરૂપ સન્મુખ પોતાને કરે જ છે.

જેને પરાશ્રય ઉપર શ્રદ્ધા છે, તેને પોતાની જ શ્રદ્ધા નથી. પરાશ્રયનો નિષેધ કરે, તો જ સ્વતંત્રતાનું જોર પ્રગટે.

## સ્વાધીનતાનો માર્ગ

ચેતના એ આત્માનો ગુણ છે. તેની મુખ્ય શક્તિ બે છે:
દર્શનચેતના: તેનો વ્યાપાર નિર્વિકલ્પ, નિરાકાર, સામાન્ય છે.
જ્ઞાનચેતના: તેનો વ્યાપાર સવિકલ્પ, સાકાર, વિશેષ છે.
જેમ કોઈ મનુષ્ય સાકર ખાય, તેનો સ્વાદ વેદે-ભોગવે
પણ તેનો આકાર દેખી શકે નહિં, તેમ સમ્યગ્દર્શનરૂપી
ચોથી ભૂમિકામાં તથા ઉપલી ભૂમિકાઓમાં અધિક અધિક
અંશે આત્માના આનંદનો અનુભવ થાય પણ
આત્માના પ્રદેશોને પ્રત્યક્ષ દેખી ન શકે.
હું કોણ છું? શું કરી શકું? શું ન કરી શકું?
અહીં પ્રથમ પગથિયાનું જેણે ભાન કર્યું નથી,
તે બાકીનું જે કાંઈ કરે, તે મિથ્યા છે.

## પ્રભુ આજ્ઞા

સર્વજ્ઞ વીતરાગ ભગવાને જેવો ચૈતન્ય સ્વભાવ જાણ્યો,
તેવા જ ભાવ અનુસાર વર્તવું,
તે પ્રભુ આજ્ઞા છે - એ મહાન સૂત્ર છે.
અનંત કાળમાં પોતાને ભૂલીને
જાણું બધું ય કર્યું પણ તેથી રખડવું જ થયું.
તેમાં ભગવાન સર્વજ્ઞના જ્ઞાનમાં રહેલ સઘળી વસ્તુઓ

ઉપરનું શ્રદ્ધાન કબૂલ કરાય છે અને
તે મુજબ પોતાનું વર્તન ઘડવાનું નક્કી કરાય છે.

ઉપદેશ

विरम किमपरेणाकार्यकोलाहलेन,
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम् ।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो ।
ननु किमनुपलब्धिर्भाति किं चोपलब्धिः ॥१॥ અર્થઃ

હે ભવ્ય! નકામો કોલાહલ કરવાથી શો લાભ છે? એનાથી વિરામ પામ અને એક ચૈતન્યમાત્ર વસ્તુને નિશ્ચલ બની તું પોતે દેખ. એવો ૬ માસ તું અભ્યાસ કર અને પછી જો, તપાસ કર કે આમ કરવાથી તારા હૃદય સરોવરમાં પુદ્ગલથી ભિન્ન તેજ - પ્રતાપ વા પ્રકાશવાળા આત્માની ઉપલબ્ધિ - પ્રાપ્તિ નથી થતી કે થાય છે? જો અભ્યાસ કરે, તો પોતાના સ્વરૂપની પ્રાપ્તિ અવશ્ય થાય. પરવસ્તુ હોય, તો તેની પ્રાપ્તિ ન થાય. પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે પણ ભૂલી રહ્યો છે, જો ચેતીને દેખે, તો પાસે જ છે.

અહીં ૬ માસનો અભ્યાસ કહ્યો, તેનો અર્થ એ નહીં કે એ જ વખત લાગે. તેનું થવું તો મુહૂર્તમાત્રમાં જ છે પણ

શિષ્યને જડ કઠિન લાગતું હોય, તો તેનો નિષેધ કર્યો. જો જડ કામ લાગે તો ૬ મહિનાથી તો અધિક નહિ જ લાગે, તેથી અલ્પ નિષ્પ્રયોજન કોલાહલ છે. આમાં લાગવાથી જલ્દી સ્વરૂપની પ્રાપ્તિ થશે, એવો ઉપદેશ છે.

## જિનસ્વરૂપ

સ્વભાવના અભાવરૂપ અજ્ઞાન જ અનાદિના સંસારનું કારણ છે. ચોથે ગુણસ્થાને યથાર્થ ભાનમાં નિરાવલંબી પૂર્ણ સ્વભાવ જાણ્યો, તેણે સર્વ આગમનું રહસ્ય જાણ્યું.

**આ વસ્તુનું**
**શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ**
**આ વસ્તુ રૂપ જ છે.**

હજુ પોતે પૂર્ણ વીતરાગ થયો નથી પણ સ્વભાવથી વિપરીત અભિપ્રાયનો ત્યાગ કરી સમ્યગ્દર્શન સહિત યથાર્થ ભાન કર્યું, તેમાં ઘણું કરવાનું આવ્યું. પરનું કર્તાપણું કે પરનું ધણીપણું ન થવા દેવું. 'પરાશ્રયરહિત-પણે છું' એવું ભાન કરવું, તેમાં અનંત પુરુષાર્થ છે. તેમાં જ ખરો પુરુષાર્થ છે. જિન એટલે ગુણ વડે અવગુણને જીતનાર છે. જ્ઞાનાદિ ગુણ વડે અજ્ઞાનાદિ અવગુણને જીતે, તે જૈન એટલે કે જિનનો અનુયાયી.

# જીવનું સ્વરૂપ

જીવને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. જીવને રૂપ, શરીર, સંસ્થાન, સંહનન નથી. રાગ-દ્વેષ, મોહ, પ્રત્યય કર્મો કર્મ નથી. વર્ગ - વર્ગણા સ્પર્ધકો નથી. અધ્યાત્મ સ્થાન, અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણા સ્થાન, સ્થિતિબંધન સ્થાન, સંક્લેશ સ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન, જીવસ્થાન, ગુણ-સ્થાન નથી. તે બધા પુદ્ગલ દ્રવ્યના પરિણામો છે.

અજ્ઞાનીઓને કર્તા-કર્મની પ્રવૃત્તિ છે.

નયપક્ષને છોડીને જીવ પક્ષાતિક્રાંત છે.

બધા બાજુથી શાશ્વતી, ઉદાત્ત - ધીર, કોઈને પણ આધીન કે કોઈપણ પ્રકારે આકુળતારૂપ નથી, તેવા જ્ઞાનજ્યોતિ છે. અસહાય અર્થાત્ કોઈની કે પરની સહાય વિના જુદાં-જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો સ્વભાવ હોવાથી જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે, પ્રત્યક્ષ જાણે છે, આવી જ્ઞાનસ્વરૂપ આત્મા છે. તે પરદ્રવ્ય તથા પરભાવોના કર્તાપણારૂપ અજ્ઞાનને દૂર કરીને, પોતે પ્રગટ ઉપરાંત પ્રકાશમાન થાય છે.

જ્ઞાન - તે જળ છે, ક્રોધાદિ - તે શેવાળ છે.

## આત્માની નિર્મળતા

સહજ જ્ઞાયકસ્વરૂપ એકતા - કતૃત્વ - ભોક્તૃત્વસ્વરૂપ,
મલિનતારહિત કેવળ જ્ઞાતૃતા રૂપી સ્વચ્છતા.

## આસ્રવોનું જડ સ્વભાવપણું

તે બીજા વડે જણાય છે. પોતે કોઈને જાણતા નથી.
જે જડ હોય, તે પોતાને તથા પરને જાણતું નથી,
તેને બીજો જ જાણે છે.
માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે.

## આત્મા ચેતક - જ્ઞાતા છે

પોતે જ પોતાને અને પરને જાણે છે,
માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો છે.

## આસ્રવો અને આત્મા

આસ્રવો : અશુચિ, જડ, દુઃખના કારણો સ્વરૂપ છે.
આત્મા : શુચિ, જ્ઞાતા અને સુખસ્વરૂપ છે.
સ્વભાવે શુદ્ધ, નિત્ય છે, પર્યાયે અશુદ્ધ, અનિત્ય છે.
પર્યાય ઉપર દૃષ્ટિ તે વ્યવહાર છે તથા
સ્વભાવ ઉપર દૃષ્ટિ તે નિશ્ચય છે. બન્નેને માનીને
નિશ્ચયને આદરવો, તે અનેકાન્ત માન્યાનું ફળ છે,
કારણકે તે નિશ્ચય સ્વભાવના જોરે જ ધર્મ થાય છે.

## કર્મની નિર્જરા શેનાથી થાય ?

શમ = શુદ્ધચારિત્ર, સ્વભાવરમણતા.
દમ = વિભાવભાવનું દમન.

રાગાદિરહિત આત્મસ્વરૂપના જ્ઞાનની જ્યોતિ જગાડી, સ્વરૂપની રુચિ વધારી, પરમ સમતા સ્વરૂપ શુદ્ધ ચારિત્ર પ્રગટાવી, પરમ પુરુષાર્થના ફળરૂપે કર્મની નિર્જરા થાય છે.

વ્યવહાર સહકારી કારણ છે, નિશ્ચય ઉપકારી કારણ છે.
સહકારી કારણ એટલે નિમિત્ત કારણ.
ઉપકારી કારણ એટલે ઉપાદાન કારણ.

સમ્યગ્દૃષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામીત્વનો અભાવ છે. તેને જે આસ્રવ તથા બંધ થાય, તે અભિપ્રાયપૂર્વક નહિ. તે જ્ઞાની હોવાથી અભિપ્રાયપૂર્વકના કે બુદ્ધિપૂર્વકના આસ્રવથી નિવર્ત્યો છે.

## જિજ્ઞાસા

અંતરમાં સત્ સમજવાની જિજ્ઞાસા જાગે અને સત્‌ના નિમિત્ત ન મળે, તેમ બને જ નહિ. નિમિત્તના યોગે પોતે સત્ સમજે, ત્યારે સત્‌ના નિમિત્તનું બહુમાન કર્યા વગર રહે નહિ.

## અહિંસા પરમો ધર્મનો અર્થ શું?

'આત્મા શુદ્ધ જ્ઞાયક સ્વભાવે અખંડ છે.'
તેની અંતરશ્રદ્ધા કરી તેમાં એકાગ્ર રહેવું,
તેનું નામ અહિંસા અને તે જ પરમ ધર્મ છે.
પરને મારવાનું કે જીવાડવાનું કોઈ કરી શકતું જ નથી.
માત્ર તેવા ભાવ કરે.

પરને મારવાના ભાવ તે અશુભ - પાપભાવ અને જીવાડવાના ભાવ તે શુભ-પુણ્યભાવ છે, પરન્તુ તે ખરી અહિંસા નથી, કારણકે પોતે પરને મારી કે જીવાડી શકતો નથી, છતાં 'હું પરને મારી કે જીવાડી શકું' એમ માન્યું, એટલે પોતાને પરનો કર્તા માન્યો, તેમાં જ સ્વભાવની હિંસા છે. જડ શરીર અને ચૈતન્ય આત્માને જુદા પાડવા તે હિંસાની પૂરી વ્યાખ્યા નથી, કારણકે શરીર અને આત્મા તો કાયમ જુદાં જ છે. તેને જુદા પાડવાનું કહેવું, તે તો ઉપચાર માત્ર છે.

આત્મા પોતાના શુદ્ધ જ્ઞાયક સ્વરૂપે
અભેદ પુણ્ય - પાપની વૃત્તિ વિનાનો
ચૈતન્ય જ્ઞાનમૂર્તિ છે.

તેવા સ્વરૂપને ન માનતાં પુણ્ય-પાપને પોતાના માન્યા,

તેણે ચૈતન્ય આત્માને તેના સાધક શરીરથી જુદો પાડ્યો - જુદો માન્યો, તે જ સ્વહિંસા છે અથવા તો પોતાને ભૂલી, જેટલી પરમાં સુખબુદ્ધિ માની, તેટલી સ્વહિંસા જ છે. આત્માના સાધક સ્વભાવને ન માનવો, પુણ્ય - પાપ કે રાગાદિને પોતાના માનવા, તે જ સ્વભાવનો ઘાત છે - તે જ સાચી હિંસા છે.

સ્વભાવથી ખસી પર ઉપર
લક્ષ કરવાથી જ જીવને
પુણ્ય - પાપની વૃત્તિ થાય છે.
તે વૃત્તિને પોતામાં ચીટલે કે
પુણ્ય - પાપરહિતતામાં ખતવવા
અગર
તેનાથી સ્વભાવનો કાંઈપણ લાભ માનવો,
તે જ ચૈતન્યના સ્વભાવનું ખૂન છે.
તે જ પોતાની ખરી હિંસા છે.
તે પુણ્ય - પાપને
પોતાના ન માનતાં માત્ર સાધકપણે
પોતાને જુદો અકૃતિ 'છે તેવા સ્વભાવે' રાખ્યો,
તે જ સાચી અહિંસા છે.

## સુખ - દુઃખ

રાગાદિભાવો વડે આ જીવ સર્વ દ્રવ્યોને અન્ય પ્રકારે પરિણમાવવા ઇચ્છે છે અને તે સર્વ દ્રવ્યો અન્ય પ્રકારે પરિણમે છે, ત્યારે જીવને આકુળતા થાય છે. હવે કાં તો પોતાને રાગાદિભાવ દૂર થાય અથવા પોતાની ઇચ્છાનુસાર જ સર્વ દ્રવ્યો પરિણમે, તો આકુળતા મટે. સર્વ દ્રવ્યો તો આના આધીન નથી પણ કોઈ વેળા કોઈ દ્રવ્ય જીવની ઇચ્છા હોય, તેમ જ પરિણમે તો પણ એની આકુળતા સર્વથા દૂર થતી નથી. સર્વ કાર્ય એની ઇચ્છાનુસાર જ થાય, અન્યથા ન થાય, ત્યારે જ તે નિરાકુળ રહે પણ એમ તો થઈ શકતું જ નથી, કારણકે કોઈ દ્રવ્યનું પરિણમન કોઈ દ્રવ્યને આધીન નથી પણ પોતાના રાગાદિભાવ દૂર થતાં નિરાકુળતા થાય છે અને એ કાર્ય બની શકે એમ છે, કારણકે રાગાદિભાવો આત્માના સ્વભાવ ભાવ તો છે નહિ પણ ઔપાધિક ભાવ છે, પરનિમિત્તથી થયા છે અને એ નિમિત્ત મોહકર્મનો ઉદય છે. તેનો અભાવ થતાં સર્વ રાગાદિભાવ નાશ પામી જાય, ત્યારે આકુળતાનો પણ નાશ થતાં દુઃખ દૂર થઈ, સુખની પ્રાપ્તિ થાય છે.

માટે મોહકર્મનો નાશ જ હિતકારી છે.

વળી તે આકુળતાને સહકારી કારણ જ્ઞાનાવરણાદિનો ઉદય છે, જેથી જ્ઞાન - દર્શન સંપૂર્ણ પ્રગટ થતાં નથી અને તેથી આને દેખવા - જાણવાની આકુળતા થાય છે જે વસ્તુનો સ્વભાવ યથાર્થ સંપૂર્ણ જાણી શકતો નથી, ત્યારે રાગાદિરૂપ થઈ પ્રવર્તે છે, ત્યાં આકુળતા થાય છે. અંતરાયના ઉદયથી ઇચ્છાનુસાર દાનાદિ કાર્ય ન બને, ત્યારે પણ આકુળતા થાય છે. એનો ઉદય છે, તે મોહનો ઉદય થતાં આકુળતાને સહકારી કારણ થાય છે પણ મોહના ઉદયનો નાશ થતાં એનું બળ રહેતું નથી અને અંતર્મુહૂર્તમાં તે આપોઆપ નાશ પામે છે.

આત્માને નાના પ્રકારની અવસ્થા થાય છે, તેમાં અન્ય તો ગમે તે અવસ્થા થાઓ પણ તેથી આત્માનો કાંઈ બગાડ-સુધાર નથી, એક દુઃખ-સુખ અવસ્થાથી તેનો બગાડ - સુધાર છે. અહીં કાંઈ હેતુ - દૃષ્ટાંતની જરૂર નથી, પ્રત્યક્ષ એમ જ પ્રતિભાસે છે.

આ લોકમાં જેટલા આત્માઓ છે, તેમને આ એક જ ઉપાય જોવામાં આવે છે કે દુઃખ ન થાય, સુખ જ થાય. તેઓ અન્ય જેટલા ઉપાય કરે છે, તેટલા એક એ જ

પ્રયોજન સાથે કરે છે. તેથી જેના નિમિત્તથી દુઃખ થતું જાણે, તેને દૂર કરવાનો ઉપાય કરે છે તથા જેના નિમિત્તથી સુખ થતું જાણે, તેને રાખવાનો ઉપાય કરે છે. વળી સંકોચ - વિસ્તારાદિ અવસ્થા પણ આત્માને થાય છે.

અનેક પરદ્રવ્યનો પણ સંયોગ મળે છે, પરન્તુ જેનાથી સુખ - દુઃખ થતું ન જાણે, તેને દૂર કરવાનો કે તે રાખવાનો કાંઈપણ ઉપાય કોઈ કરતું નથી. અહીં આત્મદ્રવ્યનો એવો જ સ્વભાવ જાણવો. અન્ય તો બધા અવસ્થાઓને તે સહન કરી શકે છે પણ એક દુઃખને સહન કરી શકતું નથી. પરવશપણે દુઃખ થાય, તો જીવ શું કરે ? તેને ભોગવે પણ સ્વવશપણે તો કિંચિત્ પણ દુઃખને સહન કરી શકતો નથી. સંકોચ-વિસ્તારાદિ સર્વ અવસ્થા જેવી થાય તેવી થાય, તેને સ્વવશપણે પણ ભોગવે છે. ત્યાં સ્વભાવમાં તર્ક છે જ નહિ. આત્માનો એવો જ સ્વભાવ છે, એમ સમજવું.

જુઓ દુઃખી થાય, ત્યારે સુવાને ઇચ્છે છે. જો કે સુવામાં જ્ઞાનાદિક મંદ થઈ જાય, પરન્તુ જડ જેવો બનીને પણ દુઃખને દૂર કરવા ઇચ્છે છે અથવા તો મરવા ઇચ્છે છે.

હવે મરવામાં પર્યાયનો નાશ માને છે, પરન્તુ પોતાનું અસ્તિત્વ ગુમાવવાને પણ દુઃખ દૂર કરવા ઇચ્છે છે. માટે એક દુઃખરૂપ પર્યાયનો અભાવ કરવો, એ જ તેનું કર્તવ્ય છે. હવે દુઃખ ન થાય એ જ સુખ છે, કારણકે આકુળતાલક્ષણસહિત દુઃખ છે. તેનો જે અભાવ થવો, એ જ નિરાકુળતા. લક્ષણસહિત સુખ છે અને એ પણ પ્રત્યક્ષ ભાસે છે કે બાહ્ય કોઈપણ સામગ્રીનો સંયોગ મળતાં જેના અંતરંગમાં આકુળતા છે, તે દુઃખી જ છે તથા

જેને જેને આકુળતા નથી, તે સુખી છે.

આકુળતા થાય છે તે રાગાદિક કષાયભાવ થતાં થાય છે, કારણકે રાગાદિ ભાવો વડે આ જીવ સર્વ દ્રવ્યોને અન્ય પ્રકારે પરિણમાવવા ઇચ્છે છે અને તે સર્વ દ્રવ્યો અન્ય પ્રકારે પરિણમે છે, ત્યારે આને આકુળતા થાય છે અને સહકારી કારણ પણ દૂર થઈ જાય, ત્યારે પ્રગટરૂપ નિરાકુળ દશા ભાસે, ત્યાં કેવળજ્ઞાની ભગવાન અનંત સુખરૂપ દશાને પામે છે. અઘાતિ કર્મોના ઉદયના નિમિત્તથી શરીરાદિકનો સંયોગ થાય છે. મોહકર્મનો ઉદય થતાં શરીરાદિકનો સંયોગ આકુળતાને બાહ્ય સહકારી કારણ છે, અંતરંગ મોહના ઉદયથી રાગાદિક થાય

અને બાહ્ય અઘાતિ કર્મોના ઉદયથી રાગાદિકના કારણરૂપ શરીરાદિકનો સંયોગ થાય, ત્યારે આકુળતા ઉપજે છે. મોહનો ઉદય નાશ થવા છતાં અઘાતિ કર્મોનો ઉદય રહે છે પણ તે આકુળતા ઉપજાવી શકતો નથી, પરન્તુ પૂર્વે આકુળતાને સહકારી કારણરૂપ હતો, માટે એ અઘાતિ કર્મોનો નાશ પણ આત્માને ઇષ્ટ જ છે. કેવળજ્ઞાની ભગવાનને એના હોવા છતાં પણ કાંઈ દુઃખ નથી, માટે તેના નાશનો ઉદ્યમ પણ નથી, પરંતુ મોહનો નાશ થતાં એ સર્વ કર્મો આપોઆપ થોડા જ કાળમાં નાશને પ્રાપ્ત થઈ જાય છે. એ પ્રમાણે સર્વ કર્મોનો નાશ થવો, એ જ આત્માનું હિત છે

અને

સર્વ કર્મોના નાશનું નામ જ 'મોક્ષ' છે.
માટે 'આત્માનું હિત એક મોક્ષ જ છે,
અન્ય કાંઈ નહિ' એવો નિશ્ચય કરવો.

## જૈન ધર્મ

જૈન ધર્મ એટલે જાણવાનો ધર્મ. શું જાણવાનો? અનાદિથી પોતે જ પોષેલા પોતાના સ્વરૂપ વિષેની ભ્રમણા કે ઊંધી માન્યતા છે, તે અને તે ભ્રમણાના

કારણકે થતી પરવસ્તુ પ્રત્યેના ઇષ્ટ - અનિષ્ટપણાની કલ્પના, જેને પોતે જ ટાળવાની છે. તે કલ્પના વિગેરે પોતાના જે દોષોને ટાળવાના છે, તેને જ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રના નામથી ઓળખવામાં આવે છે. તે દોષોને ટાળનારી આત્માનો 'સાધક સ્વભાવ' તે જૈન ધર્મ. તે કોઈ સંપ્રદાય કે વાડો હોઈ શકે નહિ. જેમ કે આત્માનું પોતાનું શુદ્ધ સ્વરૂપ તે જ જૈન ધર્મ છે. આત્માનો સ્વભાવ તેનું નામ જૈન ધર્મ. આત્મા એક અખંડ જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ દ્રવ્ય છે. તેનો એક અખંડ સાધક સ્વભાવ છે. તે સ્વભાવનો આશ્રય લઈને પોતાના દોષો ટાળવા અને સંપૂર્ણ પવિત્રતા પ્રગટાવવા, તે જૈન ધર્મ. સંપૂર્ણ પવિત્રતા એટલે વીતરાગતા અને વીતરાગતા પ્રાપ્ત થાય, તેની સાથે સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે,

કારણકે જીવદ્રવ્યનો તે સ્વભાવ જ છે.

દ્રવ્ય એ અનંત ગુણોનો ત્રિકાળી અખંડ પીંડ છે.

આત્માના સ્વરૂપની યથાર્થ પ્રતીતિ,
યથાર્થ જ્ઞાન અને જ્ઞાનની સ્થિરતારૂપ ચારિત્ર
તે મોક્ષમાર્ગ - પવિત્રતાનો માર્ગ છે.

## સમ્યક્ત્વ

ભૂતાર્થનયથી જાણેલ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ નવતત્ત્વ સમ્યક્ત્વ છે.

અજીવ પાંચ પ્રકારના છે, તેમાંથી એક પુદ્ગલ જીવની વિકારી અવસ્થામાં નિમિત્ત થાય છે. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ એ ૪ તત્ત્વ જીવના વિકારી ભાવો છે.

પુણ્ય તે જીવનો મંદ-વિકારી ભાવ છે.

પાપ તે જીવનો તીવ્ર વિકારી ભાવ છે.

આસ્રવ તે જીવનો પ્રગટ થતો નવો વિકારી ભાવ છે, તેમાં પુણ્ય-પાપ બન્ને સમાઈ જાય છે.

જીવનું વિકારમાં અટકવું તે બંધ છે.

સંવર, નિર્જરા અને મોક્ષ જીવની અવિકારી અવસ્થા છે. નવો વિકાર અટકવો અને અંશે શુદ્ધતા પ્રગટ થવા, તેને 'સંવર' કહે છે. જૂના વિકારો અંશે ટળી જવા, તે 'નિર્જરા' તથા સંપૂર્ણ વિકારથી મુક્ત થવું, તે 'મોક્ષ' છે. આ નવ ભાવોનું સ્વરૂપ આત્માના યથાર્થ જ્ઞાની પાસેથી સાંભળી, તેનું મનન કરી, તેના સ્વરૂપનો યથાર્થ નિર્ણય પોતે કરી, પછી તે નવતત્ત્વનો વિકલ્પ ટાળી પોતાના ધ્રુવ સ્વરૂપ તરફ આત્મા વળતાં

સ્વસ્વરૂપની યથાર્થ પ્રતીતિ = સમ્યગ્દર્શન થાય છે.
સંસાર એટલે આત્માના શુદ્ધસ્વરૂપમાંથી સરી જવું.
તેની જડ મિથ્યાત્વ - તે જ જીવને દુઃખનું કારણ છે.

પરપદાર્થ સુખ - દુઃખના કારણ નથી પણ
જીવ પરને અવલંબી સુખ - દુઃખ કલ્પે છે.

સમ્યગ્દર્શન તે મોક્ષની જડ છે,
તે આત્માની પૂર્ણ પવિત્રતા મેળવી આપે છે.

આત્માના શુદ્ધ ઉપયોગ રૂપ પરિણામને ઘાતવાવાળો ભાવ તે હિંસા છે. પોતાના આત્માનો શુદ્ધોપયોગ તે અહિંસા છે, જે આપણો - આત્માનો પરમ ધર્મ છે. તત્ત્વજ્ઞાનદૃષ્ટિથી અહિંસાનો બીજો અર્થ સંભવતો નથી.

રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું તે અહિંસા અને
રાગાદિ ભાવોની ઉત્પત્તિ તે હિંસા છે.

જીવ સદા સ્વાશ્રય અને પરાશ્રય -
એમ બે પ્રકારના ભાવો કરી શકે છે.

સ્વાશ્રયભાવ તે શુદ્ધ છે અને તે જ ધર્મ છે. પરાશ્રય કે પરાધીનભાવ બે પ્રકારે છે: શુભ-અશુભ. તે બન્ને સંસારના કારણ છે, માટે તે ધર્મ નથી. સ્વાધીનતા જેવું સુખ - પરાધીનતા જેવું દુઃખ નથી.

પરાશ્રિતભાવ તે હંમેશા પરનું આલંબન માગે છે. કોઈને મારવાનો વિચાર થશે, તે પર તરફ લક્ષ આપ્યા વગર થાય નહિ. કોઈને બચાવવાનો કે સગવડ આપવાનો ભાવ પણ પર તરફના વલણ વગર થાય નહિં, માટે તે બન્ને વિકલ્પો છે. હવે તેમાંથી પાપ કે અશુભ ભાવ કરવાની જૈન ધર્મ બધા જીવોને મનાઈ કરે છે.

## મિથ્યાત્વ

સર્વ પાપોથી સ્વસ્વરૂપની ભ્રમણા તે સૌથી મોટું પાપ છે.

તે ટાળ્યા સિવાય કોઈ જીવને ધર્મ થાય નહિ.

પોતાના સ્વરૂપની ભ્રમણાનું જ નામ 'મિથ્યાત્વ' છે.

મિથ્યાત્વ એટલે સ્વ-પર એકત્વનો અભિપ્રાય.

રાગાદિ અને દેહાદિ સાથે એકત્વ-એકપણાની બુદ્ધિ અથવા પોતાના સ્વરૂપનો જૂઠો અભિપ્રાય અથવા જીવની જે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તે માન્યતા તે મિથ્યાત્વ છે.

જીવને મિથ્યાત્વ એટલે ભ્રમણા હોય, ત્યારે તેને નિમિત્ત પણ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર હોય છે.

એનો અર્થ એ નથી કે જેને સાચા નિમિત્ત હોય, તેને સમ્યક્ત્વ હોય જ.

જૈન ધર્મ વીતરાગ પ્રણિત છે. તેનું રહસ્ય એક શબ્દમાં 'વીતરાગતા' છે અને તેનો ઉપાય એક વાક્યમાં જીવના ત્રાયકભાવનું ભાન, શ્રદ્ધાન અને આચરણ-સ્થિરીકરણ છે. વીતરાગતા ગુણ પ્રગટ કર્યો હોય, તે સુદેવ, સુગુરૂ થઈ શકે અને વીતરાગ આપ્તપ્રણિત શાસ્ત્ર તે સુશાસ્ત્ર ગણાય. જૈન શાસન ગુણપૂજાને સ્વીકારે છે. ગુણ ગુણી સિવાય હોય નહિ, તેથી ગુણની પૂજા તે જ શાસ્ત્રને માન્ય છે, વ્યક્તિની પૂજા નહિં.

જૈન શાસ્ત્રો મુજબ બે પ્રકારની કથનપદ્ધતિ

એક વાસ્તવિક કે પરમાર્થ દૃષ્ટિએ.

ખરેખર દૃષ્ટિ એ નિશ્ચય દૃષ્ટિ છે.

બીજું કથન અવસ્થા દૃષ્ટિએ એટલે કે

ભંગભેદ, નિમિત્ત વિગેરેની વ્યવહાર દૃષ્ટિએ કરેલું કથન. જ્યાં વ્યવહાર દૃષ્ટિએ કથન કર્યું હોય, ત્યાં તેનો શબ્દે શબ્દ અર્થ કરવામાં આવે, તો તે ખોટો છે. દા.ત. 'ઈંગ્લાંડ જર્મની સાથે લડે છે' તેનો શબ્દ પ્રમાણે અર્થ કરે, તો ખોટો છે પણ તેનો પરમાર્થ શું છે, તેને સમજી પરમાર્થ અર્થ કરે, તો ખરો છે. ખોટાને ખરો મનાય તો ભ્રમણા ઉભી રહે અને વ્યવહારના વચનોને

'નિશ્ચયના વચનો છે' એવો શબ્દનો અર્થ કરી જાણવાને બદલે તો 'પોતાને શાસ્ત્રનો અભ્યાસ છે' એવો ગર્વ આવ્યા વગર રહે નહિ. જૈન શાસ્ત્રોનો અર્થ કેમ કરવો તેની ખાસ રીત છે. જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનય વાસ્તવિક દૃષ્ટિની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ - એમ જ છે' એમ જાણવું તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે, તેને 'એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે' એમ જાણવું. એ પ્રમાણે જાણવાનું નામ જ બન્ને નયોનું ગ્રહણ છે પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી 'આ પ્રમાણે પણ છે અને આ પ્રમાણે પણ છે' એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બન્ને નયોમાંથી એક પણ નયનું ગ્રહણ થતું નથી, કિન્તુ કેવળ સૌનું અજ્ઞાન જ પોષાય છે.

ખરેખર સ્વરૂપ શું છે, તે જાણવું એ નિશ્ચય. વિકલ્પ, ભેદભંગ, નિમિત્ત, અવસ્થા, બાહ્ય વિગેરે જેમ છે, તેમ તે રૂપે જાણવા, તે વ્યવહાર.

એમ જાણી, પછી વ્યવહાર પરનું લક્ષ છોડી નિશ્ચય ઉપર લક્ષ આપવું. તેવું લક્ષ આપતાં શુદ્ધાવસ્થા પ્રગટે.

કુપિત ભેદલિંગ, વિકલ્પ, નિમિત્ત ઉપર લક્ષ દેતાં વિકલ્પની અવસ્થા પ્રગટે છે. નિમિત્તથી લાભ - હાનિ માનવામાં આવે, તો પ્રતીતિ (દ્રષ્ટિ)નો દોષ આવે છે અને નિમિત્ત ભેદલિંગ છે જ નહિ, અથવા જે જાણીએ,

તેને જ્ઞાનનો દોષ આવે છે.

દર્શન - જ્ઞાન બન્ને દોષરહિત - સમ્યગ્ હોવા જોઈએ. એમ હોય, ત્યારે જ 'જીવનું ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ છું' તે ઉપર લક્ષ તથા વલણ રહ્યા કરે છે અને

તેથી સમ્યક્ ચારિત્ર પ્રગટે છે.

જૈન શાસ્ત્રોમાં જીવ, જીવની વિકલ્પની અવસ્થા, અવિકલ્પની અવસ્થા, કર્મોની સાથે નિમિત્ત - નૈમિત્તિક સંબંધ, અજીવ વિગેરે વૈજ્ઞાનિક રીતે સિદ્ધ કર્યું છે. જૈનદર્શન તે કર્મવાદી જ નહિ પણ આત્મવાદી દર્શન છે.

જુવાન, વૃદ્ધ, શૂરવીર, પંડિત, શ્રેષ્ઠ, દિગંબર, બૌદ્ધ, આચાર્ય, શ્વેતાંબર વિગેરે શરીરના ભેદોને મૂર્ખ પોતાના માને છે પણ એ ભેદ જીવના નથી. જીવ બૌદ્ધ નથી, દિગંબર - શ્વેતાંબર નથી, એકદંડી કે ત્રિદંડી નથી, હંસ - પરમહંસ નથી, જટાધારી કે મુંડિત નથી, રુદ્રાક્ષની માળા કે તિલક/કુલક/ઘોષ વિગેરે વેશમાંથી

કોઈ વેશધારી નથી. તે એક જ્ઞાનસ્વરૂપ છે.
જૈન બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર નથી.
તે પુરુષ - સ્ત્રી કે નપુંસક નથી.
તે જ્ઞાનસ્વરૂપ લોકાલોક સમસ્ત વસ્તુનો જાણકાર છે.
આમ જૈનધર્મનો અર્થ, જૈનતત્ત્વ સંક્ષેપ, જૈન શાસ્ત્રોની કથનપદ્ધતિ, જૈનદર્શનની અનાદિ - અનંતતા, સૌરાષ્ટ્રનો જૈનધર્મ પ્રત્યેનો ફાળો - પાંચ મુખ્ય વસ્તુનું વર્ણન થયું.

## ટૂંકમાં - જૈનધર્મ

કોઈ વ્યક્તિના કથન તે કોઈ પુસ્તક, પયગંબર અથવા વિશિષ્ટ વ્યક્તિ ઉપર નિર્ભર નથી. તે તો સત્યનો અખંડ ભંડાર છે, વિશ્વનો ધર્મ છે. અનુભવ તેનો આધાર છે, યુક્તિવાદ તેનો આત્મા છે. જૈનધર્મને કાળની મર્યાદામાં કેદ કરી શકાય નહિ. પદાર્થોના સ્વરૂપનો તે પ્રદર્શક છે. ત્રિકાળ અબાધિત સત્યરૂપ છે. વસ્તુઓ અનાદિ - અનંત છે, તેથી તેનું સ્વરૂપ પ્રકાશક તત્ત્વજ્ઞાન પણ અનાદિ - અનંત છે અને તે તત્ત્વજ્ઞાનના લક્ષે થતું આચરણ પણ અનાદિ - અનંત છે.

પરભાવને ન માને તે જૈન.

પરાધીનને સ્વપ્ને ય સુખ નથી. જે પરથી ભલું-

જુદું માની રહ્યો છે, તે આત્માના સ્વતંત્ર સ્વભાવની હિંસા કરી રહ્યો છે. તેને આત્માની સ્વતંત્રતાનો ભરોસો નથી. જો ભરોસો હોય તો ધ્યાન રહેવો જ જોઈએ કે:

'હું અનાદિ - અનંત સ્વતંત્ર વસ્તુ છું.

પરાધીનતા મારા સ્વભાવમાં નથી!

'કંઈક પરની મદદ' એટલી પણ ઊંધી માન્યતા ચોરાશીના જન્મ-મરણના ચકરાવામાં અનંતકાળ સુધી

ભટકાવી - ભટકાવીને રખડાવી મારનાર છે.

પુદ્ગલના એક કણિયાને પણ ઇચ્છે, તે મિથ્યાદૃષ્ટિ છે. અજ્ઞાન મિથુનક્રિયા - સંયોગીભાવને પોતાનું સ્વરૂપ માની તેમાં જ રમણતા કરવી, તે જ મિથ્યાત્વ છે.

> જે પરની ચીજ છે, તેને સ્વભાવની માનવી,
> તે જ અનંતા જન્મ-મરણનું કારણ છે.

પર તરફના વિષય - સંયોગી ભાવમાં જે તીવ્ર આસક્તિ વડે સુખ માની રહ્યા છે, તેને જરૂર તત્ત્વ

અસંયોગી સ્વભાવ ધ્યાનમાં આવશે નહિ.

અનશનાદિ બાહ્ય તપ એ યોગનિરોધનો જેવી રીતે હેતુ થાય છે, તેવી રીતે અભ્યંતર તપ થઈ શકે નહિ.

## ઊંધી માન્યતાનું લક્ષણ

જે તત્ત્વોને એક બીજા એક તત્ત્વને લાભ ચાલવથી લાભ - હાનિ થતી માનવા અને આવા માન્યતા હોય, ત્યાં સુધી તેને અસંયોગી તત્ત્વના સ્વતંત્ર ગુણસ્વભાવનું જ્ઞાન કે શ્રદ્ધાન હોતું નથી.

## સત્દેવ, સત્ગુરુ, સત્શાસ્ત્ર અને ધર્મ

સત્દેવ: આત્માની પ્રગટ ત્રિકાળ પરમાત્મ પ્રભુદિશા.
સત્ગુરુ: જે આત્મભાનસહિત નિર્ગ્રંથ દશાવાન છે, તે.
સત્શાસ્ત્ર: પ્રત્યેક આત્માની સ્વતંત્રતા - સ્વાધીનતા તથા અનંતગુણોની પ્રભુતાની જે શાસ્ત્રમાં પ્રરૂપણા હોય, તે.
ધર્મ: આત્માનું સ્વરૂપ જેમ છે, તેમ જ યથાર્થ માને. મારા આત્મામાં જ મારી લાભ છે. સત્દેવ - ગુરુ - શાસ્ત્ર પણ પર ચીજ છે, એવી પ્રતીતિ તે ધર્મ.

એક મ્યાનમાં જેમ બે તલવાર ન રહે, તેમ સ્વરૂપની શ્રદ્ધા હોય અને પુણ્યની રુચિ પણ હોય, એમ બને નહિ. પુણ્યની જેટલા અંશે રુચિ, તેટલા અંશે સ્વરૂપના સ્વભાવની, સામર્થ્યની અશ્રદ્ધા. સાચી શ્રદ્ધા થયા પછી શું કરવું, તેનો સંદેહ ન રહે. હું પરથી નિરાળો, જ્ઞાતા, શુદ્ધાત્મ સ્વરૂપ અને

## ધર્મના સાધન

| ક્રિયાવિશુદ્ધિ | યથાર્થ જ્ઞાન |
| --- | --- |
| (૧) સંસારના અશુભ નિમિત્તો પ્રત્યે આસક્તિની મંદતા.<br>(૨) વૈરાગ્યનો રંગ<br>(૩) કષાયની મંદતા<br>(૪) દેવ-ગુરૂની ભક્તિ<br>(૫) સત્સંગની રૂચિ<br>ક્રિયાવિશુદ્ધિ જો નિશ્ચયના ભાન સહિત હોય, તો બાહ્ય વ્યવહાર એ સાધન છે. | (૧) મારો સ્વભાવ નિરપેક્ષ, બંધ - મોક્ષના ભેદરહિત, સ્વતંત્ર, પરનિમિત્તના આશ્રયરહિત છે, એ સ્વભાવના જોરે જ આત્માની શુદ્ધતા પ્રગટે છે. અખંડ અભેદ અને નિરપેક્ષ સ્વભાવની નિશ્ચય શ્રદ્ધા થવી, તે યથાર્થજ્ઞાન અથવા નિશ્ચય સાધન કહેવાય છે. |

'પુણ્ય-પાપનો કોઈ વિકલ્પ મારા સ્વભાવમાં નથી' એવા ભાન વિના પુણ્ય-પાપનો ત્યાગ ખરેખર અંતરથી આવશે નહિ અને અંતરના ત્યાગ વિના સાચો સહજ બાહ્યત્યાગ પણ સાધકમાં આવશે નહિ.

પુણ્ય-પાપથી રહિત છું, એવા ભાનસહિત આત્માની પ્રતીત તે સમ્યગ્દર્શન છે. તે પ્રગટ્યા પછી જ ક્રમે કરીને વીતરાગતા ઉત્પન્ન થાય છે.

ત્યાગ = જે પોતાના સ્વભાવમાં નહિ, તેને છોડવું તે.
સ્વવશપણે ત્યાગ કરે, તેનો ત્યાગ સાચો ત્યાગ છે. પરવશપણે ત્યાગ કરે, તેનો ત્યાગ કાયકષ્ટ કે અંતરાયનો ઉદય છે. 'સ્વવશ'નો અર્થ આત્મસ્વભાવને વશ - સ્વભાવને જાણી સદ્દહીને ત્યાગ થાય તે. 'પરવશપણે' એટલે આત્મભાનરહિતપણે. આત્માનું સ્વતંત્ર સ્વરૂપ જાણ્યા-સમજ્યા કે સદ્દહ્યા વિના જે ત્યાગ થાય, તે શુભ-ભાવથી પણ હોય છે અને અશુભભાવથી પણ હોય છે. ક્રોધ, લોભ આદિ ભાવથી ત્યાગ તે અશુભભાવ છે અને ક્ષમા, સંતોષ આદિ ભાવથી ત્યાગ તે શુભભાવ છે. બન્નેમાંથી એકેપણ આત્મસ્વભાવને પ્રગટ કરનાર નહિ પણ પરવશપણે હોવાના કારણે પુણ્ય - પાપના કારણ હોઈ જ્ઞાન વિના આત્માના નિજ ગુણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, સાચી માન્યતા, સમ્યક્જ્ઞાન અને સાચી સ્થિરતાના પ્રતિપક્ષી છે, તેથી તેવો ત્યાગ આદરણીય નહિ.
આદરણીય તો માત્ર અને માત્ર સ્વવશતા છે.

## શ્રદ્ધા

પરિપૂર્ણની શ્રદ્ધા વિના વીતરાગતા આવે ક્યાંથી? આત્માને અનંતકાળથી યથાર્થપણે માન્યો જ નહિ.

માત્ર વિકલ્પની અવસ્થાને અને રાગાદિને અશુદ્ધરૂપે માન્યા છે પણ પરિપૂર્ણ સ્વરૂપને માન્યું નથી. પરિપૂર્ણ સ્વરૂપની શ્રદ્ધા પ્રગટ્યા વિના ધર્મની ગંધ પણ હોઈ શકે નહિ. અખંડ પરિપૂર્ણની શ્રદ્ધા વગર વ્રત કે મહાવ્રત પણ સાચા હોય નહિ. જેને પરિપૂર્ણ સ્વભાવની શ્રદ્ધા જ નથી, તેને પરિપૂર્ણની રુચિ કેમ હોઈ શકે? અને રુચિ વિના વીર્ય ક્યાંથી હોય? પરિપૂર્ણ આત્મસ્વભાવની શ્રદ્ધા અને પ્રતીત વગર પરિપૂર્ણ માટેનો પુરુષાર્થ હોઈ શકે નહિ. 'હું જ્ઞાનાદિ અનંત ગુણોથી પરિપૂર્ણ છું, વિકલ્પ તે મારું સ્વરૂપ નથી' આમ જ્યાં સુધી ખરેખરું સ્વરૂપ ન માને, ત્યાં સુધી ધર્મની શરૂઆત પણ નથી. અગિયાર અંગનું જ્ઞાન મેળવ્યું પણ શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય, તે જ્ઞાન ફળ્યું નહિ.

## દાન - લાભ

એક સમયમાં સ્વરૂપદાન - અરાગીભાવનું દાન હું મને કરી શકું છું. સ્વરૂપનું પૂર્ણ દાન પર્યાયમાં લઈ શકું છું, તે લાભ છે અને પૂર્ણ શક્તિનું દાન હું મારા પર્યાયને કરી શકું છું, તે દાન છે.

આત્મામાં પૂર્ણ દાનશક્તિ ભરી છે અને તે જ દાનનો લાભ પર્યાયમાં લેવાની મારી જ શક્તિ છે. પરિપૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ કરી લઉં, એવો દાન અને લાભનો એક ક્ષણમાં પરિપૂર્ણ સ્વભાવ છે. એવો સ્વભાવ જેણે માન્યો નહિ અને જેણે ઉણો-અધૂરો સ્વભાવ માન્યો, તેણે આત્માને જ માન્યો નહિ અને આત્માને માન્યા વિના એકપણ નિર્મળ પર્યાય ન ઉઘડે. પૈસા વિગેરેનો રાગ રાખીને અરાગી સ્વભાવ ન પ્રગટે.

'પોતાનું સ્વરૂપ સંપૂર્ણ અરાગી છે'
તેની શ્રદ્ધા થતાં જે નિર્મળ પર્યાય ઉઘડે છે,
તે જ દાન અને તે જ ખરો લાભ.

'જ્ઞાનાદિની ઉણી અવસ્થાએ રહિત છું' એમ એકલો પરિપૂર્ણ સ્વભાવ ન માને, ત્યાં સુધી આત્માને માન્યો નહિ. આવા પરિપૂર્ણ સ્વભાવનું ભાન થયા પછી એકપણ વિકલ્પનો પોતે કર્તા થાય નહિ, એવા માનતા પછી સ્વભાવની સ્થિરતા સહિત આગળ વધે અને કષાયની ઓછપ થઈને વિશેષ સ્થિરતા થાય, ત્યારે પાંચમી - છઠ્ઠી આદિ ભૂમિકા આવે છે.

સ્વવશ એટલે જ્ઞાન - દર્શન - ચારિત્રને વશ.

પરવશ એટલે આત્મા, આસક્ત અનાત્મભાવને વશ.

સ્વવશપણે થતાં તપ-જપ સ્વરૂપ છે.

પરવશપણે થતાં તપ-જપ પુણ્યાદિનું કારણ છે, તો પણ ભવનો અંત કરવા તો સમર્થ નથી જ.

## નિશ્ચય દ્રષ્ટિ

તત્ત્વદ્રષ્ટિમાં આત્મા ત્રિકાળ એક શુદ્ધરૂપ જ છે, તેમાં કાળ કે બીજું કાંઈપણ લાગુ પડે તેમ નથી. એક સમય પૂરતી વિકારી અવસ્થા પાછળ તે જ સમયે એક સમયમાં અખંડ પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવ સ્વભાવ ભર્યો છે. આ રીતે વસ્તુપર્યાય એક સમયમાં પરિપૂર્ણ છે. દરેક સમયે દ્રવ્ય અખંડ-ધ્રુવ છે, તેમાં પરાશ્રિત એક સમય પૂરતી વિકારી અવસ્થા અને તે સિવાય તે જ સમયે અખંડ પરિપૂર્ણ શુદ્ધ સ્વભાવ, એ બન્ને થઈને આખું દ્રવ્ય છે. વસ્તુનો સ્વભાવ કદી વિકારી થતો નથી-માત્ર પર્યાય વિકારી થાય છે. સંસારમાં અનંત આત્માઓ છે. દરેક આત્મા એક સમય પૂરતી વિકારી અવસ્થા સિવાય તે જ સમયે પરિપૂર્ણ અખંડ શુદ્ધ સ્વભાવ છે. વિકારી એક સમય પૂરતો પર્યાય તે સંસાર છે.

'તે વિકારી અવસ્થા હું નહિ' : 'પરિપૂર્ણ આત્માનો સ્વભાવ તે જ હું' એવી દૃષ્ટિ તે મોક્ષમાર્ગ તથા પૂર્ણ શુદ્ધ આત્માના પર્યાયનું પ્રગટપણું તે મોક્ષ છે.

## પંડિત ટોડરમલ્લની તલ્લીનતા

૧૮-૧૯મા સદીમાં થયેલ દિગંબર પંડિત ટોડરમલ્લે ૮ વર્ષની ઉંમરે પ્રખર બુદ્ધિ દ્વારા લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમને તત્ત્વાર્થ સૂત્ર આદિ ગ્રન્થો સાંભળવા માત્રથી તરત કંઠસ્થ થઈ ગયા હતા. તેમણે ગોમટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર, ત્રિલોકસાર, આત્માનુશાસનાદિની ભાષા - ટીકાઓ તથા મોક્ષમાર્ગ પ્રકાશક નામનો સ્વતંત્ર ગ્રન્થ રચ્યો હતો. ૬ મહિનામાં જ સિદ્ધાંત કૌમુદી જેવા કઠણ વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો. તેમણે સમયસાર, પંચાસ્તિકાય, પ્રવચનસાર, નિયમસાર, ગોમટ્ટસાર, તત્ત્વાર્થ, અષ્ટપાહુડ, આત્માનુશાસન, પદ્મનંદિ, પંચવિંશતિકા શ્રાવક-મુનિધર્મપ્રરૂપક તથા કથાપુરાણાદિ ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. ૨૮ વર્ષની લઘુવયે તેમનો દેહાંત થયેલ. તેમની માતાએ ૬ મહીના સુધી અલૂણું ભોજન જમાડેલ, છતાં તેઓને તેની ખબર પણ પડી નહોતી, એવી તેઓની તલ્લીનતા ગ્રન્થોની રચનામાં હતી.

## જિનબિંબ દર્શન

જિનપ્રતિમા એ ધ્યાનનું કાર્ય અને સ્વરૂપનું કારણ છે. તેનાથી વિમુખ રહેનારા જીવો વીતરાગના શાસ્ત્રોને વિરાધે છે. વળી કેટલાક તો સમૂળગા ખંડે છે. જિનબિંબ દર્શન આદિકથી સ્વ-પર ભેદવિજ્ઞાન થાય છે, કષાય મંદ થઈ શાંતભાવ થાય છે, વીતરાગતાનો નિર્ણય થાય છે તથા એક ધર્મોપદેશ સિવાય અન્ય પરમાર્થના હિતની સિદ્ધિ, જેમ તીર્થંકર કેવળીના દર્શનાદિકથી થાય છે, તેમ જ અહીં પણ થાય છે.

## જિન આગમ

જિન આગમ સ્યાદ્વાદના ચિહ્ન દ્વારા ઓળખાય છે. ન્યાયમાર્ગ અવિરૂદ્ધ છે, માટે પ્રામાણિક છે. જીવોને તત્ત્વ-જ્ઞાનનું કારણ છે, માટે પરમ ઉપકારી છે. જિનચૈત્યાદિ અને ચતુર્વિધ સંઘરૂપી દ્રવ્ય કલ્યાણક ભૂમિ આદિ તીર્થભૂમિરૂપ ક્ષેત્ર, કલ્યાણક તિથિ, પર્વ દિવસાદિ કાળ તથા રત્નત્રયાદિ ભાવ વંદનીય - ઇષ્ટ - ઇષ્ટસિદ્ધિનો હેતુ છે.

## અરિહંત ભક્તિ

કષાય વિના બાહ્ય સામગ્રી કાંઈ સુખ-દુઃખની દાતા નથી. કષાય તે સર્વ આકુળતામય છે, તેથી ઇંદ્રિયજનિત

સુખોની ઇચ્છા કે દુઃખોનો ડર એ ભય છે.

સંક્લેશ વડે તીવ્ર બંધ, વિશુદ્ધિ વડે મંદ બંધ,
શુદ્ધ પરિણામ વડે અબંધ થાય છે.

વિશુદ્ધ પરિણામ પ્રબળ હોય, તો પૂર્વના તીવ્ર બંધને મંદ કરે છે અથવા નષ્ટ કરે છે અથવા પુણ્ય પ્રકૃતિ રૂપે પરિણમાવે છે. પરમેષ્ઠિ સ્તુતિ આદિ રૂપ શુભ-ભાવ કષાયની મંદતાપૂર્વક હોય છે, માટે તે વિશુદ્ધ પરિણામ કહેવાય છે. તે સમસ્ત કષાયભાવ મટાડવાનું સાધન છે, તેથી શુદ્ધ પરિણામનું કારણ પણ ગણાય છે. જેટલા અંશે ઘાતીકર્મ હીન થવાય, તેટલા અંશે વીતરાગતા પ્રગટે છે. પૌદ્ગલિક લાભ માટે અરિહંત ભક્તિમાં કષાયની તીવ્રતા હોવાથી પાપબંધ થાય છે.

મોક્ષમાર્ગ

જેને અન્યથા જાણવાથી જીવનું બુરું થાય, એવાં દેવ-ગુરુ-ધર્માદિક વા જીવાદિક તત્ત્વોને તો શ્રદ્ધાળુ જૈની અન્યથા જાણે જ નહિ, કેમકે એનું તો જૈન આગમોમાં પ્રસિદ્ધ કથન છે. કોઈ સૂક્ષ્મ અર્થમાં ભ્રમથી અન્યથા જાણે તો પણ જિનાજ્ઞાના રાગથી જીવનું બુરું ન થાય. વળી જિનાજ્ઞાભંગના ભયવાળાનો, સૂક્ષ્મ તત્ત્વવિષયક

એમ તીવ્ર કષાયનું કારણ ન હોવાથી મોક્ષબાધક નથી.

મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ જ છે.

જે શાસ્ત્રોમાં રાગ-દ્વેષ-મોહનો નિષેધ કરી વીતરાગ ભાવ પ્રગટાવવાનું પ્રયોજન હોય, તે જ શાસ્ત્રો મોક્ષ-માર્ગ પ્રકાશક છે, તેથી આદરપૂર્વક સાંભળવા યોગ્ય છે.

શૃંગાર - ભોગ - કુતૂહલાદિ રાગભાવ, હિંસા - યુદ્ધ - કલહાદિ દ્વેષભાવ અને અતત્ત્વ શ્રદ્ધાનાદિ મોહભાવનું પ્રયોજન જેમાં પ્રગટ હોય, તે શાસ્ત્ર કુશાસ્ત્ર છે. તે શસ્ત્ર, વિષ, અગ્નિથી પણ ભયંકર છે, તેથી ત્યાજ્ય છે, જીવ સ્વભાવના ઘાતક છે, વિભાવના પોષક છે.

સાક્ષાત્ કે પરંપરાએ વીતરાગભાવને પોષે,

તે જ શાસ્ત્રો અભ્યાસ કરવા યોગ્ય છે.

આત્મજ્ઞાની જ સાચો વક્તા થવા યોગ્ય છે.

આત્મજ્ઞાન શૂન્યનું આગમજ્ઞાન, તત્ત્વનું શ્રદ્ધાન તથા સંયમભાવ વિફળ છે, કાર્યકારી નથી. પરમાર્થ જાણ્યા વિના શબ્દ અને અર્થનું જ્ઞાન કણ છોડીને ફુસ ખાંડવા બરાબર છે. ચૌદ વિદ્યામાં પ્રધાન વિદ્યા અધ્યાત્મ વિદ્યા છે. દુઃખ દૂર કરવાનું પ્રયોજન શાસ્ત્ર સાંભળવાથી સિદ્ધ થાય છે, એમ જાણી જે પ્રીતિપૂર્વક શાસ્ત્ર

સાંભળે, તે જ શ્રોતા અધિકારી છે. જે પૂછે છે, અંતરંગમાં વારંવાર વિચારે છે, વિચારીને સત્ય અર્થનો નિશ્ચય કરે છે, નિશ્ચય કરી કર્તવ્યકર્મમાં ઉદ્યમી થાય છે, તે સાચો શ્રોતા છે. તે ધર્મબુદ્ધિપૂર્વક લોકનિંદ્ય કાર્યનો ત્યાગી અવશ્ય હોવો જોઈએ. જ્ઞાનની મંદતાદિ જેથી વિશેષ સમજ શકતા નહિ પણ શાસ્ત્ર સાંભળવાદિ 'આમારૂં ભલું થશે' એવી બુદ્ધિથી સાંભળે છે, તેમને પુણ્ય-બંધ થાય છે પણ આત્માનું વિશેષ કાર્ય તો તેઓને પણ કદાપિ સિદ્ધ થતું નહિ.

## વિષય - કષાય

સ્વવિષયનું લક્ષ ચૂકીને પરમાં લક્ષ જવું, તે જ વિષય છે. જ્ઞાનની એકતા આત્મા સાથે કરવાને બદલે પરવસ્તુમાં જ્ઞાનની એકતા થઈ, તે જ વિષય છે. રાગ અને રાગનું નિમિત્ત પરવસ્તુ. તે બંનેને એક કરીને તેને 'ઇંદ્રિયનો વિષય' કહીને આત્માથી જુદાં કહ્યા છે.

o

*A wise man learns from his experience: A wiser man learns from the experience of others.*

*- chinese proverb*

| અધમ - મિશ્ર - ઉત્તમ : શ્રોતાઓના લક્ષણ: | | મહાન - ઉત્તમોત્તમ : શ્રોતાઓના લક્ષણ: |
|---|---|---|
| (૧) પાષાણ સમાન | અધમ | (૧) નેત્ર સમાન |
| (૨) ફૂટેલા ઘટ સમાન | | (૨) દર્પણ સમાન |
| (૩) મેંઢા સમાન | | (૩) તુલા સમાન |
| (૪) ઘોડા સમાન | | (૪) કસોટી સમાન |
| (૫) ચાળણી સમાન | | |
| (૬) મસક સમાન | | |
| (૭) સર્પ સમાન | | |
| (૮) પાડા સમાન | | |
| (૯) બીલાડા સમાન | | |
| (૧૦) બગલા સમાન | | |
| (૧૧) પોપટ સમાન | મિશ્ર | |
| (૧૨) માટી - લાળ સમાન | | |
| (૧૩) ડાંસ સમાન | | |
| (૧૪) જળો સમાન | | |
| (૧૫) ગાય સમાન | ઉત્તમ | |
| (૧૬) બકરી સમાન | | |
| (૧૭) હંસ સમાન | | |

# જિનશાસન

જેણે પોતાનો નિજ, સ્વાધીન સ્વભાવ જાણ્યો, તેણે વીતરાગ પરમાત્માને જાણ્યા, તેમનો ઉપદેશ જાણ્યો ઉપરાંત જાણવા યોગ્ય શું તે પણ જાણ્યું. જિન = જીતવું. કોને જીતવું? રાગ-દ્વેષ - અજ્ઞાનને. જીતીને 'પરાશ્રયરહિત જ્ઞાનસ્વભાવ સ્વતંત્ર છે' એમ જાણીને તેની શ્રદ્ધા કરવી, તે જ રાગ-દ્વેષ, મોહ અને પાંચ ઇંદ્રિયના વિષયોની વૃત્તિનું જીતવું થયું. એ જીતવાનો ઉપદેશ આપનાર તે જિન કે વીતરાગશાસન. વીતરાગનો ઉપદેશ = સ્વતંત્ર સ્વભાવની જાહેરાત. ધર્મ = સ્વતંત્ર સ્વભાવ તે જ ધર્મ. પરતંત્રપણે, પરવશે, પરાધીન દૃષ્ટિએ અને નિમિત્તાધીન ભાવે ગમે તેટલા ઉચ્ચ કોટીના શુભભાવ હોય, તો પણ તે ધર્મ નથી, વિકાર છે, ધર્મથી વિરોધીભાવ છે. માટે ગુણકર નથી, ભેદ છે, પ્રતિબંધક છે. તે કથણી વ્યવહાર-આરોપ - નિમિત્ત - ઉપચાર - પરમાર્થનું જ્ઞાન કરાવવા માટે જે રાગાદિ કે દેહાદિ પરભાવોમાં અટકે છે, ઠીક-અઠીકપણાની કલ્પના કરે છે, 'હું તેને ઠીક કરી શકું છું,' 'તે મને ઠીક કરી શકે છે' એમ જે માને છે, તે જ્ઞાનમાં

એકભાવને જ જ્ઞાનસ્વરૂપ માની લઈને મિથ્યાદૃષ્ટિ જીવે છે. 'જ્ઞાન પોતે જ અન્ય એક પર છે' એવું ભેદજ્ઞાન જેને છે, તે રાગાદિ ભાવોમાં અટકતો નથી.

મૂળ ધર્મ વીતરાગભાવ છે.

સમ્યગ્દર્શન આવ્યા પહેલાં કે પછી શુભભાવરૂપ વ્યવહાર આવે ખરો. વ્યવહારને ઓળંગ્યા વિના સાચું પરમાર્થમાં પહોંચી ન જવાય પણ તે વ્યવહારથી ગુણ ઉઘડે નહિ, ગુણ તો નિશ્ચયથી જ ઉઘડે. નીચલી દશામાં એટલી શુદ્ધતા ન હોય. વ્યવહાર આવે ખરો પણ તેનાથી ગુણ માનવામાં મોટો દોષ છે. ઉગમણી-આથમણી ફેર છે. કેવળ કાયાની ક્રિયા અને કેવળ વાચાનું જ્ઞાન, એ બન્ને મોક્ષમાર્ગમાં નિષ્ફળ છે. ક્રિયા જ્ઞાનપૂર્વક કે જ્ઞાનરૂપે જોઈએ. જ્ઞાન ક્રિયાપૂર્વક કે ક્રિયાના રૂપમાં હોવું જોઈએ. તો જ બન્ને સફળ થાય છે. અન્યથા એક ક્રિયાજડ છે, બીજો શુષ્કજ્ઞાની છે. એક મતાર્થી છે, એક માનાર્થી છે. જ્યાં જ્યાં જે જે સમજવું ઘટે, તે સમજે અથવા સમજવાની કામના રાખે. જ્યાં જ્યાં જે આચરવાનું હોય, તે આચરે અથવા તો આચરવાની કામના રાખે. દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ.

## ઉપાદાન - નિમિત્ત

ઉપાદાન એટલે નિશ્ચય. નિમિત્ત એટલે વ્યવહાર. આ નિશ્ચય એટલે ઉપાદાન, વ્યવહાર એટલે નિમિત્ત. જ્યાં ઉપાદાન એટલે નિશ્ચય હોય, ત્યાં નિમિત્ત એટલે વ્યવહાર હોય જ છે. વ્યવહાર અનિર્વચનીય છે.

નિમિત્તથી ઉપદેશ દેવાની રીત છે.

જેમ જીવ જે દશામાં વસે, તે દશાનો વેશ પહેરે છે. દશા મુજબ વેશ છે પણ વેશ મુજબ દશા નહિ.

ઉપાદાન = વસ્તુની સહજ શક્તિ. નિમિત્ત = સંયોગરૂપ કારણ. ઉપાદાન પોતે પોતાથી પોતામાં કાર્ય કરે છે, ત્યાં નિમિત્ત હાજરરૂપ હોય છે પણ તે ઉપાદાનને કાંઈ મદદ કે અસર કરી શકે એમ નહિ. જ્ઞાન, શ્રદ્ધાન, ચારિત્રગુણ અનાદિ-અનંત છે. સમ્યક્ અને મિથ્યા તેના પર્યાયો છે. જ્ઞાનનો વિષય નિમિત્ત, શ્રદ્ધાનો વિષય ઉપાદાન અને ચારિત્રનો વિષય નિમિત્તનો નકાર અને ઉપાદાનનો હકાર. તત્પૂર્વક સ્વરૂપરમણ-સ્વસ્વરૂપ આચરણ. દ્રવ્યદૃષ્ટિ એટલે તત્ત્વદૃષ્ટિ, પરમાર્થ દૃષ્ટિ, વસ્તુદૃષ્ટિ. દ્રવ્યાર્થિકનય તે અનંતગુણ પર્યાયોથી અભેદ દ્રવ્યને લક્ષમાં લે છે.

## જૈન

જૈન એટલે જીતનાર. ઉણપ અને વિકારની અવસ્થાને અખંડ દ્રવ્યના આશ્રયે જીતે, તે જૈન.

અખંડ દ્રવ્યની શ્રદ્ધા વગર જૈનપણું હોય નહિ.

પર્યાયને બધા માને છે, દ્રવ્યને જ્ઞાની જ માને છે.

## એષણાના ભેદ

ગ્રહણૈષણા : ગોચરચર્યા-માધુકરી-અસાત ઉંછ-મેષવત્-જલૌકાવત્-સર્પવત્-ઇષુવત્-ગોલકવત્.

ગ્રાસૈષણા : વ્રણલેપ - અક્ષોપાંગલેપ - પુત્રપલવત્ - વનોદકવત્.

## શુદ્ધતા

પરમાં એકાકાર અવસ્થાને પલટીને સ્વમાં એકાકાર કરે, તો અશુદ્ધતા ટળે અને શુદ્ધતા પ્રગટે.

સ્વ તરફ વળતાં નિર્મળ પર્યાય ઉઘડે છે.

એકરૂપ નિર્મળ સ્વભાવ એટલે સામાન્ય ધર્મ, તેને લક્ષ્યમાં લેવો, તે દ્રવ્યદૃષ્ટિ અને તે જ સમ્યગ્દર્શન.

## પુરુષાર્થની સ્વતંત્રતા

જે જીવે પરદ્રવ્યને રાગનું કારણ માન્યું, તે જીવના અભિપ્રાયમાં ત્રિકાળ અનંતરાગ આવ્યો.

'પરવસ્તુ અનંત તથા ત્રિકાળ છે. તેને રાગનું કારણ માને, તો અનંત પરવસ્તુને દેખીને અનંતરાગ થાય' એમ માન્યતામાં આવ્યું. 'પરવસ્તુ મને રાગ કરાવે એમાં તો અનંત પરને જાણતાં અનંતરાગ કરવાનો જીવનો સ્વભાવ છે' એમ માન્યું, એટલે અનંતા રાગ-દ્વેષના નિમિત્ત મળતાં અનંતા રાગ-દ્વેષ થાય. એમ તે ઊંધી માન્યતામાં અનંતાનુબંધી રાગ આવ્યો, તેથી પરને રાગાદિનું કારણ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. જે જીવો પરદ્રવ્યના કારણે રાગાદિ માનતાં નથી તેમ જ 'પોતાના સ્વભાવમાં રાગાદિ નથી' એમ જાણે છે, તેમના અભિપ્રાયમાં જરા પણ રાગ રહેતો નથી. તે જીવો સમ્યગ્દ્રષ્ટિ - સમ્યગ્જ્ઞાની છે. 'પર મને રાગ કરાવે' તે માન્યતામાં પોતાના પુરૂષાર્થની સ્વતંત્રતા રહી નહિ. 'વર્તમાન અવસ્થામાં રાગ છે, તે મારી ભૂમિકાની કચાશના કારણે છે પણ તે મારા ત્રિકાળ સ્વભાવમાં નથી.' આ માન્યતામાં પોતાના પુરૂષાર્થની સ્વતંત્રતા રહી નહિ. પુરૂષાર્થની સ્વતંત્રતા રાખી, એટલે પોતાને અશુદ્ધ કે શુદ્ધ કરવાની પોતા સિવાય બીજા કોઈની તાકાત નથી. શ્રી જિનેશ્વરોનું એ જ કથન છે.

## સંસાર

પરવસ્તુ તે સંસાર નહિ, પરન્તુ
આત્માનો વિકલ્પભાવ તે સંસાર છે.
'રાગાદિ મારા'
એવી ઊંધી શ્રદ્ધા તે સંસાર છે.
લાભ - નુકસાન પર વસ્તુમાં નહિ,
કિન્તુ પોતાની વર્તમાન માન્યતામાં છે.
'અવસ્થામાં વિકલ્પ છે'
એ રીતે જાણવું તે દોષ નહિ,
પરન્તુ
'વિકલ્પ મારું સ્વરૂપ છે' એમ માનવું તે દોષ છે.
જો ચાલુ અવસ્થામાં વિકલ્પ ન હોય,
તો પરમાનંદ દશા પ્રગટ હોય અને
જો અવસ્થાનો વિકલ્પ વસ્તુના સ્વરૂપમાં હોય,
તો વિકલ્પ કદી ટળે નહિ.
એ રીતે ત્રિકાળી વસ્તુ અને વર્તમાન અવસ્થા જેમ
છે તેમ જાણવા, તે પ્રમાણજ્ઞાન છે. નયોનું જ્ઞાન
કેવળ ભેદનું જ લક્ષ રાખવા માટે નહિ પણ ભેદરહિત
અભેદસ્વરૂપ છે, તે તરફ લક્ષ કરવા માટે કહેલું છે.

# ઊંધો પુરુષાર્થ

ઊંધો પુરુષાર્થ એટલે પરમાં
સ્વપણાની માન્યતાથી જ્ઞાન - દર્શન - ચારિત્રનું થતું
રાગ-દ્વેષનું અનંત વિકલ્પી પરિણમન.

(૧) 'પરવસ્તુ મને રાગાદિક કરાવે'
તે માન્યતા મિથ્યાદૃષ્ટિની છે.

(૨) 'સ્વભાવમાંથી રાગાદિ આવે છે'
એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

(3) 'મારો સ્વભાવ વીતરાગ હોવા છતાં
અવસ્થામાં હજુ પૂર્ણ વીતરાગતા નથી,
અવસ્થામાં રાગાદિ થાય છે, તે મારો સ્વભાવ નથી,
તે પરના લક્ષે થાય છે પણ પર મને કરાવતા નથી.'
આવું જેને ભાન છે, તે સમ્યગ્દૃષ્ટિ છે.

(૪) વસ્તુ સ્વભાવમાં રાગ-દ્વેષ છે નહિ. પરદ્રવ્ય પણ
રાગાદિ કરાવતા નથી અને અવસ્થામાં પણ જેને
રાગાદિ રહ્યા નથી, તે કેવળજ્ઞાની વીતરાગ છે.

સિદ્ધમાં જે ભાવ હોય, તે જાતિસ્વભાવગુણ કહેવાય.
સિદ્ધ પરમાત્માની જાત અને જીવની જાત જૂદી નથી.
સમયસાર આત્માની શુદ્ધતા એ જ સિદ્ધાંતનો સાર.

## ઊંધી માન્યતા

જીવની ઇચ્છા મુજબ શરીરાદિ ન રહે,
ત્યારે ખેદ થાય કે:
'અરે ! મને કર્મે દબાવ્યો,
કર્મનું ભારે જોર છે !'
પરન્તુ તે માન્યતા જૂઠી છે,
પરનું કરવાની તાકાત
અત્યારે નહિ
અને
પહેલાં પણ ન હતી.
તે માત્ર
ઊંધી માન્યતા હતી.
તે જ્યારે નીકળી જાય,
ત્યારે જ સુખ થાય.
'પરભાવનો હું કર્તા, પરભાવ મારું કર્મ,
પરની ક્રિયા હું કરી શકું' વગેરે
રહેલા જે અનાદિની ઊંધી માન્યતા,
તેનાથી પાછું ફરવું, તે જ સાચું પ્રતિક્રમણ છે.
સ્વસમય - સ્વસન્મુખ. પરસમય - પરસન્મુખ.

શ્રી મહાવીર જિન સ્તવન

સરસ્વતી સ્વામી પાયે લાગું, પ્રણમી સદ્ગુરુ પાયા રે,
ગાઈશું હૈયે હર્ષ ધરીને, શ્રી વર્ધમાન જિનરાયા રે.
મોરા સ્વામી હો, તોરા દરિશન ભલીજે જો,
નરભવ લાહો લીજે જો, સોભાગી જિનના,
વૈરાગી જિનના, અરૂપી જિનના દરિશન ભલીજે રે. - મોરા૦૧
ભારેકર્મી પણ તેં તાર્યા, પાતિકથી ઉગાર્યા રે,
મુજ સરીખા તેં નવિ સંભાર્યા, શું ચિત્તથી ઉતાર્યા રે? - ૨
પથ્થર પણ કોઈ તીર્થ પ્રભાવે, જલમાં દીસે તરતા રે,
તિમ અમે તરશું તુમ પાયે વળગ્યાં, શું રાખો છો અળગાં રે? - ૩
મુજ કરણી સામું મત જોજો, નામ સામું તુમે જોજો રે,
સાહિબ સેવક સવિ દુઃખ હરજો, તુમને મંગળ હોજો રે. - ૪
તરણતારણ તુમે નામ ધરાવો, હું છું ખીજમતગારી રે,
ખાખ કીધા અળગા નઈ જાયું, મોટો નામ તુમારો રે. - ૫
તેહ વિનતીએ સાહિબ તુઠ્યા, શ્રી વર્ધમાન જિનરાયા રે,
આપ ખજાનામાંહીથી આપે, સમકિતરત્ન સવાયા રે. - ૬
શ્રી નયવિજયવિબુધ પદસેવક, વાચક જશ ઈમ બોલે રે,
શાસનનાયક શિવસુખદાયક, નહીં કોઈ વીરજીની તોલે રે.
- મોરા૦૭

## શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન

પુરિસાદાણી પાસજી રે, પાવન પરમ કૃપાળ,
જગજીવન જગવાલહો રે, શરણાગત પ્રતિપાળ.
- મોરા રે સ્વામી

કમઠ હઠ મદભંજણો રે, રંજણો જગત આધાર,
મંગલવેલ વધારણો રે, જિમ પુષ્કલ જલધાર.
- મોરા રે સ્વામી

ત્રિભુવન તિલક સમોવડી રે, દીપે તું જગભાણ,
જાદવ જરા નિવારણો રે, લખ મનોરથ જાણ.
- મોરા રે સ્વામી

જ્વલન જલંતો ઉગારિયો રે, નાગ તે નાગકુમાર,
ઇન્દ્ર તણી પેરે થાપીયો રે, એ તારો ઉપકાર.
- મોરા રે સ્વામી શંખેશ્વરા ચિંતામણિ

પ્રભુ પદ પૂજે પ્રેમશું રે, તેના પાતિક દૂરે પલાય,
અષ્ટમહાસિદ્ધિ સંપજે રે, નામે નવનિધિ થાય.
- મોરા રે સ્વામી

સુર નર દાનવ વિમાનમાં રે, તાહરી તાહરી સેવ,
રાજવિમલ કહે જગતમાં રે, તુંહી દેવન કી દેવ.
- મોરા રે સ્વામી

## રાગ : પ્રભાતી

ઉઠીને મોરા આતમરામ,
જિનમુખ જોવા જઈએ રે,
જિનજીકો દરિસન છે અતિ દોહિલો,
સોહિલો થૈં મત જાણી રે.
વારવાર માનવભવ કેરો, મળવો મુશ્કેલ ટાણો રે.
ઉઠીને મોરા આતમરામ - ૧
આઠ દિવસનો ચટકો મટકો, તે દેખી મત રાચો રે,
વિણસતા જાતાં વાર ન લાગે, કાયા ગઢ છે કાચો રે.
ઉઠીને મોરા આતમરામ - ૨
અનંત ગુણ ભરીયા એ જિનવર, પુરવ પુણ્યે પામ્યો રે,
તેને દેખી દિલમાં આણંદી, કર તું સદા સવાયો રે.
ઉઠીને મોરા આતમરામ - 3
હીરો હાથ અમુલખ આવ્યો, તે દેખી મત ગમજો રે,
રતન સલુણા પાસ જિણંદકું, રાજ થઈને રમજો રે.
ઉઠીને મોરા આતમરામ - ૪
મનગમતાં તું મોરા આતમ, કરજે સુકૃત કમાઈ રે,
લાલ ઉદય જિનચંદ લઈને, વર તું સિદ્ધિ વધાઈ રે.
ઉઠીને મોરા આતમરામ -૫

# શ્રી પંચાસરા પાર્શ્વનાથ સ્તવન

પાટણમાં પ્રગટ પ્રભુ રે, શ્રી પંચાસર પાસ,
પ્રેમ સહિત નિત પૂજતાં રે, પહોંચે વંછિત આસ.
હૈડે હર્ષ ધરીને દેહરે આવો રે ભવિયા ...૧
ત્યાંઈ ચિત્તડું ચોખ્ખું કરીને ભાવના ભાવો રે ભવિયા,
ત્યાંઈ જિનમુખપંકજ ભાળી, સમતા લાવો રે ભવિયા,
ત્યાંઈ કર્મની કોડ પ્રજાળી, સુખડા પાવો રે ભવિયા
સંવત આઠ બિલોતરે રે, પંચાસર વર ગામ
તિહાંથી પ્રભુ પધારીયા રે, ત્યાંઈ શ્રી પાટણ શુભ ઠામ
પ્રભુ ગુણ ગાવો રે ભવિયા ...૨
સુંદર મૂરત સાંવરી રે, તેજ તણો નહિં પાર
અનુભવરસ અવલોકતાં રે, દીસે પલકમાં ભવપાર ...૩
વીતરાગ પરમાત્મા રે, થઈ સેવે વીતરાગ
ધાતુ મિલાવે તેહને રે, ત્યાંઈ પ્રગટ અનુભવ ભાગ ...૪
સમ રસ પર એ પ્રભુ રે પૂરે ભક્તને પરતક્ષ,
વાચક રામવિજય કહે રે, સેવો એ આગમ અલક્ષ ...૫

અંતઃ શૂન્યો બહિઃ શૂન્યઃ શૂન્યઃ કુંભ ઈવામ્બરે ।
અન્તઃ પૂર્ણો બહિઃ પૂર્ણઃ પૂર્ણકુમ્ભ ઈવાર્ણવે ॥
- યોગ વાસિષ્ઠ (પરિશિષ્ટ-૬૯)

## રાગ સારંગ અથવા ભૈરવી

ક્યારે મને મિલશે મારો સંત સનેહી ?
સંત સનેહી સુરીજન પાખે, રાખે ન ધીરજ દેહી.
... ક્યારે - (૧)
જન જન આગળ અંતરગતની, વાતલડી કહું કેહી.
... ક્યારે - (૨)
આનંદઘન પ્રભુ વૈદ્ય વિયોગે, કીમ જીવે મધુમેહી ?
... ક્યારે - (3)

o

## રાગ - માઢ

યા પુદ્ગલકા ક્યા વિશ્વાસા, સુપને વૈસા રે...
ચિમત્કાર બીજલી હૈ જૈસા,
પાની બિચ પતાસા,
યા દેહી કા ગર્વ ન કરના,
જંગલ હોગા વાસા. ...(૧)
જૂઠે તન - ધન જૂઠે જોબન,
જૂઠે હૈ ઘર વાસા,
આનંદઘન કહે સબ હી જૂઠે,
સાચા શિવપુર વાસા. ...(૨)

# પરિશિષ્ટ સૂચિ

પરિશિષ્ટ - ૧ થી ૫ (પૃષ્ઠ ૧):
સર્વ ચિંતાનો ત્યાગ એ 'નિશ્ચિંત યોગ' કહેવાય છે.
૦ આચાર એ પ્રથમ ધર્મ છે. ૦ બાળક રમતમાં રાગી હોય છે. યુવાન યુવતીમાં રાગી હોય છે. વૃદ્ધ ચિંતામાં મગ્ન હોય છે. પરમ બ્રહ્મમાં કોઈપણ લાગ્યું નથી.
૦ જાપથી સો ગણો લાભ ધ્યાનથી થાય. ધ્યાનથી સો ગણો લાભ લયથી થાય.
૦ તે પરાવર (પરમાત્મા) જોયે છતે આ (જીવની) હૃદયની ગ્રંથિ ભેદાય છે, સર્વ શંકાઓ છેદાય છે, કર્મોનો ક્ષય થાય છે.

પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૨)
જ્યારે ક્ષણ - સમય મળે, ત્યારે સામાયિક કરવી.

પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૪):
(૧) મોક્ષના સાધન પ્રત્યે, સમાન સામર્થ્યવાન એવા સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રનો આય = લાભ. (૨) રાગ-દ્વેષને કર્યા વિના રહેવાથી વ્યક્તિને આય = સમ્યગ્ દર્શનાદિ લાભ તે સમાય. (૩) સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવનો લાભ = સમાય અર્થાત્ સાવદ્યયોગનો પરિહાર અને નિરવદ્યયોગમાં પ્રવૃત્તિસ્વરૂપ જે જીવપરિણામ, તેની પ્રાપ્તિ એટલે સમાય.

પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૪):
સર્વ જીવો ઉપર સમભાવ, સંયમપાલન, શુભભાવના, આર્ત-રૌદ્રધ્યાનનો ત્યાગ તે સામાયિક વ્રત છે. ૦ આર્ત-રૌદ્રધ્યાનનો ત્યાગ કરનાર, સાવદ્ય કર્મને છોડનાર જીવની ૧ મુહૂર્તની જે સમતા તે સામાયિક વ્રત જાણવું. ૦ કરવતથી છેદે કે ચંદનનો લેપ કરે : આ બંને ક્રિયા જેમને સમાન છે, એવા મહાત્માઓનું સામાયિક એ જ સર્વજ્ઞ અરિહંત ભગવંતે કહેલું મોક્ષનું શ્રેષ્ઠ કારણ છે. ૦ આ સામાયિક, કુશલ આશયરૂપ અને સર્વ યોગની વિશુદ્ધિવાળું હોવાથી એકાંતે વાસ્તવિક રૂપે નિરવદ્ય છે.
૦ સામાયિકથી વિશુદ્ધ થયેલ આત્મા, કર્મના સર્વથા ક્ષયથી, લોકાલોકને પ્રકાશનાર કેવલ (જ્ઞાન-દર્શન)ને પામે છે.

પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૫):
સામાયિક, સમયિક, સમ્યગ્વાદ, સમાસ, સંક્ષેપ, અનવદ્ય, પરિજ્ઞા અને પચ્ચક્ખાણ - આ આઠ પ્રકારે સામાયિક છે. ૦ દમદંત, મેતાર્ય, કાલિક, પુણીયો શ્રાવક, ચિલાતીપુત્ર, ધર્મરૂચિ, ઈલાતીપુત્ર, તેતલી - આ આઠ સામાયિકના ઉદાહરણ છે. ૦ 'પાચન થાય પછી જ ભોજન કરવું' એમ આત્રેય મુનિ કહે છે. 'પ્રાણીઓ ઉપર દયા કરવી' એમ કપિલ મુનિ કહે છે. 'કોઈનો વિશ્વાસ ન કરવો' એમ બૃહસ્પતિ કહે છે. 'સ્ત્રી સાથે કોમળ વ્યવહાર જ કરવો' એમ પાંચાલ કહે છે. ૦ સામ, સમ, સમ્મ - એમ એક જ છે, અર્થાત્ ત્રણે એક અર્થવાળા છે. તેમાં મધુર પરિણામ તે સામ, તુલા પરિણામ તે સમ અને ખીરખાંડયુક્ત પરિણામ તે સમ્મ કહેવાય. ૦ 'હું સામાયિક કરૂં છું' એનો અર્થ એ છે કે મારે બધા પાપકર્મો ન કરવા યોગ્ય છે, અર્થાત્ મારે કોઈ પાપ કરાય નહીં.

પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૫):
બે ઘડી સમભાવપૂર્વક સામાયિક કરતો શ્રાવક આટલા (૯૨,૫૯,૨૫,૯૨૫) પલ્યોપમ દેવનું આયુષ્ય બાંધે છે. - સંબોધ પ્રકરણ : ૧૨૨૯, ૧૨૩૦ ૦ બે ઘડીનું સામાયિક ચંદ્રાવતંસક રાજાની જેમ ઉત્તમ બુદ્ધિવાળા જીવોને ઘણા કર્મને ભેદનારૂં થાય છે, પરંતુ પાણીનો ફક્ત સ્પર્શ જ મેલ દૂર કરે છે અને પ્રગટેલો દીપક ઘોર અંધકાર દૂર કરે છે (તેમ સામાયિક કરીએ તો કર્મો દૂર થાય છે). ૦ દરરોજ ૧ વ્યક્તિ ૧ લાખ ખાંડી પ્રમાણ સોનું દાનમાં આપે અને બીજો વ્યક્તિ સામાયિક કરે, તો સોનાનાં દાન કરતા સામાયિકનું પુણ્ય વધી જાય છે.

પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૬):
ચંડપ્રદ્યોત રાજાને મુક્તિ આપનાર ઉદાયન રાજાની જેમ સામાયિક શત્રુ અને મિત્ર પ્રત્યે સમતાની સિદ્ધિ માટે થાય છે.

૦ જેમ અપ્રગટ કોઢવાળાને સારા ચંદનનું વિલેપન બહિરંગ શુદ્ધિ માટે થાય છે, તેમ કપટથી સામાયિક કરનારને બહિરંગ શુદ્ધિ થાય. જો સર્વ સામાયિક કરવા માટે અર્થાત્ સર્વવિરતિ લેવા માટે અશક્ત હોય તો દેશ સામાયિક અર્થાત્ બે ઘડીનું સામાયિક વારંવાર કરે તથા નિર્વ્યાપાર અર્થાત્ નવરો થયેલ વ્યક્તિ જ્યાં વિશ્રામ કરે કે જ્યાં બેસે, ત્યાં સર્વત્ર સામાયિક કરે. - આવશ્યક ચૂર્ણિ

પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૬):
જીવ બહુલતાએ ઘણા કાર્યોમાં પ્રમાદવાળો છે, તેથી જ વારંવાર સામાયિક કરવું જોઈએ (એમ કહેવાયું છે). - આવશ્યક નિર્યુક્તિઃ ૮૦૨
૦ તીવ્ર તપને તપતો જીવ, ક્રોડો ભવથી પણ જે કર્મો ન ખપાવી શકે, તે કર્મ સમતાયુક્ત ચિત્તવાળો જીવ ક્ષણમાત્રમાં ખપાવે છે.
૦ જે કોઈપણ જીવો મોક્ષમાં ગયા, જાય છે અને જશે, તે સામાયિકના માહાત્મ્યથી જાણવા. - સંબોધ પ્રકરણઃ ૧૨૩૨, ૧૨૩૩
૦ ન હોમ કરે, ન તપ કરે અને કંઈ દાન ન કરે તો પણ મૂલ્ય વિના માત્ર સમતા વડે નિવૃત્તિઃ (મોક્ષ) ખરીદાયેલી છે. માત્ર તીવ્ર તપ, જપ અને ચારિત્રથી શું થાય? કારણકે સમતા વિના મોક્ષ ક્યારેય પણ થયો નથી, થતો નથી. - ભગવતી સૂત્ર

પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૯):
ઉપયોગ રાખવો એ જ ભાવ છે (એવું વચન છે). ૦ જે અલ્પાક્ષરી, સંદેહરહિત, શ્રેષ્ઠ, સર્વત્ર પ્રકાશક, અધિકતાવર્જિત, નિષ્પાપ હોય, તેને વિદ્વાનો 'સૂત્ર' કહે છે.
૦ (૧) મુહપત્તિ (૨) ચોલપટ્ટો (૩, ૪, ૫) એક ઉનનું, બે સુતરાઉ એટલે ૩ કપડા કલ્પત્રિક (૬, ૭) એક સુતરાઉ અંદરનું અને એક ગરમ બહારનું આસન - એમ બે ઓઘાના નિશેથિયા. (૮) રજોહરણ (૯) સંથારો (૧૦) ઉત્તરપટ્ટો - આ દશ ઉપકરણોની પડિલેહણા પૂર્ણ કરતા સૂર્યોદય થાય. - પ્રવચન સારોદ્ધારઃ ૫૯૧
૦ કેટલાક એમ કહે છે કે દાંડો એ પડિલેહણનું અગ્યારમું ઉપકરણ છે.
૦ દિવસના ત્રીજા પ્રહરે ચૌદ ઉપકરણો (૭ પાત્રા, ૭ વસ્ત્ર)પડિલેહે. ઉગ્ઘાડા પોરસી વખતે પાત્રાની ઉપધિ પડિલેહણ કરે. ૦ છ વ્રત અને છ કાયની રક્ષા, પાંચ ઈન્દ્રિય અને લોભનો નિગ્રહ, ક્ષમા અને ભાવની વિશુદ્ધિ પડિલેહણ કરવામાં આટલી વિશુદ્ધિ કરવી (કહેલી છે.) ૦ સંયમયોગથી યુક્ત અકુશળ મન-વચન-કાયાનો સમ્યગ્ અટકાવ, શીતાદિ પરિષહો સહન કરવા, મરણાંત ઉપસર્ગ સહન કરવા. ૦ વિષયસુખથી અટકેલા, વિશુદ્ધ ચારિત્રના નિયમવાળા તથા ગુણને સાધનારા - આવા (આભ્યંતર) સાધનાકૃત્યમાં ઉદ્યમવાળાને નમસ્કાર થાઓ.

પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૦):
અરિહંતનાં ૧૨ ગુણ, સિદ્ધનાં ૮ ગુણ, સૂરિનાં ૩૬ ગુણ, ઉપાધ્યાયના ૨૫ ગુણ, સાધુના ૨૭ ગુણ - એમ પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણ છે.

० વિનયને આધિન વિદ્યા આ લોક અને પરલોકમાં ફલ આપે છે. જેમ પાણી વિના ધાન્ય ઉગતા નથી, તેમ વિનય વિના વિદ્યા ફળતી નથી.
० જિનવરોની ભક્તિથી પૂર્વસંચિત કર્મો ક્ષય પામે છે, આચાર્યના નમસ્કાર વડે વિદ્યા તથા મંત્રો પણ સિદ્ધ થાય છે.
० વ્યવહાર, આવશ્યક, મહાનિશિથ, ભગવતી સૂત્ર, પ્રતિક્રમણની ચૂર્ણિ વગેરેમાં પહેલા ઈરિયાવહિયા પ્રતિક્રમણ આવે છે.
० ઈરિયાવહિયા પડિકમ્યા વિના ચૈત્યવંદન, સ્વાધ્યાય, આવશ્યક આદિ કંઈપણ કરવું કલ્પતું નથી.
० 'જે દુષ્કૃત થયા, તે મિથ્યા થાઓ' એમ કહીને ફરીથી નહીં કરતો ત્રણે પ્રકારે (મન-વચન-કાયા) પ્રતિક્રમણ કરતો હોય, તેનું દુષ્કૃત્ય મિથ્યા થાય છે.
० 'જે દુષ્કૃત થયા, તે મિથ્યા થાઓ' એમ કહીને તે જ પાપને ફરીથી સેવે છે, તે પ્રત્યક્ષ મૃષાવાદવાળો અને માયા-કપટના નિબિડ પ્રસંગવાળો થાય છે.

પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૫):
પરલોકની સત્તા એટલે કે સિદ્ધિ જણાવનાર અનુમાન આ પ્રમાણે છેઃ
કાર્ય હોય તે બીજા કાર્યથી ઉત્પન્ન થયેલું હોય છે, કારણકે તે બીજા કાર્યની જેમ કાર્ય છે. આ જન્મ પણ કાર્ય છે, કારણકે તે કાર્ય સિવાય (અર્થાત્ પરલોક કે પૂર્વભવનાં જન્મ સિવાય) હોતો નથી.

પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૨૫):
ઈન્દ્રિય બે પ્રકારે છે : દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. દ્રવ્યેન્દ્રિય એટલે સ્પર્શેન્દ્રિય આદિ આકારે પરિણત થયેલા પુદ્‌ગલદ્રવ્યો. ભાવેન્દ્રિય એટલે સ્પર્શાદિને વિષે થયેલ અભિલાષના ઉપાયરૂપ. તેમનો જય એટલે આસક્તિનો ત્યાગ કરવાપૂર્વક રહેવું તે. **પ્રશ્નઃ** દુર્જય એવી ઈન્દ્રિયનો જય કરવામાં અસાધારણ ઉપાય કયો છે? **જવાબઃ** મનની શુદ્ધિ-નિર્મળતાથી ઈન્દ્રિયનો જય થાય છે. તેમ કરવાના અન્ય ઉપાયો પણ છે, જેમ કે : યમ-નિયમ, વૃદ્ધસેવા, શાસ્ત્રાભ્યાસ વગેરે, પરંતુ સૌથી શ્રેષ્ઠ ઉપાય મનની શુદ્ધિ જ છે. અન્ય કારણો એકાન્તિક કે આત્યન્તિક નથી, કારણકે જો મન અવિશુદ્ધ હોય, તો યમ-નિયમ આદિ હોવા છતાં તે ઈન્દ્રિયજયના કારણ બની શકતા નથી. મનની શુદ્ધિ કેટલાકને મરૂદેવા માતા વિગેરેની જેમ સ્વભાવથી જ થાય છે અને કેટલાકને યમ-નિયમ આદિ ઉપાય કરવાથી-મનનું નિયંત્રણ થવાથી થાય છે.

પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૨૬):
પ્ર. - આ મનની શુદ્ધિ એટલે શું?
જ. - વિશુદ્ધ લેશ્યા વડે મનની નિર્મળતા.
પ્ર. - તો લેશ્યા એટલે શું?
જ. - કૃષ્ણાદિ દ્રવ્યના સાહચર્યથી થયેલો આત્માનો તેને અનુરૂપ પરિણામ અને કૃષ્ણાદિ દ્રવ્યો એટલે - પ્રવાહિત થયેલી સકલ કર્મપ્રકૃતિ, તે ઉપાધિથી થયેલી ભાવલેશ્યા એ કર્મસ્થિતિનું કારણ છે અને આ લેશ્યાઓ અશુદ્ધતમ-અશુદ્ધતર-અશુદ્ધ, શુદ્ધ-શુદ્ધતર-શુદ્ધતમ આત્મપરિણામરૂપ છે. જે જાંબુના ફળને ખાનારનાં દ્રષ્ટાંતથી અને ગામને લુંટનારાના દષ્ટાંતથી જાણવી. એમાં પહેલી ત્રણ અપ્રશસ્ત છે અને પછીની ત્રણ પ્રશસ્ત છે. આ લેશ્યાઓ મનુષ્યને પરિવર્તનશીલ હોય છે અને તેથી જ્યારે પાછળની ત્રણ લેશ્યાઓ આત્માની હોય છે, ત્યારે 'મનની વિશુદ્ધિ' છે, એ પ્રમાણે કહેવાય છે. મરણકાળે જેવી લેશ્યા હોય, તેને અનુરૂપ ગતિમાં આત્મા જાય. 'જે લેશ્યામાં મરે, તે લેશ્યામાં ઉત્પન્ન થાય છે.' લૌકિકો પણ એમ કહે છે કે :

'હે ભરત શ્રેષ્ઠ! મનુષ્યોની અંતે જેવી મતિ હોય, તેવી ગતિ થાય છે.'
અહીં મતિ એટલે ચેતનામાત્ર એમ કહો, તો 'જેવી મતિ તેવી ગતિ' એ વાક્ય શું કોઈની સાથે સંગત થાય? 'અશુદ્ધતમ વગેરે પરિણામયુક્ત હોય, તેને મતિ કહેવાય', એમ જો કહેતા હો તો આ પારમર્ષ વચન એ જ પ્રમાણે અર્થાત્ બરાબર છે.
આનાથી વધારે વિસ્તાર વડે સર્યું. આ પ્રમાણે અશુદ્ધ લેશ્યાનો ત્યાગ અને વિશુદ્ધ લેશ્યાના સ્વીકાર વડે મનની શુદ્ધિ કહી છે.

પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૩૭):
આ રીતે અર્હંનાં પદસ્થ ધ્યાન પછી નાદ વગેરેથી (અ, રેફ, બિન્દુ અને કલાદિ) રહિત ઉજ્જવળ 'હ' વર્ણનું ધ્યાન કરવું. આ 'હ' અક્ષરભાવને પ્રાપ્ત કહેવાય છે. તે 'હ' હવે વર્ણમાત્ર (વાચાથી ૧૫ અનુચ્ચાર્ય) રહે અને અનક્ષરતાને પામે, તે માટે તેને ચન્દ્રાકારે ચિંતવવો. આ રીતે સૂક્ષ્મ લક્ષ્ય (ચન્દ્રકલા)માં સ્થિર થયેલાને ચન્દ્રકલાનાં આકારવાળા શ્રી અનાહત દેવનાં દર્શન થાય છે. પછી તે અનાહત-ચન્દ્રકલાને સૂક્ષ્માતિસૂક્ષ્મ - વાલાગ્રસદશ - બિન્દુરૂપ ચિંતવવી. પછી તે લક્ષ્યથી પણ મનને ખસેડી લેવું. તે પછી યોગી વિશ્વને જ્યોતિર્મય જૂએ છે.

- નમસ્કાર સ્વાધ્યાયઃ ૪૫૫-૪૫૬, ૫૯-૬૦

પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૩૮):
શબ્દજાપથી મૌનજાપ, તેનાથી અર્થજાપ, તેનાથી ચિત્તસ્થજાપ કલ્યાણકારી છે, અથવા અહીં આત્માધ્યેયૈક્ય જાપ સર્વસ્વ છે.

પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૩૮):
ચિત્તને હરણ કરનારી સ્ત્રીઓ, અનુકૂળ સ્વજન, સારા ભાઈઓ, પ્રેમાળ વાણીવાળા સેવકો, ગર્જના કરતાં હાથીના સમૂહો, ચપળ ઘોડાઓ (આ બધું હોય), પણ આંખ મીંચાઈ જાય પછી કાંઈ નથી (અહીં જ રહે છે, પરલોકમાં સાથે આવતું નથી).

પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૩૮):
'અર્હં' મંત્રરાજનો જાપ ક્ષય, અરૂચિ, અપચો, કોઢ, આમરોગ, ખાંસી, શ્વાસ વગેરે (રોગો)નો નાશ કરે છે. આ જાપ કરનાર અપ્રતિમ વાણીવાળો બને છે, મહાપુરૂષોની પણ પૂજાને પ્રાપ્ત કરે છે ને પરલોકમાં ઉત્તમ પુરૂષોએ પ્રાપ્ત કરેલી ગતિને મેળવે છે.

પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૩૮):
હે મુનિવર! તું અજ્ઞાનરૂપ અંધકારથી રહિત, ઘન એવા ચંદ્ર-કિરણોનાં જેવી ગૌર કાંતિવાળા અને સાક્ષાત્ જિનપતિ સમાન એવા મંત્રરાજ 'અર્હં' (નાભિગત) સુવર્ણકમલની મધ્યમાં વિરાજમાન છે, એમ પ્રથમ ચિંતવ! તે પછી તે આકાશમાં જાય છે અને સર્વ દિશાઓમાં સંચરે છે, એમ ચિંતવ!

પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૩૯):
આ પ્રકારે સર્વત્ર જતાં એવા 'અર્હં'નું એક ચિત્તથી ધ્યાન કરતો અને તેમાં લીન થતો યોગી સ્વપ્નમાં પણ એ 'અર્હં' સિવાય બીજું જોતો નથી. ૦ એ રીતે 'અર્હં' એ અરિહંતની સાક્ષાત સર્વ વર્ણમય મૂર્તિ છે, એ 'અર્હં'નું સંપૂર્ણ મેરૂદંડમાં (મેરૂદંડગત સુષુમણા નાડીમાં) ધ્યાન કરનાર સૂરિજી ભગવંત ભ્રાંતિરહિત થઈને સર્વ આગમોના અર્થના પ્રવક્તા બને છે.

પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૩૯):
પવિત્ર ગંગા નદીને તીરે બરફની શિલા ઉપર પદ્માસન વાળીને હું બ્રહ્મધ્યાનમાં મગ્ન થવા માટે યોગીની નિદ્રા (સમાધિ)માં લીન થયેલો હોઉં અને હરણો નિર્ભય બનીને

મારી પાસે આવીને મારા શરીર સાથે પોતાનાં શીંગડાં મુક્ત રીતે ઘસતાં હોય, એવા શુભ દિવસો શું મને જોવા મળશે?
આ શ્લોકમાં તત્ત્વજ્ઞાનરૂપ વિભાવ, અધ્યાત્મચિંતન રૂપ અનુભાવ તેમ જ ધૃતિ, નિર્વેદ આદિ વ્યભિચારી ભાવોથી શમ - સ્થાયીભાવ ચર્વણાપાત્ર થઈ શાંતરસના રૂપમાં આસ્વાદાય છે.

પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૩૯):
વૃત્તિમાં સૂત્રાર્થ સમજાવતાં ગ્રંથકાર કહે છેઃ
'વૈરાગ્ય, સંસારનો ડર લાગવો, તત્ત્વજ્ઞાન, વીતરાગ, પરિશીલન તથા પરમેશ્વરનો અનુગ્રહ વગેરે જેના વિભાવો છે, યમ, નિયમ, અધ્યાત્મ તથા શાસ્ત્રનું ચિંતન વગેરે જેના અનુભાવો છે અને ધૃતિ, સ્મૃતિ, નિર્વેદ તથા મતિ વગેરે જેના વ્યભિચારી ભાવો છે, એ સમસ્ત ઈચ્છાઓ - આકાંક્ષાઓ - અભિલાષાઓની સમાપ્તિરૂપ 'તૃષ્ણાક્ષય' નામનો સ્થાયીભાવ જ્યારે આસ્વાદાય છે ત્યારે તે જ શાંતરસ કહેવાય છે. આનું ઉદાહરણ ભર્તૃહરિના 'વૈરાગ્યશતક'નાં અઢારમાં શ્લોક ગંગાતીરેમાં મળે છે.

પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૪૫):
જેણે હંસોને સફેદ, પોપટોને લીલો, મોરોને રંગબેરંગી બનાવ્યા, તે મારું ધ્યાન રાખશે.
- ધ્રુવ ભા.

પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૪૫):
હું જન્મ્યો જ નથી તો જન્મ અને મૃત્યુ મને ક્યાંથી હોય?
હું પ્રાણ નથી તો ભૂખ અને તરસ મને ક્યાંથી હોય?
હું ચિત્ત નથી તો શોક અને મોહ મને ક્યાંથી હોય?
હું કર્તા નથી તો બંધ અને મોક્ષ મને ક્યાંથી હોય?

પરિશિષ્ટ - ૨૮ (પૃષ્ઠ ૫૦):
જેમ પાપ કરનાર ચોર ખાતર પાડતાં કે ચોરી કરતાં પકડાઈ જતાં તેને પકડનારાઓ કાપી-મારી નાંખે છે, તેમ જીવ આલોક-પરલોકમાં પોતે કરેલ કર્મ અને એ કર્મે કરેલ વિવિધ બાધાઓથી પીડાય છે, કેમકે કરેલા કર્મોને ભોગવ્યા સિવાય છુટકો નથી.
- ઉત્તરા. ૪-૩

પરિશિષ્ટ - ૨૯ (પૃષ્ઠ ૫૦):
તે જોઈને આશ્ચર્યચકિત બનેલા બ્રાહ્મણો પણ આ પ્રમાણે બોલે છે કે ખરેખર, સાક્ષાત્ તપનું માહાત્મ્ય જ દેખાય છે, પરંતુ જાતિનું થોડું પણ માહાત્મ્ય દેખાતું નથી, કારણકે ચંડાલ પુત્ર હરિકેશ સાધુને તમે આંખો ખોલી જુઓ કે જે મુનિની પાસે દેવસાન્નિધ્ય રૂપી અત્યંત માહાત્મ્યવાળી ઋદ્ધિ છે. - ઉત્તરા. ૧૨-૩૭

પરિશિષ્ટ - ૩૦ (પૃષ્ઠ ૫૦):
પૃથ્વીકાય વગેરે ષડ્જીવનિકાય અહિંસાનું પાલન કરનારા તેમ જ અસત્ય અને ચોરીને નહીં આચરનારા, મૂર્ચ્છારૂપ પરિગ્રહને, સ્ત્રીઓને, માન વગરે ચાર કષાયોને અર્થાત્ આ સઘળાને જ્ઞપરિજ્ઞાથી 'આ પાપનું બીજ છે' એમ જાણો.

પ્રત્યાખાન પરિજ્ઞાથી છોડીને જિતેન્દ્રિય પુરુષો યજ્ઞમાં પ્રવૃત્તિ કરે છે અર્થાત્ તત્વજ્ઞ પુરુષો અહિંસાદિ પ્રધાન યજ્ઞમાં પ્રવૃત્તિ કરવી, એમ ઈચ્છે છે. - ઉત્તરા. ૧૨-૪૧

પરિશિષ્ટ - ૩૧ (પૃષ્ઠ ૫૧):
જે સ્વજન આદિમાં આસકત નથી, પ્રવજ્યા લેવામાં ખેદ નથી કરતાં અને જે આર્યવચનોમાં રમણ કરે છે, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ. - ઉત્તરા. ૨૫-૨૦

પરિશિષ્ટ - ૩૨ (પૃષ્ઠ ૫૧):
જેવી રીતે અગ્નિથી શુદ્ધ કરેલું સોનું નિર્મળ છે, એવી રીતે જે રાગ-દ્વેષ અને ભયથી મુકત છે, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ. - ઉત્તરા. ૨૫-૨૧

પરિશિષ્ટ - ૩૩ (પૃષ્ઠ ૫૧):
જે તપસ્વી છે, જે કૃશ છે અને જે ઈન્દ્રિયોને દમનાર છે, જેનું માંસ - લોહી સુકાઈ ગયું છે કે થોડું રહ્યું છે, જે સુવ્રતનાં પાલનથી નિર્વાણ મેળવનાર છે, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ. - ઉત્તરા. ૨૫-૨૨

પરિશિષ્ટ - ૩૪ (પૃષ્ઠ ૫૧):
જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓને સંક્ષેપ અને વિસ્તારથી માનીને હિંસા કરતા નથી, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ. - ઉત્તરા. ૨૫-૨૩

પરિશિષ્ટ - ૩૫ (પૃષ્ઠ ૫૧):
જે ક્રોધથી, લોભથી, હાસ્યથી, ભયથી જૂઠ્ઠું બોલતો નથી, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ. - ઉત્તરા. ૨૫-૨૪

પરિશિષ્ટ - ૩૬ (પૃષ્ઠ ૫૧):
જે સચિત્ત હોય, અચિત્ત હોય, થોડા હોય કે વધુ હોય, પરંતુ જે આપ્યા વિના કંઈ લેતો નથી, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ. - ઉત્તરા. ૨૫-૨૫

પરિશિષ્ટ - ૩૭ (પૃષ્ઠ ૫૨):
જે દેવ, મનુષ્ય અને તિર્યંચ વિષે મન, વાણી અને કર્મથી મૈથુન સેવતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. - ઉત્તરા. ૨૫-૨૬

પરિશિષ્ટ - ૩૮ (પૃષ્ઠ ૫૨):
જેમ પદ્મ-કમલ પાણીમાં જન્મે છે, છતાં પાણીથી અલિપ્ત રહે છે, તેમ જે બ્રાહ્મણ છે, તે સંસારથી - કામોથી અલિપ્ત રહે છે, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ.
- ઉત્તરા. ૨૫-૨૭

પરિશિષ્ટ - ૩૯ (પૃષ્ઠ ૫૨):
જે લોલુપતારહિત, ભિક્ષાજીવી, અણગાર, અકિંચન અને ગૃહસ્થોમાં આસક્તિ નથી રાખતો, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ. - ઉત્તરા. ૨૫-૨૮

પરિશિષ્ટ - ૪૦ (પૃષ્ઠ ૫૨):
જ્ઞાતિ અને બંધુજનોના પૂર્વ સંયોગ છોડીને જે ભોગોમાં આસક્તિ નથી રાખતો, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ. - ઉત્તરા. ૨૫-૨૯

પરિશિષ્ટ - ૪૧ (પૃષ્ઠ ૫૨):
જે દ્રવ્ય - ગુણ - પર્યાય વડે અરિહંત ભગવાનને જાણે છે, તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ ખરેખર નાશ પામ્યો છે. - સંગ્રહ શતક

પરિશિષ્ટ - ૪૨ (પૃષ્ઠ ૫૩):
પાંચ સંવરથી સંવૃત્ત, અસંયમી જીવનને નહીં ચાહવાવાળો, શરીરનો ત્યાગ કરનાર,

નિર્મળ વ્રતી, શરીરનાં મમત્વનાં ત્યાગરૂપ મહાન જયી શ્રેષ્ઠ યજ્ઞનું અનુષ્ઠાન કરે.

પરિશિષ્ટ - ૪૩ (પૃષ્ઠ ૫૩):
બધા વેદોમાં પશુવધ બંધ માટે ને યજ્ઞ પાપ-કર્મનો હેતુ છે. યજ્ઞ-યજ્ઞકર્તા દૂરાચારીનું રક્ષણ કરતો નથી. કર્મ પોતાનું ફલ આપવામાં સમર્થ છે. - ઉત્તરા. ૨૫-૩૦

પરિશિષ્ટ - ૪૪ (પૃષ્ઠ ૫૪):
(૧) માર્ગાનુસારિતા = સદ્અંધ (પુણ્યશાળી આંધળો) ન્યાય વડે માર્ગને અનુસરવાના સ્વભાવવાળો હોય (ન્યાય એટલે જેમ અંધપુરૂષને માર્ગ દેખાતો નથી પણ કોઈ સત્પુરૂષ માર્ગ બતાવે, તો તેને અનુસરી ચાલવા માંડે તેમ). (૨)શ્રદ્ધા-શુદ્ધ અનુષ્ઠાનના (શાસ્ત્રવિહિત) પાલનમાં તીવ્ર રૂચિ હોય. (૩) પ્રાજ્ઞપ્રજ્ઞાપનારતિ જે સાંભળ્યું હોય તે વાતના પાલનમાં આસક્તિવાળો હોય. (૪) ગુણાનુરાગ - ગુણવાન પ્રત્યે અંતરંગ બહુમાનવાળો હોય. (૫) શક્યારંભ - પ્રયત્નથી સાધ્ય હોય તેવા સ્વીકારેલા ધર્માદિની પ્રવૃત્તિવાળો હોય. આ બધા અવક્રગામીનાં લિંગો છે.

પરિશિષ્ટ - ૪૫ (પૃષ્ઠ ૫૪)
તેઓની પુરૂષ રૂપે ગણતરી થતી નથી, જેઓ શિખામણ આપવામાં હોંશિયાર હોય. જે સ્વશિખામણ દેવામાં હોંશિયાર હોય, તે પુરૂષોની ગણતરી 'પુરૂષ' રૂપે થાય છે.

પરિશિષ્ટ - ૪૬ (પૃષ્ઠ ૫૪)
કમળનાં મધ્યભાગનાં કેન્દ્રમાં અનાદિસિદ્ધ વર્ણોનું ધ્યાન કરતાં ધ્યાતાને, નાશ પામી ગયેલો વિષયબોધ પ્રાપ્ત થાય છે.

પરિશિષ્ટ - ૪૭ (પૃષ્ઠ ૫૪)
મનના મેલનો ત્યાગ તે સ્નાન છે. અભયની દક્ષિણા તે દાન છે. તત્ત્વ અને અર્થનો સાચો બોધ તે જ્ઞાન છે. વિષય વગરનું મન થવું તે ધ્યાન છે.

પરિશિષ્ટ - ૪૮ (પૃષ્ઠ ૫૫):
સ્મરણ, કીર્તન, જોવું, ગુપ્ત વાત કહેવી, સંકલ્પ કરવો, અધ્યવસાય થવો, ક્રિયાની પૂર્ણતા અને ક્રીડા આ આઠ કેલિ એટલે કે ક્રીડા છે.

પરિશિષ્ટ - ૪૯ (પૃષ્ઠ ૫૫):
વિષ્ણુનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવા, પૂજા-અર્ચન, વંદન, દાસ્યભાવ, સખ્યભાવ અને આત્મનિવેદન - એમ ૯ પ્રકારની ભક્તિ છે.

પરિશિષ્ટ - ૫૦ (પૃષ્ઠ ૫૬):
અપાર જ્ઞાનના સુખસાગર સમાન જેનું ચિત્ત આ પરમબ્રહ્મમાં લીન છે, તેનું કુળ પવિત્ર, માતા કૃતાર્થ છે. તેના વડે પૃથ્વી પુણ્યશાળી છે.

પરિશિષ્ટ - ૫૧ (પૃષ્ઠ ૫૬):
નિરપેક્ષ - અખંડ અનંત જ્ઞાનમાત્ર મૂર્તિ, સ્વની અનુભૂતિરૂપ એક સારભૂત શાંત તેજને નમસ્કાર થાઓ.

પરિશિષ્ટ - ૫૨ (પૃષ્ઠ ૫૭):
ખરેખર, ઉંમર એ તેજનું કારણ નથી.

પરિશિષ્ટ - ૫૩ (પૃષ્ઠ ૬૬):
આત્મગવેષક મનુષ્ય માટે વિભૂષા, સ્ત્રીસંસર્ગ અને વિગઈવાળો આહાર તાલપુટ વિષ સમાન છે.
- દશવૈકા. ૮-૫૭

પરિશિષ્ટ - ૫૪ (પૃષ્ઠ ૬૬):
સંયમની આચરણા કરતો મુનિ દેહની રક્ષા માટે નિત્ય તપની આચરણામાં એક વાર ભોજન કરે, એમ તીર્થંકર ભગવાને કહ્યું છે.
- દશવૈકા. ૬-૨૩

પરિશિષ્ટ - ૫૫ (પૃષ્ઠ ૬૬):
વાતચીત કરવાથી, શરીરનો સ્પર્શ કરવાથી, સાથે સૂવાથી, સાથે ભોજન કરવાથી પાપનો એકબીજામાં સંચાર થાય છે તથા પૂણ્ય (સામી વ્યક્તિમાં) પ્રવેશે છે.
- નારદ પાંચરાત્ર

પરિશિષ્ટ - ૫૬ (પૃષ્ઠ ૬૬):
તેથી પંડિત હંમેશા ભકતોની સાથે જ વાતચીત કરે. જેવી રીતે દુષ્ટ સર્પથી માણસ દૂર રહે, તેમ અભકતના સંપર્કથી તે દૂર રહે છે.

પરિશિષ્ટ - ૫૭ (પૃષ્ઠ ૬૬):
જગતના જીવોનો નિસ્તાર કરવામાં વહાણ સમાન, સમતારૂપી બગીચામાં વિશ્રામ કરતા અત્યંત લીન ચિત્તવાળા, અનેક દેવો અને ઈન્દ્રોથી નમસ્કાર કરાયેલ ચરણકમળવાળા દેવાધિદેવ શ્રી સીમંધરસ્વામીની હું સ્તુતિ કરૂં છું.

પરિશિષ્ટ - ૫૮ (પૃષ્ઠ ૬૭):
આવતા એવા આતતાયીને (આત્માના શત્રુને) વિચાર્યા વગર જ હણી નાખવો, કારણકે આતતાયીના (આત્માના શત્રુના) વધમાં હણનારને કોઈ દોષ નથી.

- મનુસ્મૃતિ ૮-૩૫૦-૫૧

પરિશિષ્ટ - ૫૯ (પૃષ્ઠ ૬૭):
અગ્નિદ, ગરદ, હાથમાં શસ્ત્રવાળો, ધન હરનારો, ખેતર અને સ્ત્રી હરનારો (ક્રોધ, માન, માયા, લોભ, મદ, કામ), આ ૬ આતતાયી છે.

પરિશિષ્ટ - ૬૦ (પૃષ્ઠ ૬૭):
જેની ક્રિયા, કુલ કે પરાક્રમ જાણતા ન હોય, પોતાનું કલ્યાણ ઈચ્છતો ડાહ્યો માણસ તેનો વિશ્વાસ કરે નહિં.

પરિશિષ્ટ - ૬૧ (પૃષ્ઠ ૬૭):
'મારો અપરાધ નથી' આવું વચન વિશ્વાસનું કારણ બનતું નથી, કારણકે ગુણવાનોને પણ હિંસક પુરુષો તરફથી ભય હોય છે.

પરિશિષ્ટ - ૬૨ (પૃષ્ઠ ૬૮):
કાર્ય - કારણ વિના જ્યાં અતિ આદર થાય, ત્યાં શંકા કરવી, તે પરિણામે તો તેને સુખકારી જ થાય છે.

પરિશિષ્ટ - ૬૩ (પૃષ્ઠ ૬૮):
અસતી લજ્જાવાળી હોય છે, ખારૂં પાણી નિર્મળ હોય છે, દંભી વિવેકી હોય છે, ધૂર્ત માણસ પ્રિય બોલનારો હોય છે.

પરિશિષ્ટ - ૬૪ (પૃષ્ઠ ૬૯):
જે માણસ જેવો હોય, તેના પ્રત્યે તેવું વર્તન કરવું તે ધર્મ છે. માયાવી સાથે માયા કરવી અને સજ્જન સાથે સારી રીતે વર્તવું જોઇએ. - નીતિશાસ્ત્ર

પરિશિષ્ટ - ૬૫ (પૃષ્ઠ ૬૯):
જેઓ માયાવી સાથે માયાવી થતા નથી, તે મૂઢ બુદ્ધિવાળા પરાભવ પામે છે. તેવા પ્રકારના તીક્ષ્ણ બાણો ઢાંકેલા ગાત્રવાળાને અંદર પ્રવેશીને હણે છે. - નીતિશાસ્ત્ર


પરિશિષ્ટ - ૬૬ (પૃષ્ઠ ૮૮):
પૃથ્વી ઉપર કોઇક ગુણી પુરુષ જાગે, તે માટે આ સાચો માર્મિક પ્રયત્ન છે.

પરિશિષ્ટ - ૬૭ (પૃષ્ઠ ૧૦૩):
મણિ ચરણોમાં આળોટે અને કાચ માથે ધારણ કરાય તો પણ પરીક્ષકના હાથમાં આવે તો મણિ-મણિ તરીકે અને કાચ - કાચ તરીકે જ ઓળખાય છે.

પરિશિષ્ટ - ૬૮ (પૃષ્ઠ ૧૧૭):
જે ધર્મમાં વિષય પ્રત્યે વિરાગ, કષાયનો ત્યાગ, ગુણમાં અનુરાગ અને ક્રિયામાં અપ્રમાદ છે, તે ધર્મ શિવસુખનો ઉપાય છે.

પરિશિષ્ટ - ૬૯ (પૃષ્ઠ ૨૦૧):
આકાશમાં રહેલો ખાલી કળશ અંદર અને બહારથી પણ ખાલી હોય છે. સમુદ્રમાં રહેલો પૂર્ણ કળશ અંદર અને બહારથી પણ પૂર્ણ હોય છે.




ઉપર દર્શાવેલ ૨ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૩૨-૧૯૩૪-૧૯૪૬-૧૯૪૭નાં સમયગાળામાં લખાયેલ છે, જે અહીં સંકલિત કરેલ છે.




ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લીં અર્હં પાર્શ્વનાથાય નમઃ।

ૐ હ્રાં હ્રીં હ્રું હ્રૂં હ્રેં હ્રૈં હ્રોં હ્રૌં હ્રઃ અસિઆઉસા
જ્ઞાન દર્શન ચારિત્રેભ્યો નમો નમઃ।

ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લૂં હ્રીં ફુટ્ ફુટ્ સ્વાહા।

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in